૧૩ વર્ષની વોરંટી
ઉદય પેસ્ટ કંટ્રોલ
પાણી પહેલા પાળ બાંધો
નેનો ટેકનોલોજી દ્વારા
વોટર પ્રુફીંગ
ભક્તિ એન્ટરપ્રાઈઝ
વિરાણી ચોક, રાજકોટ.
Mo. 74051 50005

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૩ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૦-૫-૨૦૨૪ – શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૨૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

jai ganga
SOLAR WATER HEATER
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239







PANORAMIC SUNROOF | VENTILATED SEATS | 6 AIRBAGS | EV MODE | SMARTPLAY PRO+ | DIGITAL MULTI-INFORMATION DISPLAY

NEXA Safety Shield
- SUZUKI-TECT BODY
- DUAL FRONT AIRBAGS
- ESP
- SEAT BELT PRE-TENSIONERS WITH FORCE LIMITERS
- ISOFIX CHILD SEAT ANCHORAGES
- PEDESTRIAN PROTECTION COMPLIANCE
- COMPLIANT WITH –
  - FULL FRONTAL IMPACT
  - FRONTAL OFFSET IMPACT
  - SIDE IMPACT

Features and accessories shown may not be a part of standard fitment. Black glass shade on the vehicle is due to lighting effect. Images used are for illustration purposes only.

**"VISIT YOUR NEAREST NEXA DEALERSHIP TO GET EXCITING OFFERS UP TO ₹ 74 000*"**

Know more about the Advanced Grand Vitara | Scan to chat on WhatsApp

**RAJKOT: NEXA SHITAL PARK** (ATUL MOTORS PRIVATE LIMITED PH: 8140555222),
**NEXA BHAKTINAGAR** (KATARIA AUTOMOBILES PH: 7572900000),
**NEXA GONDAL ROAD** (PERFECT AUTO SERVICES PH: 7043999063).

Contact us at **1800-200-[6392], 1800-102-[NEXA]** and visit **www.nexaexperience.com** to book online.

**8 YEAR WARRANTY ON THE BATTERY^**
Maruti Suzuki offers warranty of 8 years on Strong Hybrid battery.

*Terms & conditions apply. Black glass shade on the vehicle is due to the lighting effect. For details on functioning of safety features, including airbags, kindly refer to owner's manual. #Fuel efficiency as certified by test agency under rule 115 of CMVR 1989, with Fuel Tank capacity of 45L, range is 1258.65 km (45L x 27.97km/l) under standard test conditions. Results may differ depending on actual driving, road, and other conditions. Car model and accessories shown may vary from the actual product and car colour may vary due to printing on paper. All offers are brought to you by NEXA dealers only. Offers may vary subject to the model and variant purchased. Offers applicable for Zeta+ and Alpha+ variants of Grand Vitara only. All offers are applicable till 31st May'24 or till stocks last. Maruti Suzuki reserves the right to withdraw offers at any point in time without any advance notice. ^Maruti Suzuki offers warranty of ninety six (96) months or 1,60,000 kilometers (whichever occurs first) for Hybrid Electric Vehicle (HEV) battery from the date of invoice to the first owner.

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### સોનાના ઉંચા ભાવમાં ઈન્વેસ્ટરોની પુછપરછ, કૌટુંબીક ખરીદીમાં મર્યાદા

# અખાત્રીજે સોની બજારમાં સવારે શુકન ખરીદીઃ સાંજ બાદ ચળકાટ દેખાશે



તસવીરઃ દેવેન અમરેલીયા





રાજકોટ,તા.૧૦

આજે અખાત્રીજ અને પરશુરામ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આજનો દિવસ ખરીદી માટે ખુબ શુભ માનવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ, કોઈ પણ ખરીદી માટે મુહૂર્ત અને ખાસ દિવસ પસંદ કરવામાં આવે છે. ત્યારે આજનો દિવસથી શરૂઆત અને ખાસ ખરીદી માટે મહત્વનો ગણાય છે.

આજના દિવસ જમીન લે-વેચના સોદા નવા ઘરમાં કલશ પુજન, ગાડી, ઘરેણાની ખરીદી કરવામાં આવે છે. તેમા પણ સોનુ-ચાંદીની ખરીદી વધુ મહત્વ ધરાવે છે. આથી આજે લોકો નાની તો નાની વસ્તુની ખરીદી કરી મુહૂર્ત સાચવે છે. સોનાની વસ્તુ લઈ લગ્ન પ્રસંગ માટે તેમજ ઈન્વેસ્ટમેન્ટ જવેલરીની ખરીદી કરવામાં આવેલ છે. જેથી સમગ્ર વર્ષ સારૂ રહે.અક્ષય તૃતિયા એટલે સોનાની ખરીદીનો શ્રેષ્ઠ સમય, હાલમાં સોનાના ભાવમાં સારી એવી તેજી જોવા મળી રહી છે.

ઓલટાઈમ હાઈ સોનું થોડા સમયથી નબળુ પડયું હતું.પરંતુ ખરીદી પર અસર નહીવટ જોવા મળી રહી છે. આજના દિવસે લોકો અચૂક સોનાની ખરીદી કરે છે.ટોચના સ્થાને પહોંચેલ ભાવે બજાર પર અસર છોડી છે.સોનાના વેપારી સોનું ભાઈ જણાવે છે કે હાલ સવારથી સારી ઘરાકી નિકળી છે ભાવ વધ્યા છે. પરંતુ લોકો શુકન સાચવવા નાની વસ્તુની ખરીદી અચૂક કરે છે. તેમાં સૌથી વધુ ગીન્નીનું વેચાણ વધુ થાય છે. શુકન સાચવા લોકો ગીન્નીની ખરીદી કરે છે. જયારે લગ્નની ખરીદી માટે જવેલરીની પસંદગી કરે છે. જેમાં વીંટી, નેકલેશ જેવી જવેલરીની ડિમાંડ વધુ છે. ગીન્નીની વાત કરીએ તો લક્ષ્મી કળશ, ગણેશજીની આકૃતિ વાળી ગીન્ની વધુ પસંદ કરે છે.

### લક્ષ્મીજી, ગણેશજી, કળશવાળી ગીન્ની અને લાઈટ જવેલરીની ખરીદી થઈ

હાલ ૧ ગ્રામની લઈ ૧૦૦ ગ્રામ સુધીની ગીન્ની બજારમાં ઉપલબ્ધ છે રૂા.૮૦૦ થી લઈ રૂા.૭૫૦૦૦૦ સુધીની ગીન્ની વહેચાય છે. આજે ફરી સોના ચાંદીના ભાવ વધ્યા છે. આ ઉપરાંત એ દિવસથી ગરમીનો પારો ઉંચકાયો છે. જેની અસર પણ ખરીદી પણ છે સવારે ૧૦ થી ૧૨ સુધીમાં ઘરાકી જોવા મળી હતી. અને સાંજે ૫ થી ૮ની વચ્ચે ઘરાકી નીકળી હતી.રાધીકા જવેલર્સના મુકેશભાઈ વીઠલાણી જણાવે છે. કે અક્ષયતૃતિયા પર દર વર્ષે ઘરાકી નીકળે છે. પરંતુ ગત વર્ષ કરતા આવર્ષે ૨૫ ટકા ઓછી ઘરાકી જોવા મળી રહી છે. જેમાં ભાવવધારો અને ગરમીનું કારણ અસર કરે છે. બે મહિનાથી સતત ભાવ વધ્યા છે. પરંતુ આજે લોકો શુકવંતી ખરીદી કરે છે. સવારની ધીમી ગતીએ ખરીદી શરૂ થઈ છે. સાંજે સારી ખરીદીની આશા છે.આજે સોનાની ખરીદી ખુબ શુભ માનવામાં આવે છે. આથી ગીન્નીથી લઈ લાઈટ જવેલરીની ખરીદી થઈ રહી છે. આજે ખાસ ઓફર રાખવામાં આવી છે. જેમાં ૧૦ ગ્રામ ગોલ્ડની ખરીદી પર મેકીંગ ચાર્જીસ પર રૂા.૧૫૦૦નું ડિસ્કાઉન્ટ, અને ડાયમંડ જવેલરીના મેકીંગ ચાર્જીસ પર ૫૦ ટકાનું ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું છે.આજના શુભદિને સવારથી ખરીદીનો માહોલ જામ્યો છે. વાહન મકાન, જમીન, સોનું ચાંદીની ખરીદી થઈ રહી છે.

## શુભ દિને જ સોનામાં રૂા.૨૨૦૦થી વધુનો વધારોઃ ભાવ રૂા.૭૫૦૦૦ની સપાટીને પાર

છેલ્લા કેટલાક સમયથી સોના ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. જેના પરીણામે સોનું ૭૫૦૦૦ને પાર થયુ હતું.પરંતુ બે સપ્તાહ પુર્વે સોનું નબળુ પડતા ભાવ ઘટયા હતા. ત્યારે ગઈકાલે ઈન્ટનેશનલ માર્કેટમાં ઉથલપાથલ થતા ફરી ૨૦૦૦થી વધુનો વધારો નોંધાયો છે. આજે અક્ષયતૃતીયનો તહેવાર છે. આજના દિવસે ખાસ સોના ચાંદીની ખરીદી શુકન ગણવામાં આવે છે.સોના ચાંદીના વેપારીઓને આજની ખરીદી પર ખુબ આશાઓ હતી.પરંતુ આજે સોનામાં રૂા.૨૩૦૦ અને ચાંદીમાં રૂા.૨૫૦૦ વધતા ખરીદદારોએ વેપારીઓ ચિંતામાં મુકાયા હતા.સવારે ધીમી ગતીએ ખરીદી થઈ હતી પરંતુ સાંજે સારા વેપારની આશા વેપારીઓને છે. સોનાના ભાવ રૂા.૨૩૦૦ વધતા રૂા.૭૫૩૦૦ની અને ચાંદીમાં રૂા.૨૨૫૦ વધતા રૂા.૮૭૦૦૦ની સપાટીએ પહોંચ્યુ છે.

# ભારતની મોટી રાજદ્વારી જીત, ઈરાને જપ્ત કરાયેલા ઈઝરાયેલના જહાજમાંથી પાંચ ભારતીય ખલાસીઓને મુકત કર્યા

ન્યુ દિલ્હી : ભારતે એક મોટી રાજદ્વારી સફળતા હાંસલ કરી છે. વાસ્તવમાં, ઈરાને પાંચ ભારતીય ખલાસીઓને મુક્ત કર્યા છે જેઓ ઈઝરાયેલના જહાજના ક્રૂ સભ્યોમાં સામેલ હતા જેને તેણે તાજેતરમાં જપ્ત કર્યું હતું. પાંચ ભારતીય ખલાસીઓ પણ આજે સાંજે ઈરાનથી રવાના થશે. ભારતીય વિદેશ મંત્રાલયે મુક્ત કરાયેલા ભારતીય ખલાસીઓ વિશે વિગતવાર માહિતી આપી હતી અને ખલાસીઓની મુક્તિ બદલ ઈરાન સરકારનો પણ આભાર માન્યો હતો.



ઈરાને ૧૩ એપ્રિલે ઈઝરાયેલનું એક કાર્ગો જહાજ જપ્ત કર્યું હતું. તે જહાજના ક્રૂમાં ૧૭ ભારતીય નાગરિકો સામેલ હતા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ નેવીએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીક ઈઝરાયેલની માલિકીના જહાજ MSAC Aries ને જપ્ત કર્યું છે. આ જહાજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી દુબઈ તરફ જઈ રહ્યું હતું. ઈરાનનો આરોપ છે કે આ જહાજ પરવાનગી વગર તેમના વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું. જહાજ પર સવાર ભારતીય ક્રૂમાં કેરળની એક મહિલા નાવિક એન ટેસા જોસેફ પણ સામેલ હતી, જેને ઈરાન સરકાર દ્વારા પહેલાથી જ મુક્ત કરવામાં આવી હતી અને તે ૧૮ એપ્રિલે ભારત પહોંચી હતી. જ્યારે ઈરાને જહાજ કબજે કર્યું ત્યારે તેમાં ૧૭ ભારતીય અને બે પાકિસ્તાની સહિત ૨૫ ક્રૂ મેમ્બર હતા. આ જહાજ ઈઝરાયેલના એક બિઝનેસમેનનું હતું, પરંતુ તેનું સંચાલન પોર્ટુગલ કરી રહ્યું હતું. ઈરાનમાં હજુ પણ ૧૧ ભારતીય ખલાસીઓ છે. તાજેતરમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તણાવ વધ્યો હતો.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ઈરાન હમાસને સાથ આપી રહ્યું છે. આ જ કારણ છે કે ઈરાનના સમર્થનથી હુથી બળવાખોરો લાલ સમુદ્રમાં આંતરરાષ્ટ્રીય શિપિંગ માર્ગો પર સતત હુમલા કરી રહ્યા છે. તાજેતરમાં ઈઝરાયેલ પર સીરિયામાં ઈરાનના દૂતાવાસને નિશાન બનાવવાનો આરોપ લાગ્યો હતો, જેમાં ઈરાની સેનાના બે ટોચના કમાન્ડર માર્યા ગયા હતા. ઈરાને આ હુમલા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું અને બદલો લેવાની ધમકી આપી હતી. જવાબી કાર્યવાહીમાં ઈરાને મિસાઈલ અને ડ્રોનની મદદથી ઈઝરાયેલ પર મોટો હુમલો કર્યો, પરંતુ આ હુમલામાં ઈઝરાયેલને કોઈ મોટું નુકસાન થયું નથી. જ્યારે બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમા પર હતો ત્યારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઈઝરાયેલનું એક જહાજ જપ્ત કર્યું હતું.

### સુપ્રીમકોર્ટ-દિલ્હી હાઈકોર્ટના પુર્વ જજ-પત્રકારએ પ્રેસીડેન્ટ સ્ટાઈલથી ડીબેટની હિમાયત કરી

# મોદી-રાહુલને એક મંચ પર સીધી ચર્ચામાં આવવા આમંત્રણ

### લોકોને તમારા મંતવ્યો-વિચારો જાણવામાં સહાય થશેઃ કલમ ૩૭૦ ચૂંટણી બોન્ડ ચીન સહિતના મુદાઓ સમાવવા તૈયારી

નવી દિલ્હી:

લોકસભા ચૂંટણીમાં ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની સીધી ટકકર થઈ રહી હોવાના દ્રશ્યો છે તે વખતે સુપ્રીમકોર્ટ-હાઈકોર્ટના નિવૃત ન્યાયમૂર્તિ અગ્રણીએ આ બંનેને એક મંચ પર સીધી ચર્ચા માટે આવવા આમંત્રણ આપ્યુ છે.




કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ મદન લોકુર તથા દિલ્હી હાઈકોર્ટના પુર્વ મુખ્ય ન્યાયમૂર્તિ એ.પી.શાહ ઉપરાંત ધ હિન્દુ જૂથના વડા અને વરિષ્ઠ પત્રકાર એન.રાયની સહીથી આ પત્ર લખાયા છે અને બન્નેને એક મંચ પર આવીને ચર્ચા માટે આમંત્રણ આપતા કહ્યું કે તેનાથી ચુંટણી મુદાઓ પર તમારા વિચારો એક જ સાથે લોકો જાણી શકશે અને તેનાથી બન્નેને લાભ થશે. આ પત્રમાં લખાયુ છે કે દુનિયા ભારતની ચુંટણીને ખૂબ જ રસપ્રદ રીતે નિહાળી રહી છે અને તેની બહેતર હશે. તંદુરસ્ત ચર્ચાથી લોકો તેમાં તમારા બન્નેના મંતવ્યો જાણી શકશે તથા ચર્ચાના સ્થળ, સ્વરૂપ વિ. નિશ્ચિત કરવા તેમના પ્રતિનિધિઓને નિયુકત કરવા જણાવ્યુ છે. આ પત્રમાં કલમ ૩૭૦ ચુંટણી બોન્ડ વિ.ના મુદાઓ પર પણ ચર્ચાની આવશ્યકતા દર્શાવાઈ છે.

જો ચીનના મુદાને પણ સમાવવા વકીલાત કરવામાં આવી છે તથા આરોપો પ્રત્યારોપણ કરતા મુદાસરની ચર્ચાથી લોકોને પણ ચુંટણીમાં પસંદગી માટે વધુ બહેતર સમજ મળશે. આ બન્ને ન્યાયમૂર્તિએ તેમના અનેક ચૂકાદામાંથી જાણીતા છે.

અમેરિકાની ચૂંટણીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો આ રીતે સ્થાનિક અને વૈશ્વિક મુદાઓ પર એકથી વધુ મંચ પર ચર્ચાઓ કરે છે અને તેમાં અનેક ક્ષેત્રોના નિષ્ણાંતો દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે છે અને તેના આધારે તેમનું રેટીંગ પણ અપાય છે અને આ પ્રકારની ચર્ચા અત્યંત મહત્વની બને છે. જોકે ભારતમાં ભાગ્યે જ આ પ્રકારની ચર્ચાઓ થાય છે. ખાસ કરીને ટીવી ડીબેટમાં પ્રવકતાઓ બાખડતા જ જોવા મળે છે.

## રાહુલ ગાંધી-આંધ્રના મુખ્યમંત્રીએ લોકો સાથે બસમાં મુસાફરી કરી

લોકસભાની ચૂંટણીના ૩ચરણની ચૂંટણી સંપન્ન થઈ ચૂકી છે. હવે ચોથા ચરણનું મતદાન ૧૩ મેના રોજ થશે. બધી રાજનીતિક પાર્ટીઓ પ્રચાર પ્રસારમાં લાગી ગઈ છે. આ ક્રમમા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી એક સાથે TSRTC બસમાં ફરતા દેખાયા હતા. કોંગ્રેસ નેતાએ ગુરુવારે રાત્રે તેલંગાણાના ગ્રેટર હૈદરાબાદમાં એક જનસભાને સંબોધી હતી. ત્યારબાદ રાહુલ ગાંધીએ રાજ્યની સરકારી બસમાં મુસાફરી કરી બધાને ચોકાવી દીધા હતા. મુસાફરોથી



ભરેલી બસમાં મુસાફરી કરી તેમણે લોકો સાથે વાતચીત કરી હતી. બસમાં સવાર મુસાફરો પણ રાહુલ ગાંધીન પોતાની વચ્ચે જોઈને ચોકી ગયા હતા અને ઘણા લોકોએ તેમની સાથે સેલ્ફી લીધી હતી.

બસમાં રાહુલની સાથે રાજ્યના મુખ્યમંત્રી એ.રેવંત રેડ્ડી પણ હાજર હતા. મલ્કાજગીરી લોકસભા મતવિસ્તારના સરૂરનગરમાં જાહેર સભાને સંબોધિત કર્યા પછી રાહુલ તેલંગાણા સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસમાં સવાર થયા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મુસાફરોમાં 'પંચ ન્યાય' બ્રોશરનું વિતરણ કર્યું હતું અને રાજ્યમાં કોંગ્રેસ સરકાર દ્વારા મફત બસ મુસાફરી યોજનાના અમલીકરણ અંગે લોકો પાસેથી માહિતી લીધી હતી.

## બપોરે ધૂપ-છાંવ વચ્ચે રાજકોટનું તાપમાન ૩૯.૬ ડિગ્રીઃ ગરમીમાં થોડી રાહત

### પવનની માત્રા પણ વધીઃ ૧૪ કી.મી.ની ઝડપે ફુંકાતો પવન

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં છેલ્લા કેટલાંક દિવસોથી કાળઝાળ ગરમી બાદ આજે બપોરે ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી.સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૯.૬ ડિગ્રી નોંધાયુ હતું.જયારે બપોરે પવનની ઝડપ પણ વધી હતી.બપોરે અઢી કલાકે શહેરમાં ૧૪ કી.મી.પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો.આથી લૂંનો અનુભવ જો કે થયો હતો. તેમજ બપોરે હવામાં ભેજ ૨૭ ટકા રહેવા પામ્યો હતો.દરમ્યાન આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૯.૪ ડિગ્રી નોંધાયુ હતું.તેમજ લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહ્યું હતું.જયારે, સવારે હવામાં ભેજ ૭૦ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી રહેવા પામી હતી.



### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે મહાનુભાવો પદ્મપુરસ્કારથી વિભૂષિત

# ચિરંજીવી, વૈજયંતિમાલા પદ્મ વિભુષણથી સન્માનિત

### સુપ્રિમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ દિવંગત ફાતિમા બીબી, સૌથી જુના ગુજરાતી અખબાર 'મુંબઈ સમાચાર'ના માલિક એચ.એન.કામા, ગુજરાતી પત્રકાર કુંદન વ્યાસ સહિતની અનેક વિભૂતિઓ પદ્મ ભૂષણથી સન્માનિત થયાઃ પદ્મ પુરસ્કારથી સન્માનિત સમાજ સેવક એસ.રાજન્નાને મળી પીએમ મોદી ભાવુક બન્યા




નવી દિલ્હી તા.૧૦

અભિનેત્રી વૈજયંતિમાલા બાલી અને અભિનેતા ચિરંજીવીને સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ દેશનું બીજુ ઉત્કૃષ્ટ નાગરીક સન્માન પદ્મ વિભુષણથી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુરૂવારે સન્માનીત કરાયા હતા.

સુપ્રિમ કોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ (દિવંગત) એમ.ફાતિમા, બીબી 'મૂંબઈ સમાચાર'ના માલિક એચ.એન.કામાને પદ્મ ભુષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ સાથે જ ભાજપ નેતા ઓ.રાજગોપાલ, લદાખના દિવંગત આધ્યાત્મિક નેતા તોગદાન રિનપોચે અને તમિલ અભિનેતા દિવંગત કેપ્ટન વિજયકાંત (બન્નેને મરણોપરાંત) ગુજરાતી અખબાર જન્મભુમિના સમુહ સંપાદક અને સીઈઓ કુંદન વ્યાસને પણ પદ્મભુષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીવી રિનોચે અને વિજયકાંતના પરિવારનાં સભ્યોએ પુરસ્કાર સ્વીકાર્યો હતો. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજીત એક નાગરીક અલંકરણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશમંત્રી એસ.જયશંકર આ પ્રસંગે ઉપસ્થિત હતા.

### વૈજયંતિમાલાએ ફિલ્મી પડદે રાજ કર્યું

ભારતીય અભિનેત્રીઓમાં બહેતરીન અભિનેત્રીઓ પૈકીની એક ૯૦ વર્ષિય વૈજયંતિમાલાએ ૧૯૫૦ અને ૧૯૬૦ ના દાયકામાં સિને પરદે પર રાજ કર્યુ હતું. 'દેવદાસ', 'નયા દૌર' 'સાધના','ગંગા જમના', 'સંગમ' 'જવેલથીફ' જેવી ફિલ્મોમાં તેમણે કામ કર્યુ હતું. તેમણે કેટલીક તમિળ, તેલુગુ, કન્નડ અને બંગાળી ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

### ચિરંજીવીઃ૧૫૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું

દક્ષિણના સુપરસ્ટાર ૬૮ વર્ષિય ચિરંજીવીએ તેલુગુની સાથે હિન્દી તમિલ અને કન્નડ ભાષામાં ૧૫૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેની હીટ ફિલ્મોમાં 'રૂદ્રવીણા', 'ઈન્દ્ર', 'ટાગોર સ્વયં કૃતિ', 'સાઈ રો નરસિમ્હા રેડ્ડી', તેમજ ૨૦૨૩ માં તેમણે 'ભોલા શંકર' ફિલ્મમાં કામ કર્યુ હતું.

### પદ્મશ્રી પણ ધન્ય થયા... હિંમતને સલામ



આ છે કર્ણાટકના ડો. કે.એસ. રાજન્ના જેમને ગઈકાલે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ૧૧ મહિનાની ઉંમરે પોલિયોના કારણે હાથ-પગ ગુમાવ્યા છતાં તેમની સેવાની ભાવનાને કોઈ અસર નહીં થઈ. તેમણે દિવ્યાંગ લોકો માટે કામ કર્યું. ગુરુવારે તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં સન્માન પહેલા તેમણે પીએમ નરેન્દ્ર મોદીને આ રીતે શુભેચ્છા પાઠવી હતી.

રાજન્ના મિકેનિકલ એન્જિનિયર છે. તેમણે પોતાની જાતને ફકત એક ઉદ્યોગસાહસિક તરીકે જ સ્થાપિત નહોતા કર્યા પરંતુ દિવ્યાંગના કલ્યાણ માટે પણ પોતાને સમર્પિત કરી દીધા હતા. તેમણે ૫૦૦ થી વધુ દિવ્યાંગોને રોજગારી આપી છે.

કર્ણાટક સરકારે તેમને દિવ્યાંગજનો માટે રાજ્ય કમિશનર બનાવ્યા. રાજન્નાએ ૨૦૦૨ પેરાલિમ્પિકસમાં ડિસ્કસ થ્રોમાં ગોલ્ડ મેડલ અને સ્વિમિંગમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો.

# રાજકોટ બસ પોર્ટ ઉપર અખાત્રીજનો બેકાબુ ટ્રાફિકઃ તમામ રૂટોની બસો ફુલ

## રૂટીન ઉપરાંત રાજકોટ એસટી વિભાગને આજે બપોર સુધીમાં જ વધારાની ૪૩ બસો મુકવી પડીઃ રાજકોટની તમામ ૪૩ વોલ્વો અને એસી બસો પણ ૧૦૦ ટકા પેકઃ આજે રાજકોટ ડીવીઝનને રૂા.૭૫ લાખથી વધુની વિક્રમી આવક થવાની સંભાવના

રાજકોટ, તા.૧૦

છેલ્લા કેટલાક દિવસોથી સૌરાષ્ટ્ર ગુજરાતમાં ભરપુર લગ્નગાળો ખીલ્યો છે. સાથોસાથ વેકેશનનો સમય પણ શરુ થઈ ગયો છે ત્યારે વેકેશન અને લગ્નગાળાને ધ્યાને રાખી એસટી નિગમ દ્વારા બે હજારથી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. રૂટીન સંચાલન ઉપરાંત આ વધારાની બસો પણ છેલ્લા કેટલાક દિવસોથી ફુલે ફુલ દોડી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજરોજ અખાત્રીજનું વણજોયું મુર્હુત હોય આજે અસંખ્ય લગ્નો લેવાયા છે. રાજકોટ સહિત અનેક સ્થળોએ આજે લગ્નના ઠેર ઠેર પ્રસંગો રાખવામાં આવેલ છે. જેના કારણે ખાસ કરીને આજરોજ એસટીની બસોમાં રોજ કરતાં ડબલ ટ્રાફીક જોવા મળી રહ્યો છે. આજરોજ મોટાભાગના રૂટોની એસટી બસો ફુલે ફુલ દોડી રહી છે.





આજરોજ અખાત્રીજનું વણજોયું મુર્હુત હોય સર્વત્ર લગ્નગાળો ખીલ્યો છે. આથી આજે સવારથી જ રાજકોટ એસ.ટી. બસ પોર્ટ ઉપર બેકાબુ ટ્રાફિક નજરે પડી રહયો છે. દરેક રૂટની બસોમાં ભારે ભીડ નજરે પડી રહી છે અને બસપોર્ટ ઉપર માનવ મહેરામણ જામ્યો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. **(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

રાજકોટ એસટી વિભાગમાં પણ આજરોજ અખાત્રીજ અંતર્ગત બસ સ્ટેશનો ઉપર ચિક્કાર ટ્રાફીક નજરે પડી રહ્યો છે. રાજકોટ બસ પોર્ટ ઉપર જ આજરોજ સવારથી જ મુસાફરોની જબરી મેદની દેખાઈ રહી છે. એસટી વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર આજરોજ સવારથી જ અખાત્રીજના લગ્નગાળા અંતર્ગત બેકાબૂ ટ્રાફીક નીકળ્યો છે.

એસટી વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ રૂટીન સંચાલન ઉપરાંત આજરોજ બપોર સુધીમાં જ રાજકોટ એસટી વિભાગ દ્વારા જુદા-જુદા ૪૩થી વધુ એક્સ્ટ્રા બસો મુકવી પડી છે. આજરોજ રાજકોટ એસટી વિભાગની તમામ ૪૩ એસી અને વોલ્વો બસો પણ ૧૦૦ ટકા ચિક્કાર ચાલી રહી છે.

એસટી વિભાગના અધિકારીના સુત્રોના જણાવ્યા અનુસાર ખાસ કરીને આજરોજ અમદાવાદ, સાવરકુંડલા, અમરેલી, સુરેન્દ્રનગર, લીંબડી, જામનગર, પોરબંદર, દ્વારકા અને સોમનાથના રૂટોની બસોમાં ચિક્કાર ટ્રાફીક નજરે પડી રહ્યો છે.

રાજકોટ એસટી વિભાગના અધિકારી સુત્રોના વધુમાં જણાવ્યા અનુસાર વેકેશન અને લગ્નગાળાના કારણે રાજકોટ એસટી વિભાગની દૈનિક આવકમાં ખાસ્સો વધારો થયો છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજકોટ એસટી વિભાગને રૂા.૬૫ થી ૭૦ લાખની દૈનિક આવક થઈ રહી છે. જો કે આજનો બેકાબુ ટ્રાફિક જોતા રાજકોટ એસટી વિભાગને રૂા.૭૫ લાખ આસપાસ દૈનિક આવક થવાની પુરી શક્યતા છે.

# ચુનારાવાડામાં ધર્મેશ પરિયા પર ત્રણ શખ્સોનો હિચકારો હુમલો

રાજકોટ તા.૧૦

ચુનારાવાડામાં ધર્મેશ પરિયા પર ત્રણ શખ્સોનો હિચકારી હુમલો કર્યો હતો. આગાઉના ઝગડાનો ખાર રાખી હુમલો કર્યો હોવાનું જણાયું હતું.



બનાવની વિગત મુજબ ચુનારાવાડા શેરી નં-૧ માં રહેતાં ધર્મેશભાઈ ગુલાબભાઈ પરિયા (ઉ.વ.૩૯) નામનાં યુવક પર ત્રણ શખ્સો હુમલો કરી નાસી ગયા હતા. ધર્મેશની બહેનને અગાઉ ગોપાલ નામનાં શખ્સે ફડાકો માર્યો હતો. જેનો કેસ ચાલતો હોય જેનો ખાર રાખી ગઈ કાલ સાંજનાં છએક વાગ્યાની આસપાસ ધર્મેશ પોતાનાં ઘર પાસે હતો. ત્યારે ગોપાલ, મનીષ, અને જીતુએ ઝઘડો કરી માર માર્યો હતો. બાદ ધર્મેશભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેઓને સંતાનમાં બે દિકરી અને એક દીકરો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# કાળા કાચ રાખી ફરતા વાહન ચાલકો પર પોલીસની તવાઈઃ ૭૦ કેસ કરી ૨.૧૮ લાખનો દંડ ફટકારાયો

## ઓવર સ્પીડના ૫૫ કેસઃ ટ્રાફિક પોલીસ દ્વારા ગત સાંજે ૨ કલાકની ડ્રાઈવ યોજવામાં આવી હતી

રાજકોટ તા.૧૦

ચૂંટણી પૂર્ણ થતા પોલીસ હવે ટ્રાફિક નિયમો ભંગ કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવાની કામગીરીમાં લાગી ગઈ છે. રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કાળા કાચ રાખી ફરતા વાહન ચાલકો સામે સ્પેશીયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી જેમાં બે કલાકમાં ૭૦ કેસ કરી રૂા.૨.૧૮ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.



ટ્રાફિક પોલીસના સુત્રોએ જણાવ્યા મુજબ ગઈકાલે શહેરમાં સાંજે ૬ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા દરમ્યાન બ્લેક ફીલ્મ વાળા વાહનો સામે ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં જુદા જુદા સ્થળો પર કુલ ૭૦ વાહનોને બ્લેક ફીલ્મવાળા કાચ સાથે જોવા મળતા દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત એએસઆઈ તૃષાબેન અને તેની ટીમે ઓવર સ્પીડના ૫૫ કેસ કરી ૧.૧૦ લાખનો દંડ વસુલ કર્યો હતો. જ્યારે એએસઆઈ સુધાબેન અને તેની ટીમે ૫૪ કેસ કરી ૧.૦૮ લાખનો દંડ-ઈ-ચલણ જનરેટ કરી ફટકાર્યો હતો. આગામી દિવસોમાં આ પ્રમાણે ટ્રાફિક ડ્રાઈવ યોજવાનું પોલીસ ચાલુ રાખશે તેવી માહિતી સુત્રોમાંથી મળી રહી છે.

# મારામારીના કેસમાં તમામ આરોપીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૦

માથાના ભાગે ડિસમિસ તેમજ ધોકા વડે હુમલો કરી જાનથી મારી નાખવાના ઈરાદે થયેલ મારામારીના કેસમાં તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

કેસની વિગત મુજબ, ફરિયાદી તેમજ આરોપી અફશાનાબેન સબંધે દેરાણી-જેઠાણી થતા હોય અને તા.૨૦/૪/૨૦૨૨ના દોઢેક વાગ્યાના અરસામાં ફરિયાદી અને અફશાનાબેન વચ્ચે ઝઘડો કરી તેમજ તે દરમિયાન અન્ય આરોપીઓ એજાજભાઈ, મેરાજઅહેમદ અને ગુલામગોસએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી સાથે તથા સાહેદોને ગાળો આપી, ઢીકા-પાટુનો મુંઢ માર મારેલ તેમજ ફરિયાદીના પિતાને માથાના ભાગે ડિસમિસ તેમજ ધોકા વડે માર મારી માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ કરેલ હતી. આ અંગે ભક્તિ નગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતાં, ચાર્જશીટ થયા બાદ કેસ ચાલવા પર આવતા આરોપીના વકીલે કરેલી દલીલો અને રજૂ રાખેલ વિવિધ કોર્ટના સીમાચિન્હ ચુકાદાઓને ધ્યાને લઈ કોર્ટ દ્વારા તમામ આરોપીઓને શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરાયો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ ગૌતમભાઈ કે. ચાવડા, અશોકભાઈ બી. ચાંડપા, મનીષ બી. ચાંડપા, તેમજ જયેશભાઈ એ. ચૌહાણ રોકાયેલ હતા.

# મોરબીના મચ્છુ-૨ ડેમના દરવાજાના રિપેરિંગ કામ માટે નદીમાં પાણી છોડાશેઃ ૩૪ ગામને એલર્ટ કરાયા

## તા.૧૨ થી ૧૫ સુધીમાં ડેમ ખાલી કરાશેઃ લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના

(જીજ્ઞેશ ભટ્ટ) મોરબી તા.૧૦

મોરબી અને માળીયા તાલુકાનાં લોકો માટે આશીર્વાદ સમાન મચ્છુ-૨ ડેમને રીપેરીંગ અર્થે ખાલી કરવાનો છે જેથી હાલમાં નીચવાસના ગામમા આવતા તમામ કોઝવે પરથી અવરજવર ન કરવા માટે જાહેર ચેતવણી આપવામાં આવેલ છે અને મોરબી અને માળીયા તાલુકાનાં ૩૪ ગામોને એલર્ટ કરવામાં આવેલ છે.



મોરબી તાલુકાના જોધપર (નદી) ગામ પાસે મચ્છુ-૨ ડેમ આવેલ છે તેના દરવાજાનું રીપેરીંગ કરવાનું છે જેથી આગામી તા ૧૨/૫ થી ૧૫/૫ સુધી મચ્છુ-૨ ડેમ ક્રેસ્ટ લેવલ સુધી ખાલી કરવામાં આવશે જેથી મચ્છુ-૨ ડેમ અને મચ્છુ-૩ ડેમની હેઠવાસમા આવતા મોરબી અને માળીયા(મી.) તાલુકાના નિચે મુજબના ગામોના લોકોને નદિના પટવિસ્તારમા ન જવા માટે ચેતવણી આપવામાં આવે છે અને મોરબી શહેરમા મયુર બ્રીજ પાસેના બેઠા પુલ પાસે નદીના પટમાંથી ઝૂપડામાં રહેતા લોકોને ખસેડવા માટે સૂચના આપવામાં આવેલ છે અને નીચવાસના ગામમા આવતા તમામ કોઝવે પરથી અવરજવર ન કરવા માટે પણ ચેતવણી આપવામા આવે છે.

હાલમાં મોરબી તાલુકના જોધપર, લીલાપર, ભડીયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળિયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, નવા નાગડાવાસ, જુના નાગડાવાસ, સોખડા, અમરનગર, મોરબી, રવાપર નદિ અને વજેપર તેમજ માળીયા તાલુકાના વીરવદરકા, દેરાળા, નવાગામ, મેઘપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપર, સોનગઢ, માળિયા (મી), રાસંગપર અને ફાટસર ગામને એલર્ટ કરવામાં આવેલ છે.

# બીમાર પતિની પીડા જોઈ ન શકતાં પત્નીએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ તા.૧૦

બીમાર પતિની પીડા જોઈ ન શકતાં પત્નીએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ ચંદ્રિકાબેન પ્રવીણભાઈ અગ્રાવત (ઉ.વ.૫૫ રહે. ઈન્દીરા સર્કલ પાસે આલીશાન બંગલાની બાજુમાં) નામનાં પ્રૌઢાએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ચંદ્રિકાબેનના પતિ પ્રવીણભાઈને છાતીમાં પાણી ભરાતું હતું જેનુ ઓપરેશન કરાવ્યું હતું. બીમાર પતિનું દુઃખ જોઈ ન શકતાં પ્રૌઢાએ ગઈ કાલ રાત્રિના પોતાનાં ઘરે એસીડ પી લીધું હતું. બાદ પ્રૌઢાને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચંદ્રિકાબેન બે બહેન અને એક ભાઈમાં સૌથી નાના છે. તેઓને સંતાનમાં ત્રણ દિકરી અને એક દીકરો હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

## સીવીલ હોસ્પિટલમાં નિયમોનો ઉલાળીયો

# સિવિલના પ્રાંગણમાં રીક્ષાચાલકો બેફામ બન્યાઃ ગમે ત્યારે દર્દી અકસ્માતનો ભોગ બને તેવી શકયતા

## સિવિલ તંત્રએ પોતાના જ બનાવેલ નિયમનો ભંગ થતો હોવા છતાં આંખ આડા કાન કર્યાઃ મુખ્ય ગેટ પાસે દર્દી સિવાયના વાહનોને પ્રવેશબંધીના બોર્ડ મારેલ હોવાં છતાં બેરોકટોક અન્ય વાહનો પ્રવેશ કરે છેઃ દર્દીઓ ત્રાહિમામ




રાજકોટ. તા.૧૦

સૌરાષ્ટ્રની સૌથી મોટી સીવીલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરના હજારો દર્દીઓ લાભ લેવાં આવે છે. તેમજ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં દર્દીઓ અને તેમને લઈ આવતાં સબંધીઓને કોઈ તકલીફ ન થાય તે માટે સિવિલ તંત્ર દ્વારા એક નિયમ બહાર પાડવામા આવ્યો હતો. જેમાં બહારના દર્દી સિવાયના અન્ય વાહનોને કે ખાનગી રિક્ષાને અંદર પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામા આવ્યો છે અને તેમના માટે સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પર મોટું બોર્ડ પણ મુકવામાં આવ્યું છે.



પરંતુ સિવિલ હોસ્પિટલનું નિર્ભર તંત્ર કાયમની માફક આંખ આડા કાન કરવાની ટેવ ધરાવતું હોય તેમ ગેટ પાસે વિશાલ બોર્ડ મુક્યો હોવા છતાં નિયમનો ઉલાળીયો કરી રીક્ષાચાલકો બેફિકરાઈથી પોતાના વાહનો ચલાવી વ્હિલચેરમાં કે ચાલીને જતાં દર્દીને ઠોકરે ચડાવી નુકશાન પહોંચે તેમ પસાર થતાં થાય છે. ઉપરાંત ઘણી વખતતો દર્દીઓ અને તેમની સાથેના સબંધીઓને ઇજા પહોંચાડીને નાસી છૂટતાં હોય છે. તેમજ સિવિલ સુપ્રીટેન્ડેટ અવારનવાર રાઉન્ડ ચેકીંગમા નીકળતાં હોવાં છતાં તેમને રીક્ષા ચાલકો સાથે શું લાગણી છે કે, પોતે જ બનાવેલ નિયમનો તેમની સામે જ રિક્ષાચાલકો ઉલાળીયો કરતાં હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

### અવસાન નોંધ

**રાજકોટ:** સંગીતાબેન મનસુખભાઈ અટારા (ઉ.વ.૫) તે મનસુખભાઈ તથા શોભનાબેનના પુત્રી ભાવેશભાઈ તથા પરેશભાઈના બહેન, ગીતાબેન વિમલકુમાર તથા ભાવનાબેન ચેતનકુમારના બહેન તેમજ શ્રદ્ધાબેન તથા કવિતાબેન નાણંદનું અવસાન તા.૯ને ગુરૂવારના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું ઉઠમણું પ્રાર્થના સભા તા.૧૦ને શુક્રવારના રોજ, સાંજે ૪.૩૦ થી ૬.૩૦ શ્રમજીવી સોસાયટી કોમ્પ્યુનિટી હોલ, ઢેબર રોડ પાણીના ટાંકા સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

# દ્વારકાથી ઉપલેટા પ્રેમીકાને મળવા ગયેલ યુવક પકડાઈ ગયો, યુવતીના પરિવારજનોએ ગોંધી રાખી ઢોર માર માર્યો

**સુમાત વરૂને બાંધી ધોકા-પાઈપ વડે આડેધડ માર મારતાં હાલત ગંભીર, યુવક આઈસીયુ હેઠળ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ**

**અગાઉ સગપણ કરી દેવા વાત થઈ હતી પણ યુવતીના પરિવારજનો માન્યા ન્હોતાઃ માર મારી યુવતીના પિતાએ યુવકના ભાઈને ફોન કરી કહ્યું હતું કે, 'તારા ભાઈને જોતો હોય તો અહીંથી લઈ જા'**

રાજકોટ, તા.૧૦

દેવભૂમિ દ્વારકા પંથકનો યુવાન, ઉપલેટા પંથકમાં રહેતી પ્રેમીકાને મળવા ગયો હતો. પણ યુવક પકડાઈ જતા યુવતીના પરિવારજનોએ ગોંધી રાખી ઢોર માર માર્યો હતો. સુમાત વરૂને બાંધી ધોકા-પાઇપ વડે આડેધડ માર મારતાં હાલત ગંભીર છે, યુવક આઈસીયુ હેઠળ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. અગાઉ સગપણ કરી દેવા વાત થઈ હતી પણ યુવતીના પરિવારજનો માન્યા નહોતા. બનાવ વખતે માર મારી યુવતીના પિતાએ યુવકના ભાઈને ફોન કરી કહ્યું હતું કે, 'તારા ભાઈને જોતો હોય તો અહીંથી લઈ જા.'

ફરિયાદી રામદે પરબતભાઈ વરૂ (ઉ.વ. ૨૯, રહે.દેવડીયા તા.કલ્યાણપુર જિ.દેવભૂમી દ્વારકા) એ ફરિયાદમાં જણાવ્યું કે, અમે બે ભાઈઓ તથા એક બહેન છીએ. જેમાં સૌથી મોટો હું છું અને સૌથી નાનો ભાઈ સુમાત (ઉ.વ.૨૪) છે. સુમાતને ઉપલેટાના નીલાખા ગામની યુવતી સાથે પ્રેમ સબંધ હોય જેથી લગ્ન માટે માંગુ નાખેલ. પણ યુવતીના પિતાએ ના પાડી હતી. ગત તા.૭/૫/૨૦૨૪ ના રોજ રાત્રે આશરે એક દોઢ વાગ્યે હું દેવડીયા હતો. ત્યારે મારા ભાઈ સુમાતનો મને ફોન આવેલ અને કહેલ કે, મને ઉપલેટાથી લઈ જાવ. પછી ફોન કરશનભાઈ ઉર્ફે કચરાભાઈ ભીખાભાઈ કરમુર (રહે. નીલાખા, તા.ઉપલેટા)એ લઇને મને કહે કે, તારા ભાઈને જોતો હોય તો આવીને લઈ જા. જેથી હું તથા મારા મિત્રો કાર લઈને ઉપલેટા જવા રવાના થયા. રસ્તામાંથી મે યુવતીના પિતા સુમાતભાઈ કરમૂરને ફોન કરેલ અને તેઓએ કહેલ કે, યાદવ હોટલ પાસે આવો. યાદવ હોટલ પાસે આવતા કરશનભાઈ બાઈકમાં આવેલ અને અમને કહેલ કે, પાછળ પાછળ ગાડી આવવા દેજો. થોડેક દુર જતા ટ્રેક્ટરમાં મારા ભાઇ સુમતને લઇને રોડ પર આવેલ. મારા ભાઇ સુમતને મેં શું થયું એમ પુછતા તેણે કહેલ કે, મને બાંધીને ધોકા પાઈપથી મારેલ છે, એટલું બોલેલ અને બેભાન જેવો થઇ ગયો હતો. વધુમાં મારા ભાઈ સુમાતે મને જણાવેલ કે, કરશનભાઇ કરમુર તથા યુવતીના પિતા સુમાતભાઈ કરમુરે ઢોર માર મારેલ. ત્યાર બાદ કારમાં મારા ભાઇને દેવડીયા ઘરે લાવ્યા હતા. તેને સદભાવના ક્લિનિકમાં પ્રાથમિક સારવાર કરાવેલ. બાદ જામખંભાળીયા કેશવ હોસ્પિટલમાં સારવાર કરાવેલ. ત્યાર બાદ જામખંભાળીયા મારૂતી હોસ્પિટલમાં સારવાર કરી હતી. વધુ સારવારની જરૂર જણાતાં તા.૮/૫/૨૦૨૪ ના રોજ જામનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાંથી રાજકોટ સ્ટર્લિંગ હોસ્પીટલમાં રિફર કરવામાં આવ્યો છે. તે બેભાન હાલતમાં આઇસીયુમાં દાખલ છે. આ બનાવ બનવાનું કારણ એ છે કે, મારા ભાઈ સુમાત વરૂ તથા ઉપલેટાના નીલાખા ગામના સુમાતભાઇ કરમુરની પુત્રી સાથે બે વર્ષથી પ્રેમ સબંધ હોય. જેથી સુમાત નીલાખા પ્રેમિકાને મળવા ગયેલ. ત્યારે તેનાં પરિવારજનોએ પકડી પાડયો હતો. અને ઢોર માર માર્યો હતો. જે અંગે ઉપલેટા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડાવા શોધખોળ હાથ ધરી છે.

# જાણીતા દાનવીર વિરાણી પરિવારના આરતીબેન અનિલભાઈ વિરાણીનું અવસાન



**રાજકોટ:** સુદાન અને હાલ મુંબઈ વસતા વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, સાયન્સ કોલેજ, વિલેપારલે ધર્મ સ્થાનક તેમજ અનેકવિધ ધાર્મિક-સામાજિક ક્ષેત્રે દાનગંગોત્રીના લાભાર્થી મણીલાલ શામજી વેલજી વિરાણીના પુત્રવધુ ધર્મવત્સલા આરતીબેન અનિલભાઈ વિરાણી (૮૮ વર્ષની વયે) તા.૭-૫-૨૪ના અરિહંત શરણ પામ્યા છે.પૂ.શ્રી ધીરગુરૂદેવે ગુણાંજલિમાં જણાવેલ કે.સહલતા અને સત્વિકતા સભર સદ્ગતનું જીવન પ્રેરણાસ્પદ હતું.આજના કાળમાં આવો સમર્પણ ભાવ દામ્પત્યજીવનમાં જોવા મળે તે લહાવો છે.

# અકસ્માતમાં ઘવાયેલા શાંતિબેન મોઢવાડીયાએ સારવારમાં દમ તોડયો

રાજકોટ તા.૧૦

અકસ્માતમાં ઘવાયેલા શાંતિબેન મોઢવાડીયાએ સારવારમાં દમ તોડયો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત અનુસાર શાંતિબેન હરભમભાઈ મોઢવાડીયા (ઉ.વ.૩૭) ગત તા.૮/૫/૨૦૨૪ ના રોજ પતિ- પત્ની બંને બાઈક લઈ જતા હતા ત્યારે પોરબંદર નજીક બીજા બાઈક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં શાંતિબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પ્રથમ સારવાર પોરબંદર બાદ રાજકોટ વોકઆર્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# પરિણીતાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યાના ગુનામાં આરોપીના જામીન મંજૂર

## તું તારા ઘરેથી નીકળી જા આપણે બંને લગ્ન કરી લઈશું, તેવું કહી પરિણીતાને ભગાડી શારીરિક સબંધ બાંધી તરછોડી દીધી હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાઈ હતી

રાજકોટ, તા.૧૦

પરિણીતાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યાનાં ગુનામાં કેસમાં આરોપીના જામીન મંજૂર થયા છે. તું તારા ઘરેથી નીકળી જા આપણે બંને લગ્ન કરી લઈશું, તેવું કહી પરિણીતાને ભગાડી શારીરિક સબંધ બાંધી તડછોડી દીધી હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાઈ હતી.

કેસની વિગત મુજબ, કોઠારીયા રોડ પર વિવેકાનંદનગરમાં રહેતા આરોપી યોગેશ નરેન્દ્ર જીવરાજાનીએ પાડોશમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા સાથે મોબાઈલ નંબરની આપ-લે કરીને તેણી સાથે પરિચય કેળવ્યો હતો. દરમિયાન પ્રેમ સંબંધ બાંધતા આરોપીએ એક દિવસ પરિણીતાને કહેલું કે, તું તારા ઘરેથી નીકળી જા આપણે બંને લગ્ન કરી લઈશું. જેથી ભોગ બનનારના ઘરેથી નીકળી આરોપી પાસે ગયેલ. આરોપી તેણીને ભગાડી સાળંગપુર તેમજ દ્વારકા લઈ ગયો હતો. ત્યાં તેણી ઉપર દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ આરોપીએ ભોગ બનનાર સાથે સંપર્ક તોડી નાખ્યો હતો. આ અંગે ભક્તિનગર પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ થયેલો. આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરાયો હતો. દરમિયાન આરોપીએ પોતાના વકીલ દ્વારા જામીન અરજી ગુજારી હતી. સેશન્સ કોર્ટમાં અરજી ચાલવા પર આવતા બંને પક્ષોની દલીલો અને રજૂઆતોને ધ્યાને રાખીને કોર્ટે આરોપીને જામીન પર છોડવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ બકુલ રાજાણી, કોમલ રાવલ, પ્રકાશ પરમાર તથા ઈન્દ્રવિજયસિંહ રાઓલ રોકાયેલા હતા.

## રાદડીયા જેવા શકિતશાળી નેતાનું 'સહકારી નેટવર્ક' તોડવામાં ભાજપ નેતાગીરી પણ સફળ ન થઇ શકી

# ઇફકો ચૂંટણી : નેતા જ 'સર્વોપરી', પાર્ટીલાઇનના ચીંથરા ઉડયા

### સહકારી ક્ષેત્રે જ નહીં પાર્ટી લેવલે પણ દુરગામી પ્રત્યાઘાતો પડવાની આશંકા : અત્યાર સુધી દબાવાયેલો 'અવાજ' હવે ખુલીને બહાર આવે તેવા ભણકારા : મેન્ડેટ પ્રથાનું ભાવિ ધુંધળુ હોવાનો ગણગણાટ શરૂ

રાજકોટ, તા. ૧૦

દેશની ટોચની સહકારી સંસ્થા ઇફકોની ચર્ચાસ્પદ બનેલી ચૂંટણીના પરિણામો આવતા દિવસોમાં હવે અનેક પ્રત્યાઘાતો સર્જે તેવા ભણકારા વાગવા શરૂ થઇ ગયા છે, પાર્ટીના સત્તાવાર ઉમેદવારની હારને 'ભાજપનો જ પરાજય' ગણી શકાય તેમ છે ત્યારે હવે ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ પ્રથા પર પૂર્ણવિરામ મુકાઇ જાય તેવી ચર્ચા પણ જોર પકડવા લાગી છે. બીજી તરફ અત્યાર સુધી વ્હીપ કે મેન્ડેટના નામે દબાવાયેલો અવાજ પણ બહાર આવવા લાગે તેવી શકયતા વ્યકત થવા લાગી છે.

ઇફકોની ચૂંટણીનો ભાજપે અમદાવાદના બિપીન પટેલ (ગોતા)ને સત્તાવાર ઉમેદવાર ઘોષીત કર્યા હોય તેમ તેમના નામનો મેન્ડેટ ઇસ્યુ કર્યો હતો અને રાજયભરના ભાજપના સંગઠન મારફત બિપીન પટેલને જીતાડવા માટે મતદારોને સૂચના આપવાનો આદેશ કર્યો હતો. સત્તાવાર ઉમેદવાર સામે રાજકોટના સહકારી નેતા અને છેલ્લી બે ટર્મથી ઇફકોમાં ડાયરેક્ટર પદે રહેલા જયેશ રાદડીયા ઉપરાંત મોડાસાના પંકજ પટેલે પણ ઝુકાવી દીધું હતું. ભાજપના સત્તાવાર



ઉમેદવારે ઉમેદવારી કરી હોવા છતાં રાદડીયા કે પંકજ પટેલે ફોર્મ પાછા ખેંચવાને બદલે 'લડી લેવાનો મિજાજ' દર્શાવ્યો હતો અને તેના આધારે ગઇકાલે ચૂંટણી યોજાઇ હતી. સત્તાવાર ઉમેદવાર બિપીન પટેલને જીતાડવા માટે ભાજપે કમલમથી માંડીને શહેર જિલ્લા સંગઠન મારફત મતદારોને ટેલીફોનિક સૂચનાઓ આપી હતી છતાં તેનું કોઇ પરિણામ નહીં આવતા અને બે તૃતીયાંશ જેટલા મતદારોએ આદેશનો અનાદર કરતા ભાજપ નેતાગીરી પણ સ્તબ્ધ થઇ ગઇ છે.

સહકારી વર્તુળોના જણાવ્યા પ્રમાણે સહકારી રાજકારણ પક્ષીય રાજકારણથી તદ્દન અલગ જ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે સહકારી ક્ષેત્રમાં ચૂંટણી પાર્ટી લેવલે લડવાની નીતિ અપનાવ્યા પૂર્વે અનેક સંસ્થાઓમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ સંયુકત રીતે જ ચૂંટણી લડતા હતા. પાટીલના આદેશ બાદ પ્રથા બદલાઇ હતી. અત્યાર સુધી આ પ્રથાના જોરે જ ૩૦૦થી વધુ સંસ્થાઓમાં ચૂંટણી થઇ હતી અને મેન્ડેટ મુજબ જ ભાજપના ઉમેદવારો જીતતા રહ્યા હતા કદાચ પ્રથમ વખત જ ભાજપ વિરૂધ્ધ ભાજપનો જંગ થયો હતો. જોકે રાજકોટ જિલ્લામાં લોધીકા તાલુકા સંઘ જેવી એકાદ બે સંસ્થાઓની ચૂંટણી વખત અવાજ ઉઠયો હતો પરંતુ પાર્ટી નેતાગીરીએ અવાજ ઉઠાવનારાઓ સામે પગલા લઇને અન્યોને પણ શાંત કરી દીધા હતા. હવે રાદડીયા જેવા શકિતશાળી નેતાએ પાર્ટીલાઇનનો ભંગ કર્યો હોવાથી આવતા દિવસોમાં કેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે તેના પર માત્ર સહકારી જ નહીં પરંતુ ભાજપના નેતાઓની પણ નજર તકાઇ તેમ માનવામાં આવી રહ્યું છે.

ઇફકોના પરિણામે એ સાબિત કરી દીધુ છે કે સહકારી ક્ષેત્રમાં વફાદારી અને વ્યકિતગત નેતા જ સર્વોપરી છે અને તેમાં પાર્ટીલાઇન ગૌણ બની જાય છે. ખાસ કરીને જયેશ રાદડીયા જેવા નેતાના સહકારી નેટવર્કને તોડવાનું ભાજપ માટે પણ શકય બન્યું ન હોવાનું સ્પષ્ટ છે.

# રાદડીયા કેવી રીતે જીત્યા ? 'ટકોરાબંધ' ૬૮ મત ખિસ્સામાં હતા, સંઘાણીનો સાથ મળ્યો

### શહેર જિલ્લા સંગઠનોએ પણ રાદડીયા વિરૂધ્ધ મત નખાવવા માટે મતદારો પર પ્રેસર કરવાના કોઇ ગંભીર પ્રયત્નો ન કર્યાની છાપ

### બિપીન પટેલે વ્યકિતગત ધોરણે અને પ્રદેશથી માંડીને જિલ્લા સંગઠન મારફત 'સ્પષ્ટ મેસેજ' અપાવ્યા છતાં આદેશનો ખુલ્લો અનાદર થયો

### સૌરાષ્ટ્રના તમામ ૯૪ મત ઉપરાંત વધારાના ૧૯ મત રાદડીયાને મળ્યા, તે ગુજરાતના એક મોટા નેતાના જુથ તરફથી અપાયાની શકયતા

### દિલીપ સંઘાણી ઉપરાંત મોહન કુંડારીયા, જયરાજસિંહ જાડેજા, અજય પટેલ સહિતના નેતાઓએ ચૂંટણીમાં રસ લીધો હોવાની ચર્ચા

રાજકોટ, તા. ૧૦

ઇફકોની ચર્ચાસ્પદ બનેલી ચૂંટણીમાં રાજકોટ સહકારી નેતા જયેશ રાદડીયાનો તોતીંગ બહુમતીથી વિજય થયો છે. ભાજપના સત્તાવાર ઉમેદવાર બિપીન પટેલને પછડાટ મળી છે. ચૂંટણીના ત્રીજા ઉમેદવાર પંકજ પટેલ છેલ્લી ઘડીએ બિપીન પટેલની તરફેણમાં ખસી ગયા હોવાની ચર્ચા છતાં બંનેના સંયુકત મત પણ રાદડીયાના મતને આંબી શકયા ન હતા. ત્યારે રાદડીયા આટલુ જોર કેવી રીતે કરી શકયા તે વિશે સહકારી જગતમાં ચર્ચા શરૂ થઇ છે.

સુત્રોના કહેવા પ્રમાણે ચૂંટણીના ૮-૧૦ દિવસ પૂર્વે જ ઇફકોના જંગમાં આંતરીક વિવાદ સર્જાવાના સંકેતો ઉઠી ગયા હતા. રાદડીયાએ ફોર્મ ભર્યુ તે પૂર્વે જ બિપીન પટેલ નામનો મેન્ડેટ ભાજપે ઇસ્યુ કરી દીધો હોવાનું જાહેર થઇ જતા ચૂંટણી સરળ નહીં હોય તે સ્પષ્ટ બની ગયું હતું. આ સંજોગોમાં રાદડીયાનું 'સહકારી નેટવર્ક' તૈયાર જ હતું અને ત્રિપાંખીયો જંગ ખેલાવવાનું સ્પષ્ટ થઇ જતા તેઓએ એક જ ઝાટકે રણનીતિ અમલમાં મુકી દીધી હતી. રાદડીયાને અગાઉથી જ ગંધ આવી ગઇ હોય કે પછી રાજકારણનો ભાગ હોય, ઇફકો માટેના ડેલીગેટ મતદારોની પસંદગી પ્રક્રિયા વખતે જ તેઓએ પોતાને વફાદાર રહે તેવા મતદાર પસંદ કરાવ્યા હતા. રાદડીયાની નજીકના વર્તુળોનું માનવામાં આવે તો તેઓ પાસે ૬૮ મત તો ટકોરાબંધ હતા અર્થાત વફાદાર મતદારો કોઇના પણ આદેશને માન્યા વિના રાદડીયાને જ મત આપે તેમ હતા. આ તકે તેમને ઇફકોના ચેરમેન એવા સહકારી નેતા દિલીપ સંઘાણીનો સાથ મળી ગયો



હતો અને ત્યાંથી જ જીત નિશ્ચિત બની ગઇ હતી. એવી ચર્ચા છે કે રાદડીયાના ૬૮ અને દિલીપ સંઘાણીના ૨૯ મત ઉમેરાઇ તે સાથે જ જીત સ્પષ્ટ થઇ જાય તેમ હતી એટલે તેઓએ પાર્ટી સત્તાવાર ઉમેદવારમાં બદલાવ કરે કે ન કરે લડી લેવાનું નકકી કરી લીધુ હતું અને તેનું પરિણામ પણ આવી ગયું છે. દિલીપ સંઘાણી ઉપરાંત મોહનભાઇ કુંડારીયા, જયરાજસિંહ જાડેજા, ગુજરાતના સહકારી નેતા અજય પટેલ જેવા આગેવાનોએ પણ રસ લીધો હોવાનું કહેવાય છે. રાદડીયાને સૌરાષ્ટ્રના તમામ ૯૪ મત મળ્યા ઉપરાંત વધારાના ૧૯ મત મળ્યા હોવાની પણ છાપ છે અને આ મત ગુજરાત તરફના એક વગદાર સહકારી નેતાના જુથ તરફથી અપાયાનું મનાય છે.

એવી ચર્ચા છે કે ભાજપ દ્વારા બિપીન પટેલને સત્તાવાર ઉમેદવાર ઘોષીત કરીને રાજયભરના સંગઠન હોદ્દેદારોને મેન્ડેટ મોકલાવ્યા હતા અને મતદારોને બિપીન પટેલની તરફેણમાં મત આપવાની સૂચના આપવાનો આદેશ કર્યો હતો. પરંતુ શહેર જિલ્લા સંગઠનોએ પણ આ મેન્ડેટનું પાલન કરાવવા માટે કે રાદડીયા વિરૂધ્ધ મતદાન કરવા માટે મતદારો પર કોઇ પ્રેસર કરવાના ગંભીર પ્રયત્નો કર્યા ન હતા. બિપીન પટેલે પણ જીતવા માટે પણ વ્યકિતગત ધોરણે તેમજ પ્રદેશ કાર્યાલય કમલમથી લઇને જિલ્લા કક્ષાના સંગઠન હોદ્દેદારો મારફત મતદારોને મેસેજ અને સૂચના અપાવ્યા હતા. છતાં મતદારો તે માન્ય ન હોવાનું સ્પષ્ટ થઇ જાય છે.

હવે ઇફકોનું પરિણામ આવી ગયું છે અને ભાજપના સત્તાવાર ઉમેદવારની હાર થઇ ગઇ છે. ત્યારે રાજયભરના ભાજપના આગેવાનોમાં અનેકવિધ અટકળોનો દૌર શરૂ થયો છે. નેતાગીરી પણ સ્તબ્ધ થઇ ગઇ છે. આવનારા દિવસોમાં હવે કોઇ વધુ પ્રત્યાઘાતો પડે છે કે કેમ તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

## લીવ ઈન પાર્ટનર સાથે સેકસ માણવા પેરોલ મળી શકે નહીં: હાઈકોર્ટ




નવી દિલ્હી તા.૧૦

જેલમાં રહેલા કેદીઓને પેરોલની મળતી સુવિધામાં લીવ ઈન પાર્ટનર સાથે સેકસ સંબંધો માટે પેરોલની સુવિધા આપી શકાય નહી તેવો ચુકાદો દિલ્હી હાઈકોર્ટે આપ્યો છે. ભારતના કાનૂન અને જેલના નિયમોમાં આ પ્રકારની છુટ્ટ નથી અને કેદી તરીકે રહેલ વ્યક્તિ તેને પોતાના લીવ ઈન પાર્ટનર સાથે બાળક હોવું એ મૂળભૂત અધિકાર નથી. એક વ્યક્તિએ પોતે પરણીત હોવાનું અને પત્ની મૌજૂદ હોવાનું છુપાવીને લીવ ઈન પાર્ટનરને બાળક થાય તે માટે તેની સાથે મર્યાદીત સમય માટે રહેવા પેરોલની માંગણી કરી હતી.

અદાલતે કહ્યું હતું કે ભારતના કાયદામાં પત્ની કે પછી લીવ ઈન પાર્ટનર સાથે જાતીય સંબંધો જળવાઈ રહે તે માટે પણ આ પ્રકારે કેદીને પેરોલની છુટ્ટ આપતો નથી. હાઈકોર્ટના ન્યાયમૂર્તિએ આ નિરીક્ષણ વ્યક્ત કર્યુ હતું. પેરોલ માંગનાર કેદી પરણીત હતા અને તેને ત્રણ સંતાનો પણ હતા. તેમ છતાં પણ તે લીવ ઈન પાર્ટનર સાથે રહેતો હતો અને એક તબકકે તેને પોતાની પત્ની અંગે અદાલતને માહિતી પણ આપી ન હતી.

## છેડતીના કેસમાં સીસીટીવી જાહેર કરી પશ્ચિમ બંગાળના રાજયપાલ ફસાઈ ગયા

કોલકતા તા.૧૦

પશ્ચિમ બંગાળના રાજયપાલ ટી.વી.આનંદબોસ પર રાજભવનમાં એક મહિલાએ છેડતીના આરોપ મુકયા હતા અને તે મુદ્દે રાજ્ય સરકારે તપાસના પણ આદેશ આપ્યા હતા પરંતુ મહિલાનો આરોપ છે કે રાજયપાલે પોલીસને રાજભવનમાં પ્રવેશવા પણ દીધી ન હતી. પરંતુ તેણે પોતે આ




પ્રકારનું કૃત્ય કર્યુ નથી તેવું દર્શાવવા માટે સીસીટીવી ફુટેજ રિલીઝ કરતા આ રીતે મહિલાની ઓળખ છતી કરી દેતા હવે તેમની સામે એ નવો આક્ષેપ થયો છે. સામાન્ય રીતે મહિલા સામેના આ પ્રકારના અપરાધમાં તેનું નામ કે તેની ઓળખ પ્રસ્થાપિત થાય તેવી કોઈ માહિતી જાહેર કરી શકાતી નથી અથવા તો તસ્વીરો પણ રિલીઝ કરી શકાતી નથી પણ રાજયપાલે તેમ કરીને આ કાનૂનનો ભંગ કર્યો છે. મહિલાએ પોલીસ સ્ટેશનમા જણાવ્યું હતું કે તા.૨૪ એપ્રિલના રાજયપાલે તેમને બપોરે મળવા માટે બોલાવી હતી અને કેટલીક ચર્ચા બાદ તેણે મને સ્પર્શ કરીને અણછાજતી ચેષ્ટા કરી હતી. હું કોઈપણ રીતે બહાર જવામાં સફળ થઈ બાદમાં તા.૨ મે ના રોજ ફરી બોલાવી હતી અને તેણે મારા પ્રમોશન સહિતની વાત કરીને ફરી મારી છેડતી કરવાનો પ્રયત્ન કર્યો હતો.

## ટાટા સ્ટીલના બિઝનેસ હેડનો હત્યારો એન્કાઉન્ટરમાં ઠાર



શાહીયાબાદ તા.૧૦

એક લુંટના પ્રયાસો દરમ્યાન ટાટા સ્ટીલની સહયોગી કંપની ટાટા પ્રવેશના બીઝનેસ હેડની હત્યામાં સામેલ અપરાધીને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર માર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે ટાટા સ્ટીલના બીઝનેસ હેડ વિનય ત્યાગી પર ૩ મે ના રોજ તેના ઘરથી થોડા સો મીટર દૂર જ લુંટના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હતો અને તેમની હત્યા કરીને લુંટારુ દોઢ લાખ રૂપિયા રોકડા, લેપટોપ, મોબાઈલ સહિતની લુંટ ચલાવીને નાસી છુટયા હતા. પોલીસે આ સંદર્ભમાં સીસીટીવી ચકાસ્યા બાદ આરોપીની ઓળખ મેળવી હતી જેમાં એક આરોપી અકી ઉર્ફે દક્ષને ઝડપવા જતા તેણે પોલીસ પર ગોળીબાર કર્યો હતો અને બાદમાં પોલીસે બચાવમાં વળતો ગોળીબાર કરતા તે ઠાર મરાયો હતો.

## જરૂર પડે તો અમે એકલા લડીશું: ઈઝરાયેલનો અમેરિકા સામે ગુસ્સો

ઈઝરાયેલ દ્વારા ગાઝા બાદ હવે દક્ષિણના શહેર રફાહ પર હુમલાની તૈયારી કરી રહેલ છે પરંતુ અમેરિકાએ તેને આ માટે રોકતા



ધમકી આપી હતી કે જો ઈઝરાયેલ રફાહ પર હુમલો કરશે તો અમે તેમની શસ્ત્ર પુરવઠો રોકી દેશુ અને તેને લશ્કરી સહાય પણ બંધ કરી દેશું પરંતુ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન યાહુએ જણાવ્યું કે રફાહ પર આક્રમણ કરવા અમારી પાસે પુરતા હથિયાર છે અને અમે એકલા જ લડવા માટે સક્ષમ છીએ. સામાન્ય રીતે અમેરિકાની શસ્ત્ર સહાય પર નિર્ભર રહેતા ઈઝરાયેલના આ દાવા પછી હવે તે કયાં સ્ત્રોતમાંથી શસ્ત્રો મેળવે છે તે જોવું રસપ્રદ બનશે.






## ચૂંટણી સ્ટાફને હજુ મહેનતાણાની રકમ નહીં ચૂકવાતા દેકારો

### રૂા.દોઢ કરોડની ગ્રાંટ મંજૂર પણ ફાળવણીમાં વિલંબ

રાજકોટ તા.૧૦

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના ત્રણ દિવસ જેવો સમય પસાર થવા છતા ચૂંટણી સ્ટાફને તેમના મહેનતાણાની રકમ હજુ નહી ચૂકવાતા કર્મચારીઓમાં દેકારો બોલી જવા પામ્યો છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ૨૨૩૬ બુથો પર ૧૧૦૦૦થી વધુ કર્મચારીઓએ આ વખતે ફરજ બજાવી છે. ચૂંટણી સ્ટાફને ચૂંટણીપંચ દ્વારા બે દિવસની ફરજનું મહેનતાણુ ચૂકવવામાં આવે છે જેમાં પ્રીસાઈડીંગ ઓફીસરને ૨૦૫૦ પોલીંગ ઓફીસરને ૧૫૫૦, પટ્ટાવાળા કર્મચારીને રૂા.૮૫૦ ચૂકવવામાં આવે છે. એક બુથ દીઠ રૂા.૭૫૫૦ મહેનતાણાની રકમ કર્મચારીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત તાલીમના અલગથી રૂા.૩૫૦-૨૫૦ જેવી રકમ ચુકવવામાં આવે છે. કર્મચારીઓને આ મહેનતાણાની રકમ તેમના બેંક એકાઉન્ટમાં જ ડાયરેકટ જમા કરાવવામાં આવે છે. કર્મચારીઓને મહેનતાણુ ચુકવવા માટે ચૂંટણી પંચ દ્વારા ૧.૫૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી દેવામાં આવી છે. પરંતુ ફાળવણીમાં વિલંબ થતા કર્મચારીઓને મહેનતાણાના રકમ હજુ સુધી મળી નથી.

આ અંગે સુત્રોએ જણાવ્યું હતું કે ટુંક સમયમાં આ ગ્રાન્ટ મળે તુરંત જ કર્મચારીઓને તેમના બેંક ખાતામાં મહેનતાણાની રકમ જમા થઈ જશે.

## શેરબ્રોકરને બાય બાયઃ રોકાણકારો સીધા જ તેમના ખાતામાં શેર તેમજ પેમેન્ટ મેળવી શકશે

શેરબજાર પર નિયંત્રીત કરતી સરકારી સંસ્થા ધ સીકયુરીટી એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયાએ હવે શેર ટ્રેડીંગમાંથી ખાસ કરીને રીટેઈલ ઈન્વેસ્ટરને શેરબ્રોકરનો સહારો ન લેવો પડે તે સીસ્ટમ તૈયાર કરી રહી છે. શેરબ્રોકરો તેના ગ્રાહકોના શેર સ્ક્રીપ્ટનો કે નાણાનો દુરુપયોગ કરતા હોય છે. ગ્રાહકોના ડીમેટ ખાતા તેમની પાસે હોય છે અને શેર ખરીદ વેચાણના નાણા પણ ગ્રાહકના ખાતામાંથી જમા-ઉધાર થાય છે. હવે તે ગ્રાહકના સીધા બેંક એકાઉન્ટમાં જ નાણા જમા-ઉધાર થાય તે વ્યવસ્થા વિચારી રહી છે. સ્વૈચ્છીક રીતે આ વ્યવસ્થા અમલમાં છે. આ જ રીતે ડીમેટ એકાઉન્ટ પર ગ્રાહકનો પોતાનો અંકુશ હશે.


**રાજકોટ કન્યા છાત્રાલયમાં પ્રવેશ**

- પંચવટી મેઈન રોડ ઉપર ૧૯૯૧ (૩૨ વર્ષ) થી સતત કાર્યરત.
- નજીકમાં કિષ્ના, ભરાડ, મોદી, ઉત્કર્ષ, કોટેચા, કણસાગરા, માં આનંદમયી, P&B, SV વિરાણી સ્કુલ-કોલેજની નજીક તથા પ્રાઇમ હોસ્પિટલને લાગુ.
- ૨૪ કલાક ગૃહમાતાની હાજરી નિયંત્રણ અને ટ્રસ્ટના પ્રમુખનું સીધ્ધુ નિયંત્રણ
- ૨૪ કલાક લાઇટ-પાણી, RO વોટર, શિયાળામાં સોલારની સગવડ.
- સામાન્ય ફી, સીકયોરીટી, CCTV, ફાયર સેફટી, સલામતીની ખાત્રી.
- પરિક્ષા, કલાસીસ, ટ્રેનીંગ, નોકરીયાત કે અન્ય માટે ખાસ પ્રવેશ વ્યવસ્થા.
- ત્રણેય ટાઇમ ૧૩ આઇટમનું તાજુ ને સ્વાદિષ્ટ બુફે ભોજન.
- જૈન ભોજનની ખાસ અલાયદી વ્યવસ્થા.
- રવિવારે, તમામ તહેવારે મીઠાઇ, ચેઇન્જ છાત્રાની માંગણી પ્રમાણે.

SIMPLE

સંપર્ક : પ્રમુખ - ૯૮૨૫૨ ૧૯૬૦૯, મે.ટ્રસ્ટી - ૯૪૨૭૨ ૫૪૨૩૯

**લેડીઝ સ્ટાફ ▸▸▸▸▸ જોઇએ છે**

કોમ્પ્યુટર-ઈન્ટરનેટના જાણકાર તથા કોમ્યુનિકેશન સ્કીલ ધરાવતા લાંબા સમય સુધી જોબ કરી શકે તેવા પરણીત/અપરણીત ઉમેદવાર

સંપુર્ણ વિગત તથા ફોટાવાળી અરજી સાથે રૂબરૂ સંપર્ક કરવો.

૨૦૮-૯, બીજા માળે, ક્રિએટીવ ચેમ્બર, કનક રોડ, એસ.ટી.બસપોર્ટ પાછળ, રાજકોટ.

**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે. ૨૦માં એડીશનલ સીનીયર સીવીલ જજ **એમ.એમ. શેખ** સાહેબની કોર્ટમાં દીવાની પરચુરણ અરજી નં. ૧૦૮૪ સને-૨૦૨૪ના કામમાં અરજદારો **(૧) રવિ અશ્વિનભાઇ રાઠોડ તથા (૨) રોહિત અશ્વિનભાઇ રાઠોડ** રહે. રાજકોટવાળાએ ગુજ. **સ્વ. જોષનાબેન ઉર્ફે જ્યોત્સનાબેન અશ્વિનભાઇ રાઠોડ**ની માલીકીની ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટના સબ ડીસ્ટ્રીક્ટ રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૧૨૪ બીન ખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે પેડક રોડ ઉપર આવેલ છે. જે 'ખોડીયાર કોમ્પલેક્ષ-બી'ના નામથી ઓળખાય છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નં. ૧/બી જેનો બીલ્ટઅપ એરીયા ૯૯-૫૬ ચો.ફુટ બરાબર ૯-૨૫ ચો.મી. (સીટી સર્વે વોર્ડ નં. ૧૨, સીટી સર્વે નં. ૧૧૫૮ પૈકી)નું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે એડવોકેટ **મુકેશ જી. જરોલી, હાર્દિક જી. ચૌહાણ, મેઘના બી. ઝરીયા, કુલદીપ પી. રામાનુજ** મારફત ઉપરોક્ત દીવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય, સદરહું અરજી સબંધે જે કોઇ શખ્સને વાંધો કે તકરાર હોય તેમણે મુદત તા.૨૭-૬-૨૦૨૪ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા. ગેરહાજર રહેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની આથી લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૧૦ માહે મે સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

હુકમથી
**જે.વાય. પંડયા**
ઇ/ચા. રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ
રાજકોટ.
કોર્ટનો સિક્કો

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર
**સોલંકી એ.કે.**
(આસીસ્ટન્ટ)

**સ્ટાફ જોઇએ છે**

તક્ષશીલા એજ્યુ.એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-બોટાદ સંચાલિત શ્રી આદર્શ શૈક્ષણિક સંકુલ, હડદડ (બોટાદ)મા ચાલતા નીચે જણાવેલ વિભાગો માટે નીચેની જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે, તો લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંપૂર્ણ બાયોડેટા તથા જરૂરી તમામ પ્રમાણપત્રો (સ્વપ્રમાણિત), ફોટોગ્રાફ સાથે નીચે જણાવેલ સરનામે દિવસ-૧૦માં અરજી કરવી.

| ક્રમ | વિભાગ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત |
|---|---|---|---|---|
| ૧. | બોયઝ હોસ્ટેલ | ગૃહપતિ | ૧ | સ્નાતક-અનુભવ |
| ૨. | ગર્લ્સ હોસ્ટેલ | ગૃહમાતા | ૧ | સ્નાતક-અનુભવ |
| ૩. | ડી.એલ.એસ.એસ. | મેનેજર | ૧ | સ્નાતક-અનુભવ |
| ૪. | શ્રી આદર્શ બી.એડ્. કોલેજ | આસી.પ્રોફેસર (પી.ટી.આઈ) | ૧ | એમ.પી.એડ્. અને Ph.D./NET/GSET |

(૧) ગૃહપતિ અને ગૃહમાતાની જગ્યા પર અનુભવી ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે-પગાર પ્રવર્તમાન નિયમ મુજબ આપવામાં આવશે. (૨) ડી.એલ.એસ.એસ. મેનેજર તરીકે ડી.એલ.એસ.એસ.સંકુલમાં કામ કરેલ હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે. પગાર ડી.એલ.એસ.એસ.ના નિયમ મુજબ આપવામાં આવશે. (૩) આસી.પ્રોફેસર (પી.ટી.આઈ)ની ભરતી યુનિવર્સિટીના નિયમોનુસાર કરવામાં આવશે. પગાર ધોરણ યુ.જી.સી., રાજ્ય સરકાર તથા યુનિ.ના નિયમોનુસાર રહેશે. (૪) સમાલાપમાં સ્વખર્ચે આવવાનું રહેશે.

**અરજી મોકલવાનું સ્થળ**
પ્રમુખશ્રી/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
તક્ષશિલા એજ્યુ.એન્ડ ચેરી.ટ્રસ્ટ,
આદર્શ શૈક્ષણિક સંકુલ, હડદડ-બોટાદ રોડ,
હડદડ(બોટાદ), તા.બોટાદ, જી.ભાવનગર.

**પ્રવેશ જાહેરાત**

લાલબહાદુર શાસ્ત્રી કેળવણી મંડળ, રાજકોટ- સંચાલિત

**એમ.જે. કુંડલિયા આર્ટ્સ & કોમર્સ મહિલા કોલેજ**

(NAAC દ્વારા માન્યતા પ્રાપ્ત અને સૌરાષ્ટ્ર યુનિ.સંલગ્ન)

રાષ્ટ્રીય શાળા સંકૂલ, રાજકોટ. ફોન: 2480272, વોટ્સઅપ નંબર: 94290 99978

સ્કોલરશીપની સુવિધા

ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમ

B.C.A. B.Com. B.A.

AICSM નાં સરકાર માન્ય ટુંકા ગાળાના કોર્ષ

CCC Tally તેમજ અન્ય ઘણા બધા કોમ્પ્યુટર કોર્ષ

દર વર્ષે 90% થી વધારે રીઝલ્ટ

- અનુભવી અને તજજ્ઞો દ્વારા ઉત્તમ શિક્ષણ
- ઈન્ટરનેટની સગવડ સાથેનું વિશાળ ગ્રંથાલય
- વિદ્યાર્થીની દીઠ એક કોમ્પ્યુટર સાથેનું વિશાળ કેમ્પસ

જોબ પ્લેસમેન્ટ

▸ એડમીશન રવિવારે ચાલુ રહેશે ▸ Website : www.mjkacc.com

મનસુખભાઇ જોશી, મંત્રી — ડૉ.સ્મિતાબેન એસ. ઝાલા, પ્રિન્સીપાલ

MANISH ADS

**શ્રી મીરામ્બિકા શૈક્ષણિક સંકુલ**

Congratulations

બોર્ડનું પરિણામ 91.93% — H.S.C. Result-2024 — શાળાનું પરિણામ 100%



| | | | | |
|---|---|---|---|---|
| ચૌહાણ મનાલી 96.90 PR | પરમાર ખુશી 96.58 PR | સોરાણી અવની 94.83 PR | ચાવડા સુહાની 92.82 PR | ચૌહાણ પ્રિયંકા 91.69 PR |
| સાવંત રશ્મિ 90.48 PR | સોલંકી શ્રીજય 90.27 PR | ઝરીયા વિશાખા 90.06 PR | ચાવડા ઉર્મિલા 100 માંથી 100 ACCOUNT | સોલંકી અંજુ 82.34 % (ધો.12 સાયન્સ) |

તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...

આચાર્યશ્રી : મયુરધ્વજસિંહ બી. જાડેજા

BBA/BCA B.Com/BA, B.Ed ઓનલાઇન ફોર્મ તેમજ માહિતી માટે આજે જ રૂબરૂ મળો.

વધુ માહિતી માટે સંપર્ક કરો 94284 63300 0281-2380144

કોલેજ પર સવારે ૮ થી ૧૨ બપોરે ૧ થી ૬માં આવી રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

અંબાજી કડવા પ્લોટ,સ્વામિનારાયણ ચોક, રાજકોટ

SIMPLE

# કાર્બાઇડ-કેમીકલથી કેરી પકવવાના ધંધા રોકવા દરોડા શરૂ : ૧૯ દુકાનોમાં ચેકીંગ

## રૈયા રોડ, સદર, પંચનાથ પ્લોટ, કિસાનપરાની મેંગો માર્કેટમાં ફૂડ શાખા ઉતરી પડી : લાયસન્સ સહિતની સૂચનાઓ : મઢી ચોક સહિતના ખાણીપીણી સહિતના ૧૫ ધંધાર્થીને ફૂડ વિભાગની નોટીસ

રાજકોટ, તા. ૧૦

ઉનાળામાં કેરીનું ધુમ વેંચાણ શરૂ થઇ ગયું છે ત્યારે મહાપાલિકાની ફૂડ શાખાએ કાર્બાઇડ અને અન્ય જોખમી કેમીકલના ઉપયોગ અંગે ચેકીંગ શરૂ કરી દીધુ છે. તંત્ર દ્વારા રૈયા રોડ, સદર, કિસાનપરાની કેરી બજારમાં ચેકીંગ ડ્રાઇવ કરીને સૂચનાઓ આપવામાં આવી છે.

ગરમીની સિઝનમાં હાફુસ કેરી ખુબ વેંચાઇ રહી છે. કેસર કેરીની આવક પણ વધી છે ત્યારે કૃત્રિમ રીતે કેરી પકવવાના ધંધા રોકવા ડ્રાઇવ શરૂ કરી દેવામાં આવી છે.

વર્તમાન સિઝનને અનુલક્ષીને કેરીનું વેચાણ કરતાં એકમોમાં કેલ્શિયમ કાર્બાઇડ તથા અન્ય અમાન્ય કેમિકલના ઉપયોગ અંગે ચેકિંગ ડ્રાઈવ કરીને ફૂડ વિભાગ દ્વારા ૧૯ એકમોની તપાસ કરી, લાયસન્સ તથા યોગ્ય જાળવણી અંગે સૂચના અપાઇ હતી.

જે જગ્યા ચેકીંગ કરાયું તેમાં (૧)ન્યુ ભારત ફ્રુટ્સ -અલ્કા પૂરી, રૈયા રોડ. (૨)કિસ્મત ફ્રૂટ્સ- છોટુંનગર મેઇન રોડ, હનુમાનમઢી ચોક પાસે. (૩)બાલાજી - છોટુંનગર મેઇન રોડ, હનુમાનમઢી ચોક પાસે. (૪)નવરંગ સીઝન સ્ટોર, પંચનાથ પ્લોટ. (૫)રામનાથ સીઝન સ્ટોર, પંચનાથ પ્લોટ. (૬)ગેલેક્સી ફ્રુટ્સ, પંચનાથ પ્લોટ. (૭)જે કે સીઝન સ્ટોર, સદર ચોક, (૮)સાઈનાથ સીઝન સ્ટોર, સદર ચોક. (૯)શ્રીનાથજી ફ્રુટ એન્ડ કોલ્ડ્રીંક્સ, સદર ચોક. (૧૦)ભગત ભાઈ એન્ડ સન્સ, સદર બજાર મેઇન રોડ, (૧૧)શ્રીજી સીઝન સ્ટોર્સ, સદર મેઇન રોડ, (૧૨) ઠક્કર કેરી, સદર મેઈન રોડ. (૧૩)ફેમસ સીઝન સ્ટોર, સદર મેઈન રોડ. (૧૪)પ્રતીક સિઝન સ્ટોર, સદર મેઈન રોડ. (૧૫) કલ્પના કેરી ભંડાર, સદર મેઈન રોડ. (૧૬)ભોલેનાથ કેરી ભંડાર, સદર મેઈન રોડ, (૧૭)જય ગુરુદેવ મેંગો ફાર્મ, કિસાન પરા ચોક, (૧૮)પટેલ મેંગો ફાર્મ, (૧૯)શ્રીરામ મેંગો ફાર્મ, કિસાનપરા ચોકનો સમાવેશ થાય છે.



**દુકાનોમાં ચેકીંગ**

ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના હનુમાનમઢી ચોકથી રૈયા રોડ તથા સાધુવાસવાણી રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૯ ધંધાર્થિઓને ત્યાં તપાસ કરતા ૧૫ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરી હતી.

હનુમાનમઢી ચોક થી રૈયા રોડ તથા સાધુવાસવાણી રોડ વિસ્તારમાં આવેલ (૧)પારસ ફરસાણ, (૨)જય હિંગળાજ રેસ્ટોરેન્ટ (૩)હરસિધ્ધિ ફૂડ ઝોન (૪)માં અન્નપૂર્ણા ભોજનલાય (૫)આશીર્વાદ સેલ્સ એજન્સી (૬)શ્રીનાથજી ફરસાણ (૭)સિયારામ આઇસ્ક્રીમ (૮)હિમાલય સોડા શોપ (૯)ગોલા પોઈન્ટ (૧૦)ભૂમી નાસ્તા હાઉસ (૧૧)ભોલેનાથ ડેરી ફાર્મ (૧૨)શ્રી રવિ પ્રોવિઝન સ્ટોર (૧૩) બંસી ફરસાણ (૧૪)જય ઝૂલેલાલ દાળપકવાન (૧૫)જય અંબે દાળપકવાનમાં ચેકીંગ કરીને નોટીસ અપાઇ હતી.

જયારે (૧૬)મુરલીધર ફરસાણ (૧૭) હરભોલે ડેરી ફાર્મ (૧૮)ભગવતી પ્રોવિઝન સ્ટોર (૧૯)અરિહંત પ્રોવિઝન સ્ટોર (૨૦)રામજીભાઇ સન્સ અનાનસવાળા (૨૧)સદગુરુ સ્વીટ નમકીન (૨૨)જલારામ ફરસાણ માર્ટ (૨૩)કૌશર બેકરી (૨૪)જય સિયારામ શોપિંગ સેન્ટર (૨૫)ઠક્કર નમકીન (૨૬)જય બાલાજી ફરસાણ (૨૭)જામનગરી ઘૂઘરા (૨૮)કસ્તુરી ફૂડ (૨૯)જલારામ રેસ્ટોરેન્ટ (૩૦)રાજૂ પાઉંભાજી (૩૧)રવિ રાંદલ ફરસાણ (૩૨)કૃપા જનરલ સ્ટોર (૩૩)તિરુપતિ જનરલ સ્ટોર (૩૪)મહારાજ ફરસાણ (૩૫)ચામુંડા ફરસાણ (૩૬)બડીસ બર્ગર (૩૭)ક્રિષ્ના ડેરી ફાર્મ (૩૮)હરિ ઓમ દાળપકવાન (૩૯)અનિલ મદ્રાસ કાફેમાં ચકાસણી કરવામાં આવી હતી.

# ૮૪-વેપારીઓ પાસેથી ૬.૧૬ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરતુ મ્યુ.કોર્પો

## જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂા.૨૧,૯૦૦નો, દંડ પણ વસુલાયો

રાજકોટ,તા.૧૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા.૯ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૯ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૮૪ આસામીઓ પાસેથી ૬.૧૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૯૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જેમાં સેન્ટ્રલ ઝોનના ઢેબર રોડ, કેવડાવાડી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૨.૨૧ કિ.ગ્રા.




પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો. તથા વેસ્ટ ઝોનના પુનીતનગર ૮૦ ફૂટ રોડ, અમૃતપાર્ક મેઇન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૩.૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૮૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

જયારે ઈસ્ટ ઝોનના થોરાળા મેઈન રોડ, ભાવનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૦.૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૪૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# રાજકોટ જિલ્લા ભાજપ પ્રભારી ધવલ દવેને કાશી મત ક્ષેત્રમાં પ્રચારનો ભાર

## લોકસભાની ચૂંટણી માટે મહત્વની જવાબદારી સોંપતી પાર્ટી



રાજકોટ, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂરી થયા બાદ શહેર જિલ્લાના અનેક આગેવાનોને અન્ય રાજયોમાં ચૂંટણી પ્રચાર અર્થે મોકલવામાં આવી રહ્યા છે. તેમાં પ્રદેશ ભાજપના અગ્રણી અને રાજકોટ જિલ્લાના પ્રભારી ધવલ દવેને ઉતરપ્રદેશમાં લોકસભાની કાશી વિસ્તારની બેઠક માટેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ આજે જ ટીમ સાથે ઉતરપ્રદેશ રવાના થયા છે.

જોનપુર બેઠક ભાજપ માટે પડકારજનક છે. આ જગ્યાએ પાર્ટીએ તેમના પર વિશ્વાસ મુકયો છે. કાશી વિસ્તારની આ બેઠક પર ભાજપને લાંબા સમયથી વિજયનો ઇન્તજાર છે. ભુતકાળમાં આગેવાને નિભાવેલી જવાબદારી અને કરેલી કામગીરી પરથી પાર્ટીએ તેમને આ મહત્વની કામગીરી સોંપી છે.

# દાહોદના નીટ પરીક્ષા ચોરી પ્રકરણમાં તપાસ માટે ખાસ ટીમની રચના કરતી ગુજરાત સરકાર

મેડીકલ વિદ્યાર્થીઓ માટે મહત્વની નીટ એકઝામમાં દાહોદ કેન્દ્રમાં જે રીતે પરીક્ષા ચોરીનું વ્યવસ્થિત રેકેટ ઝડપાયુ તેની તપાસ માટે રાજય સરકારે જિલ્લા પોલીસ વડાના નેતૃત્વમાં ખાસ તપાસ ટીમની રચના કરી છે જેમાં એક ડીવાયએસપી હશે અને એક સપ્તાહમાં તે રીપોર્ટ રાજય સરકારને સુપ્રત કરશે. અત્યાર સુધીમાં આ પ્રકરણમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# રાજકોટ જેલના કેદીએ બોર્ડની પરીક્ષા પાસ કરી

## ઉસ્માનભાઈ ઝુણેજાને ગાંજાના કેસમાં ૨૦ વર્ષની સજા થઈ છે, તે પાંચ વર્ષથી જેલમાં છે

રાજકોટ, તા.૧૦

રાજકોટ જેલના કેદીએ બોર્ડની પરીક્ષા પાસ કરી હતી.ઉસ્માનભાઈ ઝુણેજાને ગાંજાના કેસમાં ૨૦ વર્ષની સજા થઈ છે, તે પાંચ વર્ષથી જેલમાં છે.

જેલ તંત્ર તરફથી જણાવ્યા મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ- ૧૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ. રાજ્યની જેલોમાં રહેલ બંદીવાનો ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની પરીક્ષા આપી શકે તે માટે રાજ્યની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ (આઈપીએસ) દ્વારા વિશિષ્ટ પ્રયાસો હાથ ધરી રાજ્યની જેલોમાં રહેલ બંદીવાનો પરીક્ષા આપી શકે તે માટે જરૂરી માર્ગદર્શન તેમજ સુચનાઓ આપવામાં આવેલ હતી.



જે અન્વયે અત્રેની કચેરી દ્વારા રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનો સંપર્ક કરી જેલમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રહેલ બંદિવાનો દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે પાકા કામના ૪ તથા કાચા કામના ૧ મળી કુલ ૫ બંદીવાનોએ ધોરણ-૧૨ની પરીક્ષા આપેલ હતી. જે પૈકી પાકા કામના કેદી ઉસ્માનભાઇ લઘરભાઇ જુણેજા ઉતિર્ણ થયેલ છે. ઉતિર્ણ થયેલ પાકા કેદીને જેલ અધિક્ષક એ.પી. જાડેજા દ્વારા પુષ્પગુછ આપી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. તેમજ અત્રેના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને પરીક્ષા દરમ્યાન વિશિષ્ટ ફરજ બજાવવા બદલ અભિનંદન પાઠવેલ હતા. કેદી ઉસ્માનભાઈએ અગાઉ ધો.૧૨ની પરીક્ષા આપી ત્યારે અંગ્રેજી વિષયમાં નપાસ થયા હતા. જેથી આ વખતે ફરી અંગ્રેજી વિષયની પરીક્ષા આપતા પાસ થયા છે.

# લોન ચૂકવવા આપેલ ચેક રિટર્ન થતા ભાવના ચાંડેગરાને એક વર્ષની કેદ

## રૂા.૩.૬૫ લાખ ચૂકવવા મંડળીને ચેક આપેલો, વળતરની રકમ ન ચૂકવે તો વધુ ૧ વર્ષની સજાનો હુકમ

રાજકોટ, તા.૧૦

પ્રજાપતિ શરાફી સહકારી મંડળી લી,ના લોની ચાડેગરા ભાવનાબેન સવજીભાઈને ચેક રિર્ટન કેસમાં એક વર્ષની સજા થતા ચેકની રકમ રૂ.૩,૬૫,૦૦૦ વળતર પેટે ચુકવવા અને બે માસમાં વળતર ન ચુકવે તો વધુ ૧ વર્ષની સજાનો હુકમ કોર્ટે કર્યો છે.

કેસની વિગત મુજબ, શહેરમાં આવેલી શ્રી પ્રજાપતિ શરાફી સહકારી મંડળીમાંથી સભ્ય દરજજે આરોપી ચાડેગરા ભાવનાબેને રૂ.૩ લાખ પુરાની લોન લીધી હતી. લોનના ચડત હપ્તાની રકમ ચુકવવા માટે આરોપીએ રૂ.૩,૬૫,૦૦૦નો ચેક આપેલ હતો. ચેક રિટર્ન થતા ફરિયાદી મંડળીએ નોટીસ મોકલી હતી. તેમ છતાં લેણી રકમ ચુકવેલ નહી. જેથી ફરીયાદી મંડળીએ રાજકોટના ચીફ.જયુડી.ની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. જે ફરીયાદ ચાલી જતા મંડળી તરફેના વકીલે કરેલી દલીલો, રજૂ કરેલા પુરાવા અને ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ કોર્ટે આરોપીને એક વર્ષની સજા તેમજ રૂ.૩,૬૫,૦૦૦ વળતર પેટે ફરીયાદીને બે માસમાં ચુકવવા અને વળતરની રકમ ન ચુકવે તો વધુ ૧ વર્ષની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી મંડળી વતી ધારાશાસ્ત્રી રીતેષ એસ. કોટેચા તથા જય કોટેચા રોકાયેલ હતા.

# પંજાબનો આતંકી અમૃતપાલસિંહ દિબરૂગઢ જેલમાંથી લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે

અમૃતસર, તા. ૧૦

ખાલિસ્તાની નેતા અમૃતપાલસિંહને જેલમાંથી લોકસભા ચૂંટણી લડવા માટે ફોર્મ ભરવાની હાઇકોર્ટે છુટ આપી છે. અકાલી દળ અમૃતસર ગ્રુપના સમર્થનથી અમૃતપાલ ખડુરસાહેબ પોતે ચૂંટણી લડી રહ્યા છે તેઓ નેશનલ સિકયુરીટી એકટ હેઠળ દિબરૂગઢ જેલમાં બંધ છે અને પંજાબ સરકારે હાઇકોટને જણાવ્યું હતું કે સોમવારે અમૃતપાલનું નામાંકન જેલમાં જ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અગાઉ અમૃતપાલે ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ૭ દિવસના જામીન માંગ્યા હતા. પરંતુ પંજાબ સરકારે તેનો વિરોધ કર્યો હતો. તેમને દિબરૂગઢની એચડીએફસી બેંકમાં ખાતુ ખોલવાની મંજુરી આપી છે.



**એક તરફ સાંઢીયા પુલ પર ફરી ટ્રાફિકજામ-બાજુમાં સર્વિસ રોડનું હજુ ચાલતુ કામ**

રાજકોટના જામનગર રોડ પરનો જુનો સાંઢીયા પુલ તોડીને નવો બ્રીજ બનાવવાનું કામ તો હજુ શરૂ થતું નથી. તેવામાં હજુ બ્રીજ તોડવાની કાર્યવાહી પણ દસ્તાવેજી પ્રક્રિયામાં રહેલી છે. આ સંજોગોમાં અવારનવારની જેમ આજે પણ સાંઢીયાપુલ પર ટ્રાફિક જામ થઇ ગયો હતો. ભારે વાહનોને અવરજવરની મનાઇ વચ્ચે પણ આજે આવા દ્રશ્યો ફરી જોવા મળ્યા હતા. બીજી તરફ પુલ તોડવાનું શરૂ કરતા પૂર્વે સર્વિસ રોડનું કરવામાં આવી રહેલું કામ હજુ પુરૂ થયું નથી. પરંતુ હવે આ ડામર રોડનું કામ છેલ્લા તબકકામાં હોય થોડા દિવસમાં જ પુરૂ થઇ જશે તેવું ઇજનેરો કહે છે. તસ્વીરમાં ટ્રાફિક જામની બાજુમાં જ પુરૂ થવા આવેલું સર્વિસ રોડનું કામ જોવા મળે છે.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

## મેટોડામાંથી દારુની ૧૨ બોટલ સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ, તા.૧૦

મેટોડામાંથી દારુના બાર ચપલા સાથે પુષ્પરાજસિંહ વાળાને પકડી પાડયો હતો. મળતી વિગત મુજબ મેટોડા જી.આઇ.ડી.સી. પોલીસ મથકના કોન્સ્ટેબલ રવુભાઈ ગીડા, રાજદિપસિંહ ગોહિલ, લક્કિરાજસિંહ જાડેજા પેટ્રોલિંગમાં હતાં દરમિયાન મેટોડા જી.આઈ.ડી.સી ગેટ-૨ની સામે આવેલ શ્રીનાથજી સોસાયટીમાં રોડ પર એક ઈસમ સી.એન.જી ઓટો રીક્ષા લઈને શંકાસ્પદ હાલતમાં ઉભેલ હતો. જેથી રિક્ષાની તપાસ કરતા રિક્ષામાથી દારુના ૧૨ ચપલા સાથે પુષ્પરાજસિંહ રાજેન્દ્રસિંહ વાળા (ઉ.વ.૨૦, રહે.નવાગામ રંગીલા માંધાતા સોસાયટીની આગળ શિવ શકિત રેસીડિન્સી શેરી નં.૦૧ રાજકોટ, મુળગામ-ઢાંક તા.ઉપલેટા) ને દબોચી લીધો હતો. પોલીસે દારુના ચપલા સહીત રિક્ષા કબ્જે કરી રૂ. ૧૨૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### વધુ બે હદય ધબકારા ચૂક્યું

# બાપાસીતારામ ચોક પાસે કારખાનેદાર બટુકભાઈ અને ભગીરથ સોસાયટીમાં ધીરૂભાઈનું હાર્ટએટેકથી મોત

## શાપરમાં કારખાનું ધરાવતાં ૬૨ વર્ષીય બટુકભાઈ ઘરે જ ઢળી પડ્યાં: જ્યારે લીવરની બીમારીથી પીડિત ૫૨ વર્ષીય ધીરૂભાઈએ સારવારમાં દમ તોડ્યો: પરીવારમાં શોક

રાજકોટ. તા.૧૦

શહેરમાં હાર્ટએટેકના બનાવો અવીરત રહ્યાં હોય તેમ વધું બે હદયે દગો દેતાં મોતને ભેંટયા હતાં. બાપાસીતારામ ચોક પાસે રહેતાં કારખાનેદાર બટુકભાઈ પાનસૂરિયા અને ભગીરથ સોસાયટીમાં રહેતાં ધીરૂભાઈ પાનસૂરિયાનું હાર્ટએટેકથી મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, મવડી પ્લોટમાં રામધણ પાછળ શ્રીનાથજી સોસાયટીમાં રહેતાં બટુકભાઈ રણછોડભાઈ પાનસૂરિયા (ઉ.વ.૬૨) આજે વ્હેલી સવારે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેઓએ પુત્રને જાણ કરતાં સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એલ.બી.ડીંડોર દોડી ગયાં હતાં અને જરૂરી કાર્યવાહી કરી હતી.

વધુમાં મૃતક શાપરમાં પ્લાસ્ટિકના બોક્સનું કારખાનું ધરાવતાં અને સંતાનમાં એક પુત્ર છે. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

બીજા બનાવમાં સંત કબીર રોડ ભગીરથ સોસાયટી શેરી નં-૧૨ માં રહેતાં ધીરૂભાઈ ખોડાભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૨) ગઈકાલે રાત્રે સૂતા બાદ સવારે ઉઠયા જ ન હતાં પરિવારજનોએ તપાસ કરતાં તેઓ બેભાન હાલતમાં જોવા મળતા તેઓને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી. ડિવિઝન પોલીસને જાણ કરી હતી. વધુમાં તેઓ અપરણિત અને દારુની ટેવ ધરાવતા હતા. તેમજ લિવરની બીમારીથી પીડીત પણ હતાં. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

# પડોશી દેશે દોસ્તીનો હાથ લંબાવતા વિદેશમંત્રી બોલ્યા- અમારો ઉપકાર માલદીવ ન ભૂલે

## અમારી પરિયોજનાઓથી માલદીવના લોકોને લાભ મળ્યો છે: એસ.જયશંકર

નવી દિલ્હી તા.૧૦

કેટલાક સમય પહેલા ભારત વિરોધી નિવેદન આપનાર માલદીવના નેતાઓને તેમની ભૂલનો અનુભવ થતા ભારતના વિદેશમંત્રીએ માલદીવને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું હતું કે અમારો ઉપકાર માલદીવ ન ભૂલે.

તાજેતરમાં માલદીવના વિદેશમંત્રી જમીરે જણાવ્યું હતું કે જે થયું તે સરકારનો વિચાર નહોતો અને અમારું માનવું છે કે આવું નહોતું થવું જોઈતું, જયારે ભારતે પણ પડોશી મુલ્ક સાથે સંબંધો બહેતર બનાવવા પર જોર આપ્યું છે.

વિદેશમંત્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે બન્ને દેશો વચ્ચેના સંબંધો પરસ્પર સંવેદનશીલતા અને હિતો પર આધારિત છે. એસ.જયશંકરે ભારત તરફથી માલદીવને કરવામાં આવેલા ઉપકારની યાદ પણ કરાવી કહ્યું હતું કે અમારા દેશની યોજનાઓએ માલદીવના લોકોના જીવનને પણ લાભ અપાવ્યો છે.

# ચેક રિટર્નના ૬ કેસમાં સજાનો હુકમ રદ કરતી સેશન્સ અદાલત

## રાજકોટ સ્થિત દુર્ગેશ ઈમ્પેક્ષ પાસેથી ખોળ લીધા બાદ બાકી રહેતી રકમ ચૂકવવા કૈલાસ ટ્રેડિંગ પેઢીના આનંદ મોહનાનીએ ચેક આપ્યા હતા

રાજકોટ, તા.૧૦

સેશન્સ અદાલતે ચેક રિટર્નના ૬ કેસમાં સજાનો હુકમ રદ કર્યો છે. રાજકોટ સ્થિત દુર્ગેશ ઈમ્પેક્ષ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી રાજકોટ ખાતે આવેલી કૈલાસ ટ્રેડિંગ નામની પેઢીએ શીડ કેક (ખોળ)ની ખરીદ કરી હતી. કૈલાસ ટ્રેડિંગ પેઢીના પ્રોપરાઈટર આનંદ અમુતલાલ મોહનાનીએ બાકી રકમ રૂ.૧૧,૬૭,૩૪૬ રહેતી હોય તે ચુકવવા માટે રૂ.૧,૦૦,૦૦૦ ના અલગ-અલગ ચેકો આપેલા હતા.



દુર્ગેશ ધનકાણી
એડવોકેટ

જે પૈકી ૬ ચેક રિટર્ન થતા કૈલાસ ટ્રેડિંગના આનંદ મોહનાનીને નોટિસ પાઠવવા છતાં રકમ ચૂકવી નહોતી. જેથી કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ચાલી જતા કોર્ટે આનંદ મોહનાનીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી, સાથે ચેકની રકમનું વળતર ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૬ માસની સાદી કેદ ની સજા કરતો હુકમ કર્યો હતો. જેથી આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી કરી હતી. અપીલ ચાલતા કોર્ટે આરોપીના એડવોકેટ દુર્ગેશ ધનકાણીની દલીલો તથા રજુઆતોને ધ્યાને લઇ સેશન્સ જજ હરીશ હસમુખભાઈ વર્માએ આરોપીને નીચેની કોર્ટએ કરેલી એક વર્ષની સજા તથા વળતર નો હુકમ રદ કરતો હુકમ કર્યો હતો. સાથો સાથ નીચેની ટ્રાયલ કોર્ટને ડિરેક્શન આપી નવેસરથી મેરીટસ ઉપર કેસનો ન્યાયિક નિર્ણય કરવાનો હુકમ ફરમાવેલો છે. આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વિજય સીતાપરા, વિવેક સોજીત્રા, પ્રદીપ બોરીચા, દિવ્યાબા વાળા, તથા જેનીશ સરધારા, સંજયભાઈ કાટોળીયા રોકાયેલા હતા.

# સર્વોદય સોસાયટીના યુવકનું બેભાન હાલતમાં મોત

રાજકોટ તા.૧૦

સર્વોદય સોસાયટીનો યુવક પોતાનાં ઘરે બેભાન થઈ ઢળી પડયો હતો. બાદ યુવકનું બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું.

બનાવની વિગત મુજબ વિરાણી હાઈસ્કુલ પાછળ સર્વોદય સોસાયટી શેરી નં-૪માં રહેતો મહેશ વેલજીભાઈ સોલંકી (ઉ.વ.૩૬) નામનો યુવક આજે સવારે પોતાના ઘરે બેભાન થઈ જતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા તેઓનાં પરિવારજમાં કલ્પાંત છવાયો છે. મૃતક માનસીક બિમાર હતો. તેઓ ત્રણ ભાઈ અને ચાર બહેનમાં સૌથી નાનાં હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું.



**સોરઠીયાવાડી ચોકમાં ચોમાસા પહેલા સર્કલ રીપેર કરવાની કામગીરી**

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સોરઠીયાવાડી ચોકમાં વર્ષોથી ફુવારા સાથેનું સર્કલ જાળવવામાં આવ્યું છે. આ સર્કલની સામેના ખુણે ડિવાઇડર સાથેના આઇલેન્ડની જગ્યા પડતર જેવી બની ગઇ હતી. આ નાનુ સર્કલ આજે તોડીને નાનુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિકને વધુ સરળતા મળે અને ચોમાસામાં પાણી ન ભરાય તે માટે આ કામગીરી કરવામાં આવ્યાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

(તસ્વીર : દેવેન અમરેલીયા)

# રાજકોટ શહેરમાં મહાપાલિકાની ચૂંટણી કરતા વધુ, વિધાનસભાની ચૂંટણી કરતા લોકસભામાં ઓછું મતદાન

## તમામ ૧૮ વોર્ડમાં વોર્ડ નં.૧૧ સૌથી ઉપર-વોર્ડ નં.૧૮ છેલ્લા ક્રમે : પોશ એરીયાવાળા વોર્ડમાં ઘણુ સારૂ મતદાન થઇ ગયું : કુલ પડેલા ૧૨.૫૮ લાખ મતમાંથી ૬.૭૮ લાખ રાજકોટ શહેરના છે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ લોકસભાની ચૂંટણી ભારે ગરમી અને રાજકીય હીટવેવ વચ્ચે સંપન્ન થઇ છે. આ ચૂંટણીમાં ગત વખત કરતા સાડા ત્રણ ટકા ઓછું એટલે કે ૫૯.૬૦ ટકા જેટલું પ્રમાણમાં નીચુ પ્રમાણ થયું છે. છતાં ગત વખત કરતા કુલ મતદારોની સંખ્યા વધી હોય મત વધુ પડયા છે. રાજકોટ લોકસભામાં કુલ ૭ વિધાનસભા મતક્ષેત્ર આવે છે. આ પૈકી રાજકોટ વિધાનસભાની ચાર બેઠક હેઠળ આવતા રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડના મતદાનના આંકડા બહાર આવ્યા છે. રાજકોટ જિલ્લાના ૫૯.૬૦ ટકા મતદાન સામે રાજકોટ શહેરના ૧૮ વોર્ડનું ૫૭.૯૦ ટકા મતદાન થયું છે.

પૂરા રાજકોટ મહાનગરમાં સૌથી વધુ મતદાન પાટીદારોના પ્રભુત્વવાળા વોર્ડ નં. ૧૧માં ૬૨.૯૫ ટકા થયું છે. તો સૌથી ઓછું મતદાન હજુ વિકાસની રાહ જોતા વોર્ડ નં.૧૮માં ૫૪.૨૦ ટકા નોંધાયું છે. એકંદરે તમામ વોર્ડમાં ૫૫ ટકા ઉપરનું મતદાન છે. રાજકોટના કુલ ૧૧.૭૧ લાખ લોકોમાંથી ૬.૭૮ લાખ નાગરિકે મતાધિકારનો ઉપયોગ કર્યો છે. તો ટંકારામાં ૬૫.૮૮, વાંકાનેરમાં ૬૪.૬૭ અને જસદણમાં ૫૫.૬૯ ટકા વોટીંગ છે. રાજકોટ પૂર્વમાં ૫૭.૮૮, પશ્ચિમમાં ૫૭.૮૪, દક્ષિણમાં ૫૭.૮૦, ગ્રામ્યમાં ૫૮.૫૩ ટકા મતદાન નોંધાયું હતું.

રાજકોટ જિલ્લામાં કુલ ૧૨૫૮૯૦૫ લોકોએ મત આપ્યા છે. તેમાં ૬૭૮૨૧૩ મત રાજકોટ શહેરના છે.

સૌથી વધુ મતદાન મવડી, વાવડી સહિતના વોર્ડ નં.૧૧નું ૬૨.૯૫ ટકા છે. આ મત વિસ્તારમાં પાટીદારોની સંખ્યા નોંધપાત્ર છે. આ સિવાય ૬૦ ટકા ઉપરના મતદાન પણ વિકસીત અને પોશ એરીયામાં થયા છે. અમીન માર્ગ, કાલાવડ રોડ સહિતના વોર્ડ નં.૮માં ૬૦.૭૭, યુનિ. રોડ, ૧૫૦ ફુટ રોડ, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી પાર્ક સહિતના વોર્ડ નં.૯માં ૬૦.૬૮, યુનિ. રોડ, ૧૫૦ ફુટ રોડ, પાણીના ટાંકા પાછળના વિસ્તારોવાળા વોર્ડ નં.૧૦માં ૬૧.૨૬ ટકા મતદાન થયું છે.

પોશ એરીયામાં આવતા વોર્ડ નં.૨માં ૫૫.૦૧ ટકા વોટીંગ થયું છે. રેલનગર સહિતના વોર્ડ નં.૩માં ૫૫.૭૪ ટકા મત પડયા છે. સામાકાંઠાના વોર્ડ નં.૪ના મોરબી રોડ સહિતના વિસ્તારમાં ૫૯.૬૭ ટકા, સંત કબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ સહિતના વોર્ડ નં.૫માં ૫૯.૬૭ અને વોર્ડ નં.૬માં ૫૭.૦૯ ટકા મતદાન છે. જુના રાજકોટના રહેણાંક અને વેપારી વિસ્તારવાળા ભાજપના ગઢ વોર્ડ નં.૭માં ૫૫.૩૦ ટકા મતદાન છે. મવડીના જ વોર્ડ નં.૧૨માં ૫૭.૯૨ ટકા મત પડયા છે.

ગોંડલ રોડ, ઢેબર રોડ સહિતના વોર્ડ નં.૧૩માં ૫૭.૦૪, કેનાલ રોડ, ગુંદાવાડી, સોરઠીયાવાડી, બાપુનગર સહિતના વોર્ડ નં.૧૪માં ૫૮.૧૨, ચુનારાવાડ, ભાવનગર રોડ, આજી નદી કાંઠા સહિતના વોર્ડ નં.૧૫માં ૫૬.૯૪ ટકા મત પડયા છે. જંગલેશ્વર સહિતના વોર્ડ નં.૧૬માં ૫૫.૧૫ ટકા મતદાન થયું હતુ. કોઠારીયા રોડના વોર્ડ નં.૧૭માં ૫૭.૮૦ ટકા મત લોકોએ આપ્યા છે. તો છેવાડાના કોઠારીયા ગામના વોર્ડ નં.૧૮માં ૫૪.૨૦ ટકા મતદાન થયું છે.

મનપાની ૨૦૨૧ની ચૂંટણીમાં ૧૮ વોર્ડમાં ૫૧.૭૧ ટકા મતદાન હતું. તે ચૂંટણીની સરખામણીએ લગભગ તમામ વોર્ડમાં મતદાન વધ્યું છે. લોકસભાની આ ચૂંટણીનું ૧૮ વોર્ડનું મતદાન ૫૭.૯૦ ટકા છે. તો વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને તમામ વોર્ડમાં લીડ મળી હતી. એકંદરે વિધાનસભાના ૬૦ ટકા ઉપરના મતદાન સામે લોકસભામાં ૫૭.૯૦ ટકા અને કોર્પોરેશનની ૨૦૨૧ની ચૂંટણીમાં શહેરમાંથી ૫૧.૭૧ ટકા મત પડયા હતા. આમ કોર્પો.ની ચૂંટણી કરતા લોકસભાની ચૂંટણીમાં ૬ ટકા વધુ મત હોય, જીતના ગણિત ઉંડા ઉતરી રહ્યા છે.

### ૨૦૨૧ કોર્પોરેશનમાં વોર્ડવાઇઝ મતદાન

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૭૨૦૧૫ | ૩૨૫૨૪ | ૪૫.૧૬ |
| ૨ | ૫૫૧૦૯ | ૨૬૭૫૦ | ૪૮.૫૪ |
| ૩ | ૭૯૩૩૬ | ૪૦૧૧૭ | ૫૦.૫૭ |
| ૪ | ૫૭૨૯૨ | ૩૨૩૬૫ | ૫૬.૪૯ |
| ૫ | ૪૮૯૦૮ | ૨૬૪૯૫ | ૫૪.૧૭ |
| ૬ | ૫૦૧૮૦ | ૨૬૯૯૨ | ૫૩.૭૯ |
| ૭ | ૬૦૬૧૮ | ૨૯૫૫૧ | ૪૮.૭૫ |
| ૮ | ૬૪૩૨૩ | ૩૨૧૫૦ | ૪૯.૯૮ |
| ૯ | ૬૯૦૩૯ | ૩૩૪૫૮ | ૪૮.૪૬ |
| ૧૦ | ૫૪૫૮૩ | ૨૭૩૧૨ | ૫૦.૦૪ |
| ૧૧ | ૭૬૭૬૪ | ૩૭૯૭૧ | ૪૯.૪૬ |
| ૧૨ | ૫૯૦૩૧ | ૩૦૬૮૭ | ૫૧.૯૮ |
| ૧૩ | ૫૮૪૪૦ | ૨૯૭૯૦ | ૫૦.૯૮ |
| ૧૪ | ૬૦૫૮૧ | ૨૯૨૫૧ | ૪૮.૨૮ |
| ૧૫ | ૪૯૪૭૫ | ૨૮૭૮૩ | ૫૮.૧૮ |
| ૧૬ | ૫૩૦૪૨ | ૨૫૬૦૧ | ૪૮.૨૭ |
| ૧૭ | ૬૦૪૮૯ | ૩૧૨૮૬ | ૫૧.૭૨ |
| ૧૮ | ૬૪૭૬૬ | ૩૩૦૬૫ | ૫૧.૦૫ |
| કુલ | ૧૦૯૩૯૯૧ | ૫૫૪૧૪૮ | ૫૦.૬૫ |

### ૨૦૨૪-લોકસભામાં વોર્ડવાઇઝ મતદાન

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૮૧૬૧૦ | ૪૫૬૧૫ | ૫૫.૮૯ |
| ૨ | ૫૬૨૭૯ | ૩૦૯૬૧ | ૫૫.૦૧ |
| ૩ | ૮૮૦૭૫ | ૪૯૦૯૬ | ૫૫.૭૪ |
| ૪ | ૬૬૧૧૬ | ૩૯૨૪૭ | ૫૯.૩૬ |
| ૫ | ૫૪૩૮૮ | ૩૨૪૫૧ | ૫૯.૬૭ |
| ૬ | ૫૦૭૫૫ | ૨૮૯૭૭ | ૫૭.૦૯ |
| ૭ | ૬૩૫૮૩ | ૩૫૧૬૪ | ૫૫.૩૦ |
| ૮ | ૮૭૧૪૨ | ૪૦૮૦૧ | ૬૦.૭૭ |
| ૯ | ૭૫૩૯૬ | ૪૫૭૪૯ | ૬૦.૬૮ |
| ૧૦ | ૫૯૬૫૬ | ૩૬૫૪૪ | ૬૧.૨૬ |
| ૧૧ | ૮૪૪૬૦ | ૫૩૧૭૦ | ૬૨.૯૫ |
| ૧૨ | ૬૬૪૬૫ | ૩૮૪૯૫ | ૫૭.૯૨ |
| ૧૩ | ૬૪૯૮૩ | ૩૭૦૬૯ | ૫૭.૦૪ |
| ૧૪ | ૬૦૦૪૦ | ૩૪૮૯૬ | ૫૮.૧૨ |
| ૧૫ | ૪૫૬૯૭ | ૨૬૦૧૮ | ૫૬.૯૪ |
| ૧૬ | ૫૨૭૮૨ | ૨૯૧૦૭ | ૫૫.૧૫ |
| ૧૭ | ૬૨૬૨૫ | ૩૬૧૯૭ | ૫૭.૮૦ |
| ૧૮ | ૭૧૩૧૫ | ૩૮૬૫૬ | ૫૪.૨૦ |
| કુલ | ૧૧૭૧૩૬૭ | ૬૭૮૨૧૩ | ૫૭.૯૦ |

### ૨૦૨૨-વિધાનસભાનું વોર્ડવાઇઝ મતદાન

**વિધાનસભા-૬૮**

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૩ | ૨૯૯૦૨ | ૧૭૬૧૭ | ૫૮.૯૩ |
| ૪ | ૫૯૫૨૨ | ૩૮૮૯૭ | ૬૫.૩૪ |
| ૫ | ૫૫૩૯૨ | ૩૫૧૧૬ | ૬૩.૩૯ |
| ૬ | ૪૮૪૮૪ | ૨૯૮૦૪ | ૬૧.૪૭ |
| ૧૫ | ૪૯૧૬૫ | ૩૦૬૪૭ | ૬૨.૩૩ |
| ૧૬ | ૫૨૫૨૪ | ૩૧૫૩૮ | ૬૦.૦૪ |
| ૧૮ | ૨૫૯૪ | ૧૪૮૨ | ૫૭.૧૩ |
| કુલ | ૨૯૭૫૮૩ | ૧૮૫૧૦૧ | ૬૨.૨૦ |

**વિધાનસભા-૬૯**

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૬૮૧૦૩ | ૩૮૪૦૦ | ૫૬.૩૯ |
| ૨ | ૫૫૭૩૭ | ૩૦૬૭૦ | ૫૫.૦૩ |
| ૩ | ૩૬૩૮૫ | ૧૯૩૯૦ | ૫૩.૨૯ |
| ૭ | ૨૧૯૪૪ | ૧૨૦૫૩ | ૫૪.૯૩ |
| ૮ | ૪૪૯૨૮ | ૨૬૯૨૬ | ૫૯.૯૩ |
| ૯ | ૬૮૪૩૨ | ૪૦૨૩૦ | ૫૮.૭૯ |
| ૧૦ | ૫૮૭૮૩ | ૩૪૫૨૨ | ૫૮.૭૩ |
| કુલ | ૩૫૪૩૧૨ | ૨૦૨૧૯૧ | ૫૭.૦૭ |

**વિધાનસભા-૭૦**

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૭ | ૪૧૯૮૮ | ૨૩૭૮૫ | ૫૬.૬૪ |
| ૮ | ૨૧૯૪૦ | ૧૩૨૭૨ | ૬૦.૪૯ |
| ૧૩ | ૫૧૨૨૫ | ૩૦૩૭૦ | ૫૯.૨૮ |
| ૧૪ | ૫૯૯૦૧ | ૩૪૬૯૪ | ૫૭.૯૧ |
| ૧૬ | ૫૭૮ | ૨૯૯ | ૫૧.૭૩ |
| ૧૭ | ૬૨૭૧૧ | ૩૭૪૨૫ | ૫૯.૬૭ |
| ૧૮ | ૨૦૪૪૬ | ૧૨૮૨૨ | ૬૨.૬૫ |
| કુલ | ૨૫૮૮૮૧ | ૧૫૨૦૯૨ | ૫૮.૯૯ |

**વિધાનસભા-૭૧**

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧૧ | ૬૯૦૨૦ | ૪૨૬૮૦ | ૬૧.૮૩ |
| ૧૨ | ૫૯૯૪૬ | ૩૫૭૧૭ | ૫૯.૫૮ |
| ૧૩ | ૧૩૮૪૭ | ૮૨૫૩ | ૫૯.૬૦ |
| ૧૮ | ૪૯૬૫૧ | ૨૭૭૪૬ | ૫૫.૮૭ |
| કુલ | ૧૯૨૪૬૪ | ૧૧૪૩૯૬ | ૫૯.૪૩ |

ધર્મ અને સમાજમાં સડા રૂપ...

# અંધશ્રદ્ધા સામે લડત ચલાવનાર દાભોલકરની હત્યાનો માસ્ટર માઈન્ડ નિર્દોષ, બેને આજીવન કારાવાસ

## પુણે વિશેષ કોર્ટના ચુકાદાને દાભોલકરનો પરિવાર હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટમાં પડકારશેઃ મોર્નીંગ વોક દરમિયાન દાભોલકર પર ફાયરીંગ કરી હત્યા કરાયેલી

પુણે તા.૧૦

અંધશ્રદ્ધા ધર્મ અને સમાજમાં સડો હોય છે. આ સડા સામે ફાઈટ આપનાર નરેન્દ્ર દાભોલકરની ૨૦ ઓગષ્ટ ૨૦૧૩માં હત્યા કરાઈ હતી. આ કેસના માસ્ટર માઈન્ડને પુણેની એક વિશેષ અદાલતે છોડી મુકયા છે અને બે આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી છે. જો કે દાભોલકર પરિવારનું પ્રતિનિધિત્વ કરનાર વકીલે જણાવ્યું હતું કે તેઓ વિશેષ અદાલતના ચૂકાદાને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.

આ અંગેની વિગત એવી છે કે મહારાષ્ટ્રમાં અંધવિશ્વાસ સામે લડાઈ ચલાવનાર નરેન્દ્ર દાભોલકર તા.૨૦ ઓગષ્ટ ૨૦૧૩ના પુણેના ઓમકારેશ્વર બ્રીજ પર મોર્નીંગ વોક કરી રહ્યા હતા ત્યારે તેની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. હત્યાના કાવતરાના મામલામાં આરોપી વિરેન્દ્રસિંહ તાવડે, સંજીવ પુનાલેકર અને વિક્રમ ભાવેને વિશેષ કોર્ટે પુરાવાના અભાવે છોડી મુકયા છે, જયારે સચીન અંદુરે અને શરદ કાલસ્કરને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી અને દરેકને પાંચ-પાંચ લાખનો દંડ ફટકાર્યો હતો. દાભોલકર પરિવારના વકીલ આ મામલે હવે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં ધા નાખશે.

લોકસભાની ચૂંટણીના માહોલમાં

# પૂરી દુનિયામાં સંઘર્ષનો માહોલ છે ત્યારે ભારતમાં સ્થિર નેતૃત્વ જરૂરીઃ વિદેશમંત્રી

નવી દિલ્હી તા.૧૦



આજે દેશભરમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે ત્યારે દેશના વિદેશમંત્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે આજે પુરી દુનિયામાં સંઘર્ષ છે, યુક્રેનમાં સંઘર્ષ, ગાઝામાં લડાઈ, લાલ સાગરમાં હુમલા, દક્ષિણ ચીનમાં તનાવ અને વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રોમાં આતંકવાદનો પડકાર છે. આ સંજોગોમાં ભારતમાં સ્થિર અને મજબૂત નેતૃત્વ જરૂરીછે તેમ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આ દાયકામાં સંઘર્ષ, સતા પરિવર્તન અને પરિપકવ નેતૃત્વ હોવુ વધુ મહત્વનુ બની જાય છે.

જયશંકરે જણાવ્યું હતું કે ખાસ કરીને અમેરિકાનો ઘટતો પ્રભાવ, યુક્રેન સંઘર્ષ, ગાઝામાં લડાઈને જોતા લાગે છે કે હાલની લોકસભા ચુંટણીમાં મતદાર બુદ્ધિપૂર્વક મતદાન કરે જેથી ભારતમાં સ્થિર અને પરિપકવ નેતૃત્વ જળવાઈ રહે.

# આજે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ સામસામે : બન્ને ટીમ વચ્ચે પ્લેઓફ માટે ટક્કર

અમદાવાદ, તા.૧૦




ચેન્નાઈએ આ સિઝનના પ્રથમ મુકાબલામાં મુઝરત સામે ૬૩ રનથી જીત મેળવી

ચેન્નાઈ સુપર કિંગ્સના મુખ્ય ખેલાડીઓ ઈજા અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને કારણે બહાર હોવા છતાં, ચેન્નાઈ સુપર કિંગ્સ આજે ગુજરાત ટાઇટન્સને હરાવીને પ્લેઓફ માટેનો તેમનો દાવો મજબૂત કરવા માટે પ્રયત્ન કરશે. ચેન્નાઈના ૧૧ મેચમાંથી ૧૨ પોઈન્ટ છે અને ગુજરાત સામેની જીત તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. કારણ કે પ્લેઓફમાં તેમનું સ્થાન હજુ પણ નિશ્ચિત નથી જેથી આ હાર તેમને ભારે પડી શકે તેમ છે.

**સ્પિનરો પર હશે મોટી જવાબદારીઃ**

દીપક ચહર અને મતિશા પથિરાના ઈજાના કારણે ટુર્નામેન્ટમાંથી બહાર છે. જયારે મુસ્તફિઝુર રહેમાન બાંગ્લાદેશ તરફથી રમે છે. ચેન્નાઈના ત્રણ સ્પિનરો રવિન્દ્ર જાડેજા, મિશેલ સેન્ટનર અને મોઈન અલી જવાબદારી સંભાળશે. ચેન્નાઈના ઋતુરાજ ગાયકવાડે આગળથી કેપ્ટનશીપ કરી છે. તેણે ૧૧ મેચમાં ૫૪૧ રન બનાવ્યા અને તે ઓરેન્જ કેપની રેસમાં છે. ગુજરાતને હરાવીને ચેન્નાઈ પોઈન્ટ ટેબલમાં સનરાઈઝર્સ હૈદરાબાદથી ઉપર ત્રીજા સ્થાને પહોંચી જશે. અત્યાર સુધી ૧૨ પોઈન્ટ ધરાવતી ત્રણ ટીમોમાં ચેન્નાઈ (+૦.૭૦૦)નો રન રેટ શ્રેષ્ઠ છે.

**ગુજરાતની અપેક્ષાઃ**

ગુજરાતના ૮ પોઈન્ટ છે અને તે રેસમાંથી સંપૂર્ણપણે બહાર નથી, પરંતુ શુભમન ગિલની ટીમ માટે આગળની સફર ઘણી મુશ્કેલ છે. છેલ્લી પાંચ મેચમાંથી માત્ર એક જ મેચમાં જીત નોંધાવી શકનારી ટીમનું મનોબળ ઘટી ગયું છે. મોહમ્મદ શમીની ગેરહાજરીની અસર ટીમમાં જોવા મળી રહી છે. જ્યારે ગિલ પોતે છેલ્લી પાંચમાંથી ત્રણ મેચમાં બે અંક સુધી પહોંચી શક્યો ન હતો.

**ચેન્નાઈ સુપર કિંગ્સઃ**

રૂતુરાજ ગાયકવાડ (કસાન), અજિંક્ય રહાણે, ડેરીલ મિચેલ, રવિન્દ્ર જાયજા, શિવમ દુબે, એમએસ ધોની (ડબ્લ્યુકે), મોઈન અલી, શાર્દુલ ઠાકુર, રિચર્ડ ગ્લોસન, મુકેશ ચૌધરી, તુષાર દેશપાંડે.

**ગુજરાત ટાઇટન્સઃ**

રિદ્ધિમાન સાહસ (સ), શુભમન ગિલ (સ), સાઈ સુદર્શન, અઝમતુલ્લા ઓમરઝાઈ, શાહરૂખ ખાન, ડેવિડ મિલર, રાહુલ તેવટિયા, રાશિદ ખાન, આર સાઈ કિશોર, નૂર અહેમદ, સંદીપ વોરિયર.

**પીચ અને હવામાનઃ**

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટું છે. તેથી અહીં કુલ ૧૮૦થી વધુ રન બનાવવા ટીમ માટે પડકારરૂપ બની શકે છે. તદ્‌પરાંત દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી જઈ શકે છે. આમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નબળું સાબિત થઈ રહ્યું છે.

# ઉત્તરપ્રદેશમાં રાયબરેલી બન્યું રણમેદાન : રાહુલને હરાવવા મોદી, અમિત શાહ, યોગી સહિતના નેતાઓ પહોંચશે

## કોંગ્રેસ પણ હવે આ બેઠકને બીજી અમેઠી ન બને તે જોવા તૈયાર : અમેઠીમાં પણ કોંગ્રેસના ઉમેદવાર કિશોરીલાલ એકશનમાં : રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને રાયબરેલીની જવાબદારી સોંપાઇ

નવી દિલ્હી, તા. ૧૦

લોકસભા ચૂંટણીમાં અમેઠી બેઠક ઉપરથી રાહુલ ગાંધી હવે રાયબરેલી બેઠક પર શીફ્ટ થતા તમામનું ધ્યાન રાયબરેલી પર ગયું છે અને એક તરફ કોંગ્રેસે હવે અમેઠીની જેમ રાયબરેલી પણ ગુમાવી ન પડે તે માટે ફુલપ્રુફ પ્લાનીંગ કર્યુ છે આ બેઠક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક જબરો રોડ-શો યોજશે તો યોગી આદિત્યનાથ અને અમિત શાહ સહિતના નેતાઓ પ્રચારમાં આવશે. બીજી તરફ રાહુલ ગાંધી અને અખિલેશ યાદવની જોડી આ બેઠક બચાવવા માટે સક્રિય બની છે અને પ્રિયંકા ગાંધી રાયબરેલીના દરેક વિધાનસભા ક્ષેત્રમાં જઇને રાહુલ ગાંધી માટે મત માંગી રહ્યા છે. સોનિયા ગાંધીએ રાયબરેલી બેઠક છોડયા બાદ લાંબુ સસ્પેન્સ સર્જાયુ હતું અને ઉમેદવારીના અંતિમ દિવસે રાહુલ ગાંધી અહીં ચૂંટણી લડવાની તૈયારી બતાવીને નામાંકન કરતા જ જબરી રાજકીય ગરમી સર્જાય છે અહીં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત બસપાના ઉમેદવાર મેદાન પર છે તો તે વચ્ચે ભાજપના ઉમેદવાર દિનેશપ્રતાપસિંહના પ્રચાર માટે તા. ૧૨ મેના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અહીં જનસભા યોજશે. તા.૧૩ મેના રોજ યોગી આદિત્યનાથ લાલગંજમાં એક વિરાટ રેલીને સંબોધીત કરશે અને પ્રચારના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ પક્ષે પણ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને રાયબરેલીની જવાબદારી સોંપી છે અને પાંચથી છ ટોચના નેતાઓને છેલ્લુ અઠવાડિયુ રાયબરેલીમાં કેમ્પ કરવા જણાવાયું છે. કોંગ્રેસ આશા રાખે છે કે તે અમેઠી પણ છીનવી લેશે અને અમેઠીમાં કોંગ્રેસના ઉમેદવાર સ્થાનિક સ્તરે અત્યંત જાણીતા છે અને તેથી આ બેઠકો હોટ પ્રોપર્ટી બની ગઇ છે. રાહુલ ગાંધીએ મેદાન છોડતા હવે કોંગ્રેસના ઉમેદવાર કિશોરીલાલ પણ પૂરી રીતે એકશનમાં આવી ગયા છે. જો રાહુલ ગાંધી અહીં ચૂંટણી લડયા હોત તો ભાજપે તેની સામે કુમાર વિશ્વાસને મેદાનમાં ઉતારવાની યોજના કરી હતી. પરંતુ સ્મૃતિ ઇરાનીએ રાહુલ ગાંધી લડે કે ન લડે પોતાનો પડકાર ઉપાડવા તૈયારી બતાવી છે. તેઓ ૨૩ દિવસથી અમેઠીમાં છે. આ બેઠક ઉપર બસપાના ઉમેદવાર પણ મેદાનમાં છે.

સાંજ સમાચાર
વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ
આજે જ જોડાવ
એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ
તમારા સ્માર્ટફોન મોબાઇલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ
Join "સાંજ સમાચાર" WhatsApp Channel
Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel
સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :
- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેકટ પર ફોરવર્ડ કરી શકશો



# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનનો પ્રારંભ

## મ્યુ.કમિશ્નર આનંદ પટેલના હસ્તે ઉદ્‌ઘાટનઃ ૧૦૦ શાળા અને ૧૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવા અભિયાન

રાજકોટ,તા.૧૦

સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનના શુભારંભ કરવામાં આવેલ છે.આજની સ્થિતિએ વોટર સ્કેરસિટી, કલાયમેટ ચેન્જની અસરો, વધતી વસ્તી તેમજ પાણીની જરૂરિયાતને ધ્યાને લઈને જળસંચય કરવું જરૂરી બને છે.

આ કાર્યક્રમના ઉદઘાટક તરીક કમિશ્નર આનંદ પટેલ ઉપસ્થિત રહી મહાનગરપાલિકાના પાસાઓ વિશે પરિચય આપેલ તેમજ આ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભૂસ્તરનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને આીશરયળિફ્ફાશક્ષલ ઉઙ્ઘ તૈયાર કરવામાં આવેલ તેની વિગતો તેમજ મહાનગરપાલિકા દ્વારા જળ સંચય વિભાગની રચના કરીને બોર રીચોજ, ચેક ડેમો બનાવવા,ડ્રેનેજ નું રીટ્રીટેડ પાણીનો વપરાશ કરવો તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ભવિષ્યના આયોજન અંગેની તમામ બાબતો વિશે જીણવટ ભરી વિગતો તેઓ દ્વારા આપવામાં આવેલી હતી.

આ કાર્યક્રમમાં સ્વર નિર્ભર શાળાના પ્રમુખ ડી.વી મહેતા સાહેબ, ન્યુ એરા સ્કૂલના સંચાલક અજયભાઈ પટેલ, અમદાવાદથી આવેલ આર્કિટેક તેમજ પર્યાવરણ વિજ્ઞય લોકેન્દ્ર બાલાસરીયા સાહેબ, ગીર ગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ઉપસ્થિત વક્તાઓ દ્વારા જળસંચય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના જળસંચય વિભાગના એ.એમ.મિત્રા (સીટી એન્જીનીયર), કે.પી.દેથરીયા, એચ.એમ. છૈયા તથા એલ.આર. વિરમગામા ઉપસ્થિત રહેલ હતા. અહીં ઉલ્લેખનીય છે.સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ૧૦૦ શાળાઓ અને ૧૦૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવામાં આવનાર છે.

કોંગ્રેસ નેતા ઘોષણાપત્રમાં મહિલાઓને એક લાખ રૂપિયા આપવાની વાત કરી છે ત્યારે....

# એમપીમાં કોંગ્રેસના ઉમેદવારની ગજબ જાહેરાતઃ જેમને બે પત્ની છે તેમને બે લાખ રૂપિયા મળશે!

## કોંગ્રેસના ઉમેદવાર ભૂરિયાની જાહેરાત સામે ભાજપે ચૂંટણીપંચને ફરિયાદ કરી

**રતલામ (મધ્યપ્રદેશ) તા.૧૦**

અત્રેની લોકસભા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર કાંતિલાલ ભૂરિયાએ અજબ ગજબ નિવેદન આપતા રાજકીય ગરમી વધી ગઈ છે ત્યાં સુધી કે ભાજપે ચૂંટણીપંચને ફરિયાદ કરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વાત જાણે એમ છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે જાહેર કોંગ્રેસના ન્યાયપત્રનો ઉલ્લેખ કરતા મહાલક્ષ્મી યોજનાની વાત કરી હતી જે અંતર્ગત ગરીબ મહિલાઓના ખાતામાં એક લાખ રૂપિયા આપવાનો વાયદો કરાયો છે. એક રેલીને સંબોધતા ભૂરિયા એવું બોલી ગયા હતા કે જેમને બે પત્ની હશે તેમને બે લાખ રૂપિયા આપવામાં આવશે.ભૂરિયાએ કહ્યું હતું- ૧૩ મે એ કોંગ્રેસના નેતા, કાર્યકર્તા અને એક-એક માતા-બહેનોને આગળ લાવો અને આપણું જે ઘોષણાપત્ર છે કે દરેક મહિલાના ખાતામાં એક-એક લાખ રૂપિયા જમા થશે. બધા ઘરની મહિલાઓને એક-એક લાખ રૂપિયા મળશે, જો કે એ ખબર નથી કે જેમને બે પત્નીઓ છે તેમને બે લાખ મળશે! આમ કહીને ભૂરિયા હસવા લાગ્યા હતા. આ તકે કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વીજયસિંહ અને જીતુ પટવારી પણ હાજર હતા. પટવારીએ તો વળી ભૂરિયાની વાતને



સમર્થન કરતા કહ્યું હતું કે ભૂરિયાજીએ હમણા જે જાહેરાત કરી છે કે જેમને બે પત્ની છે તેમને બે લાખ મળશે.કોંગ્રેસ ઉમેદવાર ભૂરિયાની આ અજબ ગજબ જાહેરાત સામે ભાજપે કડકટિકા કરી છે. એમપીના ભાજપ પ્રવકતા નરેન્દ્ર સલુજાએ ચુંટણીપંચને કડક પગલા લેવાની માંગ કરી છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૬૫-૨૬૧૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૧૫-૨૫૬૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૯૫-૧૭૨૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૪૫-૧૬૭૫ |
| પામોલીયન તેલ | ૧૪૮૦-૧૪૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૧૦-૧૫૩૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ) ૭૫૩૦૦(+૨૩૦૦)

ચાંદી ૮૭૦૦૦(+૨૨૫૦)

# ધો.૧૨ વિજ્ઞાન, ગુજકેટમાં મોદી સ્કુલના છાત્રોનું બોર્ડ ફર્સ્ટ પરિણામ

## બે છાત્ર બોર્ડ ટોપ, ૯ બોર્ડ ટોપટેનમાં સ્થાન પામ્યાઃ ગુજકેટમાં ૨૬૩ વિદ્યાર્થીએ ૧૦૦થી વધુ ગુણ મેળવ્યા

રાજકોટ તા.૧૦

ધોરણ-૧૨ સાયન્સના પરિણામોમાં મોદી સ્કુલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. મોદી સ્કુલના ૨-૨ વિદ્યાર્થીઓએ ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ ફર્સ્ટનું મેળવીને શાળા પરિવાર તથા માતા-પિતાનું ગૌરવ વધારીને પોતાની ઉચ્ચ કારકિર્દી મોદી સ્કુલ થકી કંડારી છે.

આ વિદ્યાર્થીઓ પૈકી ગોજીયા મિલન એ ત્રિવેણી સંગમરૂપી ત્રેવડી સિદ્ધિ હાંસલ કરી છે. બોર્ડ પીઆર, ઓલ પીઆર તથા સાયન્સ ત્રણેયમાં તેઓએ ૯૯.૯૯ પીઆર મેળવીને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. શાળાના વિદ્યાર્થી ભલાણી પાર્થએ ૯૯.૯૯ પીઆર મેળવી બોર્ડ ફર્સ્ટની સિધ્ધી હાંસલ કરી છે.

આ ઉપરાંત મોદી સ્કૂલના ૨૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ તથા ૯ વિદ્યાર્થીઓએ બોર્ડ ટોપ ૧૦માં પોતાનું સ્થાન હાંસલ કરીને મોદી સ્કુલ પરિવારનું ગૌરવ વધારેલ છે.

આ ઉપરાંત ગુજકેટ જેના થકી ગુજરાતની શ્રેષ્ઠ એન્જીનીયરીંગ કોલેજમાં પ્રવેશ મળે છે તેમાં ૧૦૦+ કે તેથી વધુ ૨૬૩ વિદ્યાર્થીઓએ ગુણ મેળવ્યા છે અને ૬૧ વિદ્યાર્થીઓએ ૪૦/૪૦ ગુણ સાથે વિષય પ્રથમ રહ્યા છે. બોર્ડનાં પરિણામમાં પણ ૯૯ પીઆર+ ધરાવતા ૧૦૩ વિદ્યાર્થીઓ તથા ૧૦૦/૧૦૦ ગુણ મેળવતા ૧૭ વિદ્યાર્થીઓએ મોદી સ્કુલનાં પરિણામમાં ચાર ચાંદ લગાવ્યા છે.


Gojiya Milan


ભલાણી પાર્થ


બોસમીયા ધૈર્યા


ચડોતરા ઋષાંગ


ખાત્રા વેદ


સીસોદીયા રાજવીર


દોમડીયા માહી


મણવર સાખી


Mehta Tanvi



હાલમાં જ જાહેર થયેલ જેઈઈ મેઈન-૨૦૨૪ના પરીણામમાં પણ મોદી સ્કુલનો દબદબો કાયમ રહ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર ભરની કોઈપણ સ્કુલ/કોચીંગ કરતા વધુ ૯૯ પીઆર ઉપર ૬૫ વિદ્યાર્થીઓ તથા ૯૮ પીઆર ઉપર ૧૧૨ વિદ્યાર્થીઓ છે. જે નેશનલ લેવલે લેવાતી તથા આઈઆઈટીના પ્રવેશ માટે જરૂરી પરીક્ષામાં મોદી સ્કુલે સર્વશ્રેષ્ઠ પરિણામ આપેલ છે.

શાળાના આવા જવલંત પરિણામ બદલ મોદી સ્કુલના સંસ્થાપક ડો. આર.પી.મોદી તથા પારસ મોદી હિતસર, ધવલસરે બધાજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને અભિનંદન પાઠવેલ છે.

# રવિવારે સ્વ.કાંતીભાઈ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળનો સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવઃ ૫ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે

## રાજ્ય મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ અને રમેશભાઈ ટીલાળા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

રાજકોટ:તા.૧૦

સ્વ.કાંતીભાઈ જાદવ માનવ કલ્યાણ યુવક મંડળ દ્વારા સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન તા.૧૨/૦૫ રવિવાર ઉગતાના પોરની મેલડી માતાના મન્દિર પાસે, રામાપીર ચોક, મોરબી રોડ, ઓવરબ્રીજ નીચે. રાજકોટ ખાતે કરેલ છે. રવિવારે જાન આગમન સવારે ૦૮:૦૦ કલાકે, સામૈયા સવારે ૦૯:૦૦ કલાકે, હસ્તમેળાપ સવારે ૧૧:૦૦ કલાકે, દાતાશ્રીનું સન્માન સવારે ૧૦ થી ૧૧:૦૦ કલાકે, સંતો મહંતોના રૂડા આશિર્વચન બપોરે ૧૨:૦૦ કલાકે, ભોજન સમારંભ બપોરે ૧૨:૦૦ કલાકે રાખેલ છે. ૫ દીકરીઓ પ્રભુતા માં પગલા માંડશે.

આ તકે પૂ. હીરસાગર સાહેબ, હીરસાગર સાહેબની જગ્યા રાજકોટ, સંત ગોરખ સાહેબની જગ્યા આણંદપુર મહંત પૂ. લલીત સાહેબ, બાલા ત્રિકમ સાહેબની પૂ.જગ્યા રાજપરા મહંત પૂ. નિર્મલ સાહેબ દિવ્યાનંદગીરી બાપુ રોકડીયા હનુમાન આશ્રમ, દેવગામ ધાર, પૂ. દાસીજીવણ સાહેબની મઢુલી, ધુડા બાપા રાઠોડ, ભાડલાના મહંત, પૂ. અશોકબાપુ હીરસાગર સાહેબની જગ્યા રાજકોટ, પૂ. રઘુરામબાપુ રામદેવપીર, આણંદપુર વકતા, પૂ. નરેશબાપુ ગૌશાળા, થાનગઢ, પૂ. ગૌતમદાસબાપુ, આણંદપુર, પૂ. ભરતભાઈ જોશી, પૂ. નાનકદાસબાપુ, ચિત્રોડ ગાદીપતી, પૂ. ભીખાબાપા, મેલડી માતાના મહંત ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપશે.

મેઘવાળ સમાજ સમુહ લગ્નોત્સવ પ્રસંગે દીકરીઓને કરીયાવરની જુદી જુદી વસ્તુઓ આપવામાં આવશે. મુખ્ય મહેમન તરીકે ગુજરાત સરકાર મંત્રી ભાનુબેન બાબરીયા, ધારસભ્ય દર્શિતાબેન શાહ, ઉદયભાઇ કનગડ અને રમેશભાઇ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર, શાસક પક્ષ નેતા લિલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઇ રાડીયા તેમજ જુદી જુદી સમિતીના ચેરમેન આ પ્રસંગમા ઉપસ્થીત રહેશે.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

આ આયોજન ને સફળ બનાવવા આયોજક અશોકભાઇ જાદવ, હંશાબેન ધમર, ચાન્દનીબેન પરમાર, રાજ ધામેલીયા, રાજ ડાંગર, ભાવના શાહ, મિનાબા જાડેજા જહેમત ઉઠાવી રહ્યા છે.

# આવતીકાલે ગણેશ ચોથઃ ઘઉંથી બનેલા લાડવા વિઘ્નહર્તાને ધરવાનું અનેરૂ મહત્વ

રાજકોટ,તા.૧૦

આવતીકાલ તા.૧૧મે ને શનિવારના રોજ ગણેશ ચોથની ઉજવણી કરવામાં આવે છે આ દિવસે વર્ષના નવા ઘઉંમાંથી બનાવેલા લાડવા ગણપતિ દાદાને ધરાવી અને ત્યાર પછી જ નવા વર્ષના ઘઉં વાપરવાની શરૂઆત થાય છે.

વૈશાખ સુદ ચોથને શનિવાર તા ૧૧.૫.૨૪ના દિવસે ગણેશ ચોથ છે. વૈશાખ મહિના માં આવતી શુકલ પક્ષની ચોથ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગણેશ ચોથ તરીકે ઉજવાય છે એક માન્યતા પ્રમાણે આ દિવસે ગણપતિદાદા ના લગ્ન થયેલા દરેક શુભકાર્યોમાં ગણપતિ દાદાની પ્રથમ પૂજા કરવામાં આવે છે. ગણપતિ દાદા વિઘ્નોના હર્તા છે. ગણપતિદાદાનો પ્રિયવાર મંગળવાર છે. લાલ વસ્ત્ર લાલફુલ સોપારી ગણપતિદાદાને પ્રિય છે. લગ્ન જેવા શુભ પ્રસંગો મા દિવાલમાં કરવામાં આવતાં કંકુના ચાંદલા એટલે કે દેરડીની પૂજા કરીએ છીએ તે ગણપતિદાદાનો પરિવાર છે જેને માતૃકા કહેવામાં આવે છે. ગણપતિદાદા રિધ્ધિ સિધ્ધિ સાથે પૂજામાં સપરિવાર પધારે છે. શનીવારે ગણેશ ચોથના દિવસે સવારે નિત્ય કર્મ કરી ત્યારબાદ બાજોઠ કે પાટલા પર લાલવસ્ત્ર પાથરી તેના પર ઘઉંની ઢગલી કરી ગણપતિદાદાને બીરાજમાન કરવા તેની બન્ને બાજુ સોપારીમાં રિધ્ધિ સિધ્ધિ રાખવા દાદાને સિંદુર લગાડી અને ચાંદલો ચોખા કરવા લાલ ફુલ અર્પણ કરવું. વસ્ત્ર જનોઈ અર્પણ કરવા અબીલ ગુલાલ દુર્વા અર્પણ કરવા ધ્રુપ દીપ અર્પણ કરવા નૈવેદ્યમાં ગોળથી બનાવેલા મોદક એટલે કે લાડવા ધરાવા આરતી કરી ત્યાર બાદ પ્રાર્થના કરવી અમારા જીવનમાં કોઈ વિઘ્નો નો આવે ક્ષમા યાચના માગવી.



ત્યારબાદ પ્રસાદ ખાવો

ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પુજા કરી શકાય, ઓમ કપર્દિગણનાથાય નમઃ પગની પૂજા કરવી, ઓમ ગણેશાય નમઃ ગોઠણની પુજા કરવી, ઓમ ગણનાથાય નમઃ સાથળની પુજા કરવી, ઓમ રણકીડાય નમઃ કટિની પૂજા કરવી, ઓમ વક્રતુંડાય નમઃ હૃદયની પૂજા કરવી, ઓમ લંબોદરાય નમઃ કંઠની પૂજા કરવી, ઓમ હેરંબાય નમઃ હાથની પૂજા કરવી, ઓમ વિકટાય નમઃ મુખની પૂજા કરવી, ઓમ વિઘ્નરાજાય નમઃ નેત્રની પૂજા કરવી, ઓમ ધ્રુમવર્ણય નમઃ મસ્તકની પૂજા કરવી, ઓમ કપર્દિનેમ નમઃ બોલી દાદાના આખા શરીર પર ચોખા ચડાવા, આમ ગણપતિ દાદાની પૂજા કરવાથી અને વૈશાખ સુદ ચોથ ગણેશ ચોથના દિવસે વ્રત રહેવાથી ઘરમાં રિધ્ધિ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકોને જીવનમાં વારંવાર વિઘ્નો આવતાં હોય તથા જે લોકોને પોતાનું મકાન નો હોય તેવા લોકોએ ગણપતિદાદાની પૂજા કરવાથી જીવનના વિઘ્નો દૂર થાય છે અને પોતાના રહેવાના મકાનની પ્રાપ્તિ થાય છે.

(શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# શક્તિપીઠ અંબાજી મંદિરના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર

## આજથી તા.૬/૭ સુધી માતાજીનો અન્નકુટ નહી યોજાય

અંબાજી તા.૧૦

શક્તિપીઠ અંબાજી મંદિરના દર્શન માટે હજારો શ્રદ્ધાળુઓ આવે છે, ત્યારે હવે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આવતીકાલથી અંબાજી મંદિરમાં માતાજીના દર્શન અને આરતીનો નવો સમય લાગુ પડશે. મંદિર પ્રશાસનના જણાવ્યા અનુસાર તા.૧૦/૫ થી તા.૬/૭ સુધી માતાજીનો અન્નકુટ થઈ શકશે નહી.



અંબાજી મંદિરમાં દર્શન આરતીના સમયમાં ઋતુ મુજબ અને યાત્રાળુઓની સગવડતાને ધ્યાને રાખી ફેરફાર કરવામાં આવે છે. દરરોજ હજારોની સંખ્યામાં માઈભકતો માતાજીના ચરણોમાં શીશ નમાવવા આવે છે. ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી નવો સમય જાહેર કરવામાં આવ્યો છે.આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને નાયબ કલેકટર જણાવે છે કે સુર્યોદય અને સુર્યાસ્તના સમયમાં ફેરફાર થવાથી તા.૧૦/૫ વૈશાખ સુદ ત્રીજથી તા.૬/૭ અષાઢ સુદ એકમ સુધી આરતી અને દર્શનનો નવો સમય જાહેર કરાયો છે તેમજ તા.૧૦/૫ થી તા.૬/૭ સુધી માતાજીનો અન્નકુટ થઈ શકશે નહી.

### નવો સમય

| | |
|---|---|
| આરતી સવારે | ૭.૦૦ થી ૭.૩૦ |
| દર્શન સવારે | ૭.૩૦ થી ૧૦.૪૫ |
| રાજભોગ દર્શન | ૧૨.૩૦ થી ૧.૦૦ |
| દર્શન બપોરે | ૧.૦૦ થી ૪.૩૦ |
| આરતી સાંજે | ૭.૦૦ થી ૭.૩૦ |
| દર્શન સાંજે | ૭.૩૦ થી ૯.૦૦ |

## જીટીયુના પૂર્વ વી.સી.નવીનભાઈ શેઠ માહિતી આપશે

# ધો.૧૨ વિજ્ઞાન પાસ કરનાર છાત્રો માટે રવિવારે માર્ગદર્શન સેમિનાર

રાજકોટ,તા.૧૦

ધોરણ ૧૨ ના વાલીઓ અને વિદ્યાર્થીઓને અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે.ત્યારે હર હંમેશ સામાજિક દાયિત્વ નિભાવતી સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ-વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ, સર્વપ્રથમ આર્કીટિકચર કોલેજ શ્રી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર તથા કીચ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઇન દ્વારા તારીખ ૧૨ મે, રવિવારનાં રોજ સવારે ૯:૩૦ વાગ્યે, હેમુ ગઢવી હોલ, ખાતે ઉપરોક્ત વિષયોને આવરી લેતા સેમીનારનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એ.સી.પી.સી. પ્રવેશ પ્રક્રિયા, નાટાની માહિતી, વિવિધ સ્કોલરશીપ, વિવિધ બ્રાંચ અને તેમાં ઉપલબ્ધ તકો ગુજરાતમાં ઉપલબ્ધ કોલેજ-બ્રાંચ અને સીટ, યુનિવર્સિટી-કોલેજ-બ્રાંચની પસંદગી, ગુજરાત બહાર ઉપલબ્ધ તકો વગેરે પ્રશ્નો ના સચોટ, સત્ય અને તલસ્પર્શી જવાબો મળી રહેશે.

સેમિનારમાં ૨૫ વર્ષોના અનુભવી તજજ્ઞો દ્વારા આ સેમીનારમાં માર્ગદર્શન આપવામાં આવશે. આ તકે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના પૂર્વ વાઇસ ચાન્સેલર ડો. નવીનભાઈ શેઠ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

ધોરણ ૧૨(વિજ્ઞાન પ્રવાહ) ના A,B તથા AB ગ્રુપના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને સેમિનારનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

વીવીપી માં એડમિશન ને લગતી વધુ માહિતી માટે નંદનભાઈ દવે- ૬૩૫૧૯૭૫૦૬૪, રજનીભાઈ રૂપારેલિયા- ૯૪૨૮૨૦૦૬૯૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.સેમીનારની સફળતા માટે આચાર્ય ડો. તેજસ પાટલીયાના માર્ગદર્શન હેઠળ ડો. અલ્પેશ આડેસરા, ડો. નીરવભાઈ મણિયાર તથા તમામ વિભાગીય વડાઓ, પ્રાધ્યાપક ગણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ

રાજકોટ,તા.૧૦

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પીટલ, મોડેલ સ્કૂલ સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા નિ : શુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ તારીખઃ ૧૧/૫/૨૦૨૪ શનીવાર સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી, મોડલ સ્કૂલ ,હનુમાન મઢી, રૈયારોડ, ભગવતી હોલ વાળી શેરી, પૂર્વમુખી હનુમાન મંદિર ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.કેમ્પ માં રાજકોટ હોમીયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સીટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલ ના તજજ્ઞ ડો.હિતાર્થ મહેતા, ડો. નિરવ ગણાત્રા,ડો.માધવી વાગડીયા, ડો.રોમલ પદસુંબિયા, ડો.અલ્ફેઝ કુરેશી, (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નિતાબેન ટાંક, (ફીઝીયોથેરાપીસ્ટ) ડો. વૈશાલીબેન મકવાણા, (લેબોરેટરી ચેકઅપ) માં દયાબેન હિરપરા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી વિનામૂલ્યે દવા ઓ આપશે.

# કંપવાગ્રસ્ત લોકો માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન સેશનનુંઆયોજન

રાજકોટ,તા.૧૦

રાજકોટ માં છેલ્લા ૯ વર્ષ થી કાર્યરત બળવંત કે પારેખ પાર્કિન્સનન્સ ડીસીઝ એન્ડ મમુવમેન્ટવ ડીસઓર્ડર સોસાયટી દ્વારા વિનામુલ્યે કંપવાગ્રસ્ત દર્દીઓ તેમજ સગા માટે ગ્રુપથેરપી કે જેમાં ફીઝીઓથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, કોગ્નીટીવ થેરાપી, ડાન્સ આર્ટ ક્રાફ્ટ તેમજ યોગા- મેડીટેશન,સાયકોલોજીકલ (મનોવૈજ્ઞાનિક)કાઉન્સેલીંગ વગરે ઓનલાઈન તેમજ ઓફલાઈન (રૂબરૂમાં) સેસન દ્વારા નવશક્તિ ટ્રેનીંગ સેન્ટર, નવજીવન ટ્રસ્ટ બિલ્ડીંગ સામે, પ્રેમ મંદિર, બીશપ હાઉસે કેમ્પસ, કાલાવડ રોડ ખાતે કરાવવામાં આવે છે.આ કાર્યક્રમ હવે પછી થી દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક સુધી નીચે મુજબ ના સરનામે શરુ કરવામાં આવ્યો છે.

# શ્રી પંચનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાનો વધુ એક પ્રકલ્પ ઉમેરવામાં આવ્યો. :૧જૂન થી પેરામેડીકલ કોર્સીસ શરૂ થશે

## શ્રી પંચનાથ હોસ્પીટલના અનુભવી ડોક્ટરો અને કન્સલ્ટન્ટ દ્વારા માર્ગદર્શન

## પેરામેડીકલ કોર્ષનું જ્ઞાન/સર્ટીફીકેટ મેળવી હોસ્પિટલમાં/મેડીકલ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીની સુવર્ણ તક

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં પંચનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વધુ એક શિક્ષણ માટે સેવા યજ્ઞ શરૂ કરાયો છે જેમાં ૧ જૂન થી ધોરણ ૧૨ પાસ કર્યા પછી ના તેમ જ ગ્રેજયુએશન પછી થતા પેરામેડીકલ કોર્ષ શરુ થશે. જેથી કરીને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું પણ મેડીકલ ક્ષેત્રે કારકિર્દી આગળ વધારવાનું સ્વપન પૂરું થઇ શકશે. આજના સમયમાંઅભ્યાસ અને કારકિર્દી અંગે પ્રત્યેક વાલીઓ વધુ જાગૃત બન્યા છે ત્યારે શ્રી પંચનાથ ટ્રસ્ટ દ્વારા તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તે સંદર્ભે શ્રી પંચનાથ દાદાના આશીર્વાદથી તેમના પ્રાંગણ માં જ એટલે કે પંચનાથ મંદિરના કેમ્પસ માં જ નવું પેરામેડિકલ શિક્ષણ સંસ્થા શરૂ થવાનું છે!આવનારા દિવસોમાં રાજકોટ શહેરમાં એક નવી આશાનું કિરણ રૂપે શ્રી પંચનાથ પેરા મેડીકલ ટ્રસ્ટ નામની નવી પેરામેડિકલ શિક્ષણ સંસ્થા શરૂ થવા જઈ રહી છે. આ સંસ્થાનો હેતુ યુવા પેઢીને ઉચ્ચ ગુણવત્તાનું મેડીકલ શિક્ષણ આપીને આરોગ્ય ક્ષેત્રમાં નિપુણ બનાવવાનો છે.

### ધોરણ ૧૨ પાસ કર્યા પછી થતા પેરા મેડીકલ કોર્ષ

(૧) X-Ray ટેકનીશીયન -૧ વર્ષ - ધોરણ ૧૨ પાસ કર્યા પછી ૧ વર્ષ નો કોર્ષ
(૨) GDA - જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ (નર્સિંગ કોર્ષ -- ધોરણ ૧૨ પાસ કર્યા પછી૧ વર્ષ)
(૩) DMLT - BSC પાસ કર્યા પછી ૧ વર્ષ નો કોર્ષ
(૪) OT ટેક્નીશીયન - ધોરણ ૧૨ પાસ કર્યા પછી ૧વર્ષ નો કોર્ષ
(૫) EMT - ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન -ધોરણ ૧૨ પાસ કર્યા પછી ૧વર્ષ નો કોર્ષ

સરકારી આંકડા મુજબ હાલમાં હેલ્થ કેર ક્ષેત્ર માં સર્ટીફાઇડ સ્ટાફની ખુબ જ માંગ છે.આજ ના સ્પર્ધાત્મક યુગમાં ધોરણ ૧૨ અથવા ગ્રેજ્યુએશન બાદ રોજગાર લક્ષી પેરા મેડીકલ કોર્સ માં જોડાઈને કારકિર્દી ને નવી ઉંચાઈ અને સમાજ માં ઓળખ મળી શકે તે હેતુથી શ્રી પંચનાથ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા પેરા મેડીકલ કોર્સ શરુ કરવાજઈ રહ્યા છે.

અહી, પંચનાથ ટ્રસ્ટ દ્વારા લગભગ ૩૩% જેટલા રાહત દરે પેરા મેડીકલ કોર્ષ નું સંપૂર્ણ શિક્ષણ પ્રેક્ટીકલી આપવામાં આવશે અને જરૂરિયાતમંદ તેમ જ માધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ પણ પોતાનું ડોક્ટર થવાનું સ્વપન ખુબ જ નજીવા દરે અભ્યાસ કરી પૂર્ણ કરી શકશે.

શ્રી પંચનાથ ટ્રસ્ટની પોતાની જ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ છે જેમાં રોજબરોજ ખુબ જ મોટી સંખ્યામાં ગરીબ દર્દીઓ નિદાન કરાવી રહ્યા છે તેમ જ તમામ પ્રકારની સારવાર લઇ રહ્યા છે. તો જે જે વિદ્યાર્થીઓએ અહી એડ્મીસન મેળવેલ હશે તે વિદ્યાર્થીઓ ને પણ મેડીકલ શિક્ષણ નો પ્રેક્ટીકલી અનુભવ મળી રહેશે અને લાઇવ સમજુતી નિહાળી તેઓ આસાનીથી અભ્યાસક્રમ ને સમજી શકશે.તમામ કોર્સ અનુભવી ડોક્ટર શ્રી ની ટીમ દ્વારા થીયરી તેમ જ અતિ આધુનિક, મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ માં અનુભવી ડોક્ટર્સ ની દેખરેખ હેઠળ ૧૦૦% પ્રેક્ટીકલ કરાવામાં આવશે.




આ સિવાય પંચનાથ ટ્રસ્ટ શિક્ષણ ક્ષેત્રે ખુબ જ નજીવા દરે કાર્યરત હોવાથી ઉલ્લેખનીય બાબત છે કે કોર્ષની જે ફી નક્કી કરેલ છે તે રકમ શિક્ષણ મેળવ્યા બાદ વિદ્યાર્થી લગભગ ૬ જ મહિનામાં મેડિકલ ક્ષેત્રે અન્ય કોઇ પણ જગ્યાએ નોકરી કરીને મેળવી શકશે.

પંચનાથ હોસ્પિટલ ના અનુભવી ડોક્ટર, પેથોલોજીસ્ટ અને મેડીકલ ઓફિસરદ્વારા આ પ્રત્યેક કોર્ષનું શિક્ષણ આપી અભ્યાસક્રમ ચલાવવામાં આવશે તેમ જ આખું વર્ષ પ્રેક્ટીકલ નું જ્ઞાન આપવામાં આવશે. આ સિવાય અહી પંચનાથ ટ્રસ્ટમાં અનુભવી અને કાર્યરત એવા ડોકટરો માટે થતા મેડીકલ સેમીનાર અને કાર્યશાળામાં પણ વિદ્યાર્થીઓને ભાગ લેવાનો મોકો વિનામૂલ્યે આપવામાં આવશે.તેમ જ તેમની શીખવાની પ્રક્રિયાને જીવંત બનાવી અને વિદ્યાર્થીઓને વૈશ્વિક જ્ઞાન સુધી પહોંચવા માટે સક્ષમ બનાવાવના તમા પ્રયત્નો સંચાલકો દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત અદ્યતન સાધનો અને આધુનિક મશીનરી તેમ જ અનેક મેડીકલ ઇન્સ્ત્રુમેન્તની તાલીમ આપતી કદાચ આ એક માત્ર સંસ્થા હશે.સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ની માન્યતા પ્રાપ્ત DMLT ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી કોર્સ(BSC પાસ કર્યા પછી)કરાવવામાં આવશે

જે તમામ કોર્ષ NSDC - નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, GRAMIN SHIKSHA - ભારત સરકાર માન્યતા પ્રાપ્ત કરેલ કોર્ષ સર્ટીફિકેટ તેમ જ UGC approved યુનિવર્સીટી દ્વારા તમામ કોર્ષ કરાવવામાં આવશે.

શ્રી પંચનાથ પેરામેડિકલ ઇન્સ્ટીટ્યૂટનો ઉદ્દેશ્ય છે કે, વિદ્યાર્થીઓને અનેક ઉચ્ચ પ્રોફેશનલ સંદર્ભો અને રોજગારના મૌકાઓ પ્રદાન કરવાનો છે તેમ જ કેરિયરલક્ષી પ્રવૃત્તિ આધારિત શિક્ષણ આપવાનો.જેથી કરીને વિદ્યાર્થીઓ ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ જઈ પોતાની રોજગારી મેળવી મેડીકલ ક્ષેત્રે ઉજ્વળ ભવિષ્ય બનાવી શકે અને રોજગારીની સાથોસાથ દર્દી નારાયણ ની સેવા કરી તેમના આશીર્વાદ મેળવી શકે.

અહી આધુનિક સુવિધાઓથી સજ્જ વર્ગો માં મેડીકલના અભ્યાસક્રમો ચલાવવામાં આવશે. જેમાંપ્રત્યેક જરૂરી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે જેમ કે આધુનિક સાધનો અને ઉપકરણોથી સજ્જ એવી અદ્યતન લેબોરેટરી, ઈમરજન્સી, ICU, OT છે જ્યાં વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન મળી શકે.આ સિવાય બહારગામથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થિઓ માટે અહીં નજીકમા જ હોસ્ટેલની સુવિધા પણ પૂરી પાડવામા આવશે. જેમા વિદ્યાર્થિઓને સવારનો નાસ્તોજ, ૨ ટાઇમ જમવાનુંઅને રહેવાનું સહિત જરૂરી એવી તમામ સવલતો આપવામા આવશે.

અહીં આધુનિક સુવિધાઓનો લાભ ઉપરાંત પ્લેસમેન્ટ સહાય પણ વિદ્યાર્થી ઓને મળી રહેશે એટલે કે અભ્યાસ પૂર્ણ થયાના તરત જ કોઈ વિદ્યાર્થી રોજગારી મેળવી શકે.શ્રી પંચનાથ પેરામેડિકલ ઇનસ્ટીટયુટમાં અનુભવી અને નિષ્ણાંત એવા ડો. નિશાંત કુર્મી(B.H.M.S)ને પ્રિન્સિપલ તરીકે નીમવામાં આવેલ છે. જેઓ કોલેજમાં અભ્યાસને લગતી તમામ જવાબદારીઓ કુશળતાપૂર્વક નિભાવશે, વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપશે તેમ જ તેમના સૂચન થી વિદ્યાર્થીઓ જરૂરી પ્રેક્ટિકલ જ્ઞાન પણ મેળવી શકશેઅને મેડિકલ ક્ષેત્રે ઉજ્વળ કારકિર્દી બનાવશે.પેરામેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગતા અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓના વાલીઓ સંસ્થામાં જોડાવા માટેશ્રી પંચનાથ મંદિરની ઓફીસ ખાતે રૂબરૂ મળે તથા મો.૯૭૨૬૮ ૪૯૭૭૮ પર સંપર્ક કરે.

# નેમ આર્ટસ સંસ્થાના સ્થાપક મનીષ પારેખનો આજે જન્મદિવસ

રાજકોટ, તા.૧૦

નેમ આર્ટ્સ સંસ્થાના સ્થાપક મનીષ પારેખનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૧ વર્ષ પૂર્ણ કરી ૫૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.



મનીષ પારેખ સુપ્રસિદ્ધ અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા, કોરિયોગ્રાફર, મીડિયા કન્સલ્ટન્ટ, રેડએફએમના ભૂતપૂર્વ રેડિયો જોકી અને કોલમિસ્ટ છે. વિશ્વના સૌથી મોટા કલાકાર સંગઠન સંસ્કાર ભારતીના તેઓ ગુજરાત પ્રાંત, મંત્રીની જવાબદારી પણ સંભાળે છે. રામકૃષ્ણ આશ્રમ, ઈંગલિશ લેંગ્વેજ ટીચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા, જૈન વિઝન સહિત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. છેલ્લા પાંત્રીસ વર્ષમાં તેમના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્કૂલ કોલેજના હજારો બાળ અને યુવા કલાકારો તૈયાર થયા છે. તેમના જન્મદિવસ નિમિતે મો. નં. ૯૯૭૪૦-૯૦૭૦૯ પર શુભેચ્છાઓ પાઠવાઈ રહ્યા છે.

# રેસકોષ પાર્ક ઉપાશ્રયના ટ્રસ્ટી વિરેન્દ્રભાઈ સંઘવીનો જન્મદિવસ

રાજકોટ, તા.૧૦

રેસકોર્ષ પાર્ક ઉપાશ્રયના ટ્રસ્ટી તથા જીવદયા કાર્યકર વિરેન્દ્રભાઈ સંઘવીનો આવતીકાલે છે. તેઓ આરૂણી હોસ્પિટલમાં રેડીયો થેરાપીસ્ટ તરીકે ફરજ બજાવે છે. આ અગાઉ અલગ અલગ કેન્સર હોસ્પિટલમાં રેડીયેશન ટ્રીટમેન્ટનો ૨૮ વર્ષનો અનુભવ ધરાવે છે.



જૈન એલર્ટ ગ્રુપ ઈન્ડીયા ભારતભરમાં સ્થાપક સભ્ય તરીકે જવાબદારી વહન કરી રહ્યા છે. તેઓ જીવદયાગ્રુપ, જનસેવા ટ્રસ્ટ, પાંજરાપોળ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ૨૨ વ્હાલુડીના વિવાહ, વડીલ વંદના સેવા કાર્યક્રમ, જીવન સાથી પસંદગી અવસર વગેરેમાં સેવા આપેલ છે તથા આપી રહ્યા છે. અબોલ જીવોને બચાવવાની કામગીરી, જીવ છોડાવવાની કામગીરી તેમને ગમતું કાર્ય છે. આ શુભદીને તેમના જન્મદિવસ નિમિતે મીત્રવર્તુળ તથા સમાજના અગ્રણીઓ તરફથી મો. નં. ૯૪૦૯૦ ૧૮૫૭૦ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# ધો.૧૨ સાયન્યમાં મોદી સ્કુલ તથા સેંજલીયા પરિવારનું ગૌરવ વધારતા ડાર્વિન સેંજલીયા

રાજકોટ, તા. ૧૦

ધો.૧૨ સાયન્સની માર્ચ-૨૦૨૪માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ ગઈકાલે જાહેર થયું હતું. તેમાં શ્રી પી.વી.મોદી સ્કુલના વિદ્યાર્થી ડાર્વિન નિલેશભાઈ સેંજલીયાએ ૯૫.૩૩ ટકા સાથે પરીક્ષા ઉતીર્ણ કરી છે. તેઓને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ પુરા ગુણ મેળવી સમગ્ર મોદી સ્કુલ પરિવાર અને સેંજલીયા પરિવારનું ગૌરવ વધારેલ છે.



અત્રે ઉલ્લેખીય છે કે તેમણે ધો.૧૦ની પરીક્ષા ૯૯.૩૬ પીઆર સાથે માર્ચ-૨૦૨૨માં ઉતીર્ણ કરેલ છે. તેઓ મોદી સ્કુલનાં પ્રિન્સીપાલ નિલેશભાઈ સેંજલીયાના પુત્ર છે. તેઓ ભવિષ્યમાં ખુબ સારી કારકીર્દી બનાવી સુંદર ભારતના નિર્માણમાં યોગદાન આપે તેવી સ્કુલ પરિવાર, કુટુંબ અને મિત્ર વર્તુળમાંથી શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે. તેઓને મોદી સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. રશ્મિકાંતભાઈ મોદીએ શુભકામનાઓ પાઠવેલ હતી.

# અખાત્રીજ અને ભગવાન પરશુરામ જન્મ જયંતિની શુભેચ્છા પાઠવતા રામભાઈ મોકરિયા

રાજકોટઃતા ૧૦

દર વર્ષ વૈશાખ મહિનામાં અખાત્રીજ ના દિવસે ભગવાન પરશુરામ જન્મ જયંતિ ખુબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભગવાન પરશુરામ મહર્ષિ જમદગ્નિ અને રેણુકાના સંતાન છે. આ તકે સંસદ સભ્ય રામભાઈ મોકરિયા શહેરીજનોને અખાત્રીજ અને ભગવાન પરશુરામ જન્મ જયંતિની શુભેચ્છા પાઠવી રહ્યા છે.



ભગવાન વિષ્ણુના તમામ દસ અવતારોમાં છઠ્ઠા અવતાર ગણાતા ભગવાન પરશુરામ જન્મ જયંતી ઉજવવામાં આવે છે. અક્ષય તૃતીયાના દિવસે જન્મ લેવાને કારણે ભગવાન પરશુરામની શક્તિ અખૂટ હતી. માતા રેણુકા ના કુખે જન્મ લીધાપછી માતાપિતાએ તેમનું નામ રામ રાખ્યું હતું આ બાળક રામ બાળપણથી ભગવાન શિવના પ્રખર ભકત હતા. તે હમેશા ભગવાનની તપસ્યામાં મગ્ન રહેતા અને તેમની તપસ્યાથી ભગવાન શિવ પ્રસન્ન થયા અને તેમને અનેક પ્રકારના શસ્ત્રો આપ્યા જેમાં એક કુહાડી પણ હતી કુહાડીને પરશુ પણ કહેવાય છે. જેથી તેઓ પરશુ ધારણ કરતા હોવાથી પરશુરામ કહેવાયા. આમ ભગવાન પરશુરામજી ની જન્મજયંતી સમસ્ત બ્રહમ સમાજ તથા સૌરાષ્ટ્રના તમામ લોકો ધામધૂમથી ઉજવે અને બધા ભાઈચારો જાળવી રાખે તેવી સમગ્ર બ્રહમ સમાજ તથા સૌરાષ્ટ્રના તમામે લોકોને પરશુરામ જયંતી નિમિતે શુભેચ્છા પાઠવી છે.

# ધો.૧૨ સાયન્સ-કોમર્સનું ધોળકિયા સ્કૂલ્સનું ગગનચુંબી પરિણામ

## ધોળકિયા સ્કૂલ્સ પરિણામોનો નવો રેકોર્ડ બનાવે છે અને ફરી પોતાના જ રેકોર્ડને તોડીને નવી ઊંચાઇ પ્રાપ્ત કરે છે : ૨૦૨૪માં નવા રેકોર્ડ

રાજકોટ, તા. ૧૦

ગઈકાલે આવેલા ધોરણ - ૧૨ (સાયન્સ) અને ૧૨ (કોમર્સ) ના પરિણામમાં ધોળકિયા સ્કૂલ્સના તેજસ્વી તારલાઓએ રેકોર્ડ બ્રેક પરિણામ મેળવી મેદાન માર્યુ છે.

**સાયન્સનું શ્રેષ્ઠ પરિણામ**

**ગુજકેટ :** ધોરણ-૧૨ (સાયન્સ)માં સાંચલા સૂજલ એ ગુજકેટમાં ૧૨૦ માંથી ૧૨૦ માર્કસ સાથે ૯૯.૯૯ પીઆર મેળવી સમગ્ર ગુજરાતમાં ફર્સ્ટ રેન્ક મેળવ્યો હતો. સમગ્ર રાજકોટ શહેરમાં એકમાત્ર વિદ્યાર્થી સાંચલા સૂજલે મેળવેલી આ સિદ્ધિ અજોડ અને અદ્વિતીય સાબિત થઈ છે.

ૐ **સાયન્સ મેરીટ બોર્ડ**

ધોરણ - ૧૨ (સાયન્સ) બોર્ડમાં પણ ધોળકિયા સ્કૂલના વિદ્યાર્થી બેચરા ઉત્સવે ધોળકિયા સ્કૂલની હોસ્ટેલમાં અભ્યાસ કરી ૩૦૦ માંથી ૨૯૭ ગુણ પ્રાપ્ત કરી સાયન્સના મેરીટ બોર્ડમાં સમગ્ર રાજકોટમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યુ છે.

આમ સાયન્સ મેરીટ બોર્ડ અને ગુજકેટ બંનેમાં ધોળકિયા સ્કૂલ સમગ્ર રાજકોટ શહેરમાં પ્રથમ સ્થાન પર છે.

**ધોરણ - ૧૨ (સાયન્સ)ના એક-એકથી ચઢિયાતા પરિણામોની ઝલક**

ૐ સમગ્ર ગુજરાત બોર્ડ પ્રથમ ૧ વિદ્યાર્થી, સમગ્ર બોર્ડ ટોપ ૧૦માંથી ૭ વિદ્યાર્થીઓ, એ૧ ગ્રેડ સાથે ૭૭ વિદ્યાર્થીઓ, સબ્જેક્ટ ફર્સ્ટ ૩૮ વિદ્યાર્થીઓ, ૯૯.૦૦ પીઆર થી વધારે ૪૯ વિદ્યાર્થીઓ, ૯૦.૦૦ પીઆરથી વધારે ૩૫૧ વિદ્યાર્થીઓ.



**કોમર્સ માર્ચ : ૨૦૨૪નું શ્રેષ્ઠ પરિણામ**

ધોરણ - ૧૨ (કોમર્સ)ના પરિણામમાં ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ પ્રથમ આવનાર ૯-૯ વિદ્યાર્થીઓ એકમાત્ર ધોળકિયા સ્કૂલના છે. ફરી એકવાર ગુજરાત બોર્ડમાં ઐતિહાસિક પરિણામ મેળવતી ધોળકિયા સ્કૂલની દિકરી ભુવા હેન્સી જેણે ૭૦૦માંથી ૬૮૬ માર્કસ સાથે ૯૮.૦૦ અને ૯૯.૯૯ પીઆર મેળવી રાજકોટ શહેર અને ધોળકિયા સ્કૂલને ગૌરવવંતી બનાવી. આ દિકરીએ બોર્ડના આજસુધીના ઈતિહાસમાં સૌથી વધુ માર્કસ મેળવી નવો ઈતિહાસ સર્જ્યો છે. અગાઉ આ રેકોર્ડ ધોળકિયા સ્કૂલની દિકરી ચૌહાણ મેઘનાના નામે હતો. ભુવા હેન્સીના પિતાએ દિકરીને કહ્યું હતું કે તારી મહેનત અને શાળા પરિવારના માર્ગદર્શન થકી તારે ચૌહાણ મેઘનાનો રેકોર્ડ તોડવાનો છે. એ પ્રમાણે ધોળકિયા સ્કૂલની આ વિદ્યાર્થીનીએ ણટણ માર્કસ મેળવી બોર્ડના રિઝલ્ટમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

**ધો.૧૨ કોમર્સમાં સર્વશ્રેષ્ઠ પરિણામ**

**ૐ આવો જોઈએ એક-એક થી ચઢિયાતા પરિણામોની એક ઝલક :** સમગ્ર ગુજરાત બોર્ડ પ્રથમ ૯ વિદ્યાર્થીઓ, સમગ્ર ગુજરાત બોર્ડ ટોપટેનમાં ૩૮ વિદ્યાર્થીઓ, એ૧ ગ્રેડ સાથે ૧૭૯ વિદ્યાર્થીઓ, ૧૦૦માંથી ૧૦૦ માર્કસ સાથે સબ્જેકટ હાઈએસ્ટ ૧૨૯ વિદ્યાર્થીઓ, ૯૦.૦૦ પીઆરથી વધારે ૫૪૨ વિદ્યાર્થીઓ.

કોઈ એક જ સ્કૂલમાંથી આટલી મોટી સંખ્યામાં હોનહાર તેજસ્વી તારલાઓ સમગ્ર ગુજરાતમાં ચમકી ઉઠયા હોય તેનું એકમાત્ર કારણ ૫૪ વર્ષના કેળવણીના ક્ષેત્રનો વારસો, સમર્પિત કેળવણીકારોનું સંચાલન, વિષય નિષ્ણાંત અને અનુભવી શિક્ષણ ગણ, બાલમંદિરથી ૧૨ ધોરણ સુધી લેવાતી વિશેષ કાળજી અને સૌથી વિશેષ રાજકોટ શહેરના વાલી ગણનો ધોળકિયા સ્કૂલ્સ પર મૂકેલો વિશ્વાસ છે.

દર વર્ષે શ્રેષ્ઠ પરિણામની હેટ્રીક મેળવતી ધોળકિયા સ્કૂલ્સને ઠેર-ઠેર થી અભિનંદન મળી રહ્યાં છે.

આમ, દરેક બોર્ડ રીઝલ્ટમાં ધોળકિયા સ્કૂલ્સ પોતાના રેકોર્ડ બનાવે છે અને ફરી એ જ રેકોર્ડને તોડીને નવા રેકોર્ડનો ટાર્ગેટ બનાવે છે. તે બદલ કૃષ્ણકાંત સર અને જીતુ સર દ્વારા ધોળકિયા સ્કૂલ્સના વિદ્યાર્થી ગણ, વાલીઓ અને શિક્ષિકોને અભિનંદન પાઠવેલ છે.

### ધો.૧૨ કોમર્સના બોર્ડ ફર્સ્ટ વિદ્યાર્થીઓ

| પીઆર | વિદ્યાર્થીનું નામ | પિતાનું નામ | માતાનું નામ |
|---|---|---|---|
| ૯૯.૯૯ | ભુવા હેન્સી | નીતિનભાઇ | સુનિતાબેન |
| ૯૯.૯૯ | રાજપરા હેઝલ | જયેશભાઇ | દક્ષાબેન |
| ૯૯.૯૯ | કુમાવત કેશ્મા | ગુલારામ | સરોજબેન |
| ૯૯.૯૯ | ચંદ્રવંશી આનંદ | સંજયપ્રસાદ | ઉષાદેવી |
| ૯૯.૯૯ | પરમાર નીલ | ચેતનભાઇ | જયોતિબેન |
| ૯૯.૯૯ | શાહ વૃંદા | વિનયભાઇ | જયશ્રીબેન |
| ૯૯.૯૯ | વાગડીયા દ્રષ્ટિ | મયુરભાઇ | કિંજલબેન |
| ૯૯.૯૯ | શેઠ યશ | રાકેશભાઇ | આરતીબેન |
| ૯૯.૯૯ | પાઉં યશવી | પ્રકાશભાઇ | ખ્યાતિબેન |

“મા”પ્રત્યેના પ્રેમને પ્રદર્શિત કરવાનો દિવસ એટલે ‘મધર્સ ડે’

# જોહર કાર્ડસ અને જોહર ગેલેરીમાં મધર્સ ડેના દિવસે “મા” ને ભેટ આપી રાજી કરી શકાય તેવી ગિફ્ટની વિશાળ રેન્જ ઉપલબ્ધ



રાજકોટ,તા.૧૦

આ વર્ષ ૧૨ મે ૨૦૨૪ રવિવાર મધર્સ ડે,આ દિવસે મા ને ગીફ્ટ તથા કાર્ડસ આપી વંદન કરીને મધર્સ ડેની ઉજવણી વિશ્વભરમાં થાય છે. જોહર કાર્ડસવાળા યુસુફઅલીભાઈ તથા હસનેનભાઈએ તેમજ કાલાવડ રોડ પ્રેમ મંદિરની લાઈનમાં ગાર્ડન સામે આપેલ જોહર ગેલેરીનાં જોહરભાઈએ મધર્સ ડે ની ગીફ્ટ તથા કાર્ડસ અંગે જણાવ્યું હતું નવી ગીફ્ટો લાઇટિંગ વાળી શોપીસ જેવીંકે મધર્સના કોટેશન વાળી ફ્રેમ, રીસ્ટવોચ, કીચનમાં આઈ લવ મોમ, મોમ, ચોકલેટ, સેશ, પેન સ્ટેન્ડ વીચ વોચ,મગ મા સ્ટીલ, રૈનબો સ્ટીલ મગ, સિરામિક મગ, બીગ મગ, હાર્ટ હેન્ડલ મગ, UV કોટેડ મગ, સ્મોલ મગ અને પર્સનલાઈઝ મગ એમ ઘણી પ્રકાર ના મગ છે. ઉપરાંત જવેલરીવાળુ કોમ્બો સેટ તથા ઘડિયાળ વાળા કોમ્બો સેટ આવેલ છે. મેજીક મીરર ફોટોફ્રેમ, ડાયમંડની જવેલરી કડા, સીંગાપુર કંપનીની ઝેડ.એમ.ની કોસ્મેટીક આઈટમ જેમ કે ફેઈસવોસ, સનસ્કીપ, લીપ બામ, ડીઓ વગેરે, કોમ્બો વોચ વીથ જવેલરી પરફ્યુમ, લેડીઝ ફેન્સી ગોગસ, પ્રખ્યાત કંપનીની સેલીબ્રેશન ચોકલેટ, ચોકલેટ બુકે, દુબઈના ઘણીજ પ્રકાર પરફ્યુમ, પ્રસનલાઇઝમા નામવાળા વોલેટ, કીચેઈન, પાસપોર્ટ કવર, કોમ્બો વોલેટ, પીલો, પેન, ટીશર્ટ, કીચેઇન, લાઈટીંગ એલ.ઈ.ડી ફ્રેમ, રેઈનબો મલ્ટીકલર બોટલ, લેડીઝના નામવાળા કડા, લોકેટ, લેડીઝ નામવાળી બેગ, વુડન મા સ્કેચ ફોટો, મધર્સ ડેના કાર્ડસમા એવરીડે ઈઝ ફુલ ઓફ મધર્સ લવ, ફોર યુ મધર, ટુ ધ મોસ્ટ લવીગ મધર, ફોર ધ વર્લ્ડસ બેસ્ટ મોમ એવર વિથ લવ, મધર આઇ લવ યુ યુ મીનએવરીથીંગ ટુ મી વગેરે હેડીંગવાળા કાર્ડસ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે.

# સમસ્ત જૈન સમાજની મતદાનની અપીલને પ્રતિસાદ મળ્યોઃ શાતાકારી નવકારશી યોજાઈ

રાજકોટ,તા.૧૦

સમસ્ત જૈન સમાજને મત દાન કરવા અપીલ બોહળો પ્રતિસાદ મળેલ હતો અને સવારે ૧૧:૦૦ કલાક સુધીમાં જ મતદાન સ્વયંભુ ફરજ નિભાવેલ લોકશાહી એટલે લોકો માટે લોકોથી અને લોકો દ્વારા ચાલતી સરકાર લોકશાહીમાં લોકો જ સર્વપરી હોય છે. તેથી મત આપવો ખુબ જ જરૂરી છે, તેવા વાત લોકો સુધી જૈન વિઝન દ્વારા પ્રચ અત્રે ઉલ્લેખનીય છે, પચાયત પાર્લામેન્ટ સુધીની ચૂંટણીમાં પરંપરા જાણવીને જૈન વિઝન દ્વારા ઉપાશ્રય દેરાસર ખાતે અને વાંકાનેર જૈન સમાજ ખાતે પણ નવકારશીનું આયોજન કરાયું હતું , ત્યાર બાદ લોકોએ મતદાન કરીને સવારના ૭:૫૫ થી ૧૦:૦૦ વાગ્યાં સુધી શાતાકારી નવકારશીનો લાભ આપેલ.

સમગ્ર આયોજન જૈન અગ્રણી જયોતિન્દ્રભાઈ મહેતા (મામાં) ચંદ્રકાન્તભાઈ શેઠ, દિનેશભાઈ પારેખ, પ્રવીણભાઈ કોઠારી, કિશોરભાઈ દોશી, જયેશભાઈ શાહ અને સુનિલભાઈ શાહ દ્વારા સુંદર માંગદર્શક મળી રહેલ છે. જૈન વિઝન દ્વારા આ તકે ચારેય ફિરકાના આગેવાનો સ્થાનકવાસી અને મૂર્તિપૂજક દેરાસરના આગેવાનો અને તેમજ ટ્રસ્ટ્રીઓ તેમજ વાંકાનેર જૈન સમાજના આગેવાનોનો સહકાર બદલ ખાસ આભાર મનાયો છે.

સમગ્ર આયોજનમાં ટિમ નવકારશીના આયોજનમાં મહેશભાઈ મણિયાર, સુનિલભાઈ કોઠારી, અનીષભાઈ વાઘર, ડોલરભાઈ કોઠારી, ગીરીશભાઈ મહેતા, અજીતભાઈ જૈન, સમગ્ર આયોજન સફળ બનવા ભારે જેહમત ઉઠાવેલ હતી.ધારાસભ્ય સરાહતા કરી હતી. ડો. દર્શિતાબેન શાહ, ભરતભાઈ કાનપુરા તેમજ ડો. બ્રિજેશ પટેલ સહિતના અગ્રણીઓએ સરાહતા કરી હતી.

# ‘જો બોલે સો નિહાલ’ : ધનસુખ ભંડેરી અને કમલેશ મીરાણીને પંજાબની ચૂંટણી જવાબદારી

## ગુરદાસપુર અને સનગુરૂર બેઠકના પ્રભારી બનાવતું હાઈકમાન્ડ

રાજકોટ, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું મતદાન સંપન્ન થયા બાદ રાજકોટ-સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ભાજપના નેતાઓને હાઈકમાન્ડ દ્વારા જુદા જુદા રાજયના મતક્ષેત્રની જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે તેમાં રાજકોટ ભાજપના ટોચના બે નેતાને પંજાબ મોકલવામાં આવ્યા છે.



રાજકોટના પૂર્વ ભાજપ પ્રમુખ અને પૂર્વ મેયર ધનસુખભાઈ ભંડેરી અને પૂર્વ ભાજપ પ્રમુખ કમલેશ મીરાણીને પંજાબની જુદી જુદી બે બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે.

મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઈ ભંડેરીને ગુરદાસપુર બેઠકના પ્રભારી તરીકે મુકવામાં આવ્યા છે. રાજકોટ ભાજપના ટોપ નેતામાં સ્થાન ધરાવતા ધનસુખ ભંડેરી સત્તા અને સંગઠનનો મોટો અનુભવ ધરાવે છે. તેમના કાર્યકાળમાં સત્તા અને સંગઠનમાં ચાલતી શિસ્તના દાખલા આજે પણ પાર્ટીમાં આપવામાં આવે છે. તો પૂર્વ ભાજપ પ્રમુખ અને પૂર્વ સ્ટે.ચેરમેન કમલેશ મીરાણીનો સંગઠનનો અનુભવ હવે પંજાબમાં પણ કામે લાગશે. કચ્છના પ્રભારી તરીકે કામ કરનાર કમલેશ મીરાણીને પંજાબની સનગુરૂર બેઠકના પ્રભારી પાર્ટીએ બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પંજાબના ચૂંટણી પ્રભારી છે. હવે રાજકોટની આ ટીમ પંજાબમાં ચૂંટણી પ્રચારમાં ફરી વળશે.

# આજે શહેરભરમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણીઃ મહાપુજન સહિતના કાર્યક્રમો યોજાયા



ભગવાન પરશુરામજીની આજરોજ અખાત્રીજના દિવસે જન્મજયંતિ છે ત્યારે આ જન્મોત્સવનો અનેરો થનગનાટ ભૂદેવોમાં જોવા મળી રહ્યો હતો અને ઠેર-ઠેર ભગવાન પરશુરામજીનું મહાપુજન, શોભાયાત્રા, મહાઆરતી, યજ્ઞો સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહસમાજના ટ્રસ્ટી અને યુવાનોના માર્ગદર્શક એવા બ્રહ્મઅગ્રણી જીતુભાઈ મહેતાના રામનાથપરા ખાતે આવેલ નિવાસસ્થાને ભગવાનશ્રી પરશુરામજીનું મહાપુજન-અર્ચન તથા મહાઆરતીનો કાર્યક્રમ વૈદિક મંત્રોચ્ચારથી પુજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોકસભાના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, રમેશભાઈ રૂપાપરા, નયનાબેન પેઢડીયા, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્સર હોસ્પિટલમાં બાળકોમાં થતાં કેન્સરની સારવાર ઉપલબ્ધ બની

## દર વર્ષે ૧ લાખમાંથી ૧૫ બાળકોમાં કેન્સરની બિમારી

રાજકોટ,તા.૧૦

થતાં કેન્સરની ચેતવણીના લક્ષણો જેવા કે તાવ, ગંભીર અને સતત માથાનો દુખાવો, હાડકામાં દુખાવો અને વજન ઘટવું એ કેન્સર માટેનું પ્રથમ લક્ષણ છે. જેનું યોગ્ય નિદાન અને સારવાર કરવી અત્યંત જરૂરી છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) માં દરેક વયના કેન્સરના દર્દીઓ માટે નિદાન અને સારવાર માટે જાણીતી છે, જેમાં કેન્સર માટેની જટીલ સર્જરીઓ, કિમોથેરાપી, રેડીયોથેરાપી વગેરે સુવિધાઓ એક છત્ર હેઠળ કેન્સરના દર્દીઓને મળી રહે છે.આધુનિક સાધનોથી સુસજ્જ લેબોરેટરી તથા રેડીયોલોજી વિભાગમાં MRI, CT SCAN, સોનોગ્રાફી, તથા ડીજીટલ એકસ-રે વગેરેની સુવિધા બાળકોમાં કેન્સર ના નિદાન માટે ઉપલબ્ધ છે.




બાળકોમાં થતા કેન્સરના રોગ તથા જટીલ સારવારને ધ્યાનમાં રાખીને રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા કેન્સરનું વહેલું નિદાન અને સારવાર થાય એ માટે અનુભવી મેડીકલ ઓન્કોલોજીસ્ટ, રેડિયેશન ઓન્કોલોજીસ્ટ, બાળરોગ નિષ્ણાંત તથા આઈ.સી.યુ. ના નિષ્ણાંત તબીબોની ટીમ બાળકોમાં થતા કેન્સરની સારવાર માટે ઉપલબ્ધ છે.

રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા એ જણાવેલ હતુ કે રાજકોટ કેન્સર સોસયટી ખાતે બાળકોમાં થતા કેન્સરની સારવાર માટે સુવિધાઓ ઉપલબ્ધ થતા હવે ભાગ્યેજ કેન્સરના દર્દીઓને અમદાવાદ કે મુંબઈ જવાની જરૂર પડશે.

# નગરજનોને પરશુરામ જયંતિ-અક્ષય તૃતિયાની શુભેચ્છા આપતા કાનગડ

રાજકોટ, તા. ૧૦

વિધાનસભા-૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદય કાનગડે શહેરીજનોને સમસ્ત જગતના આરાધ્ય દેવ અને બ્રાહ્મણોના ઇષ્ટદેવ એવા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામજીની જન્મ જયંતિની શુભેચ્છા આપી છે.



વૈશાખ સુદ-અખાત્રીજ, અક્ષય તૃતિયાના શુભ દિને લોકો ધાર્મિક અને શુભ કાર્ય કરે છે. સમગ્ર દેશમાં પરશુરામ જયંતિ હર્ષોલ્લાસથી મનાવવામાં આવે છે. આજે પણ પરશુરામજી મહેન્દ્ર પર્વત પર સમાધિસ્થ હોવાની લોક માન્યતા છે. સંયમ, શકિત, તપ, પરાક્રમના પ્રતિક એવા પરશુરામજીને પૂજન-અર્ચન કરી શાંતિની સ્થાપના અને અધર્મના નાશ માટે તેઓએ પ્રાર્થના કરી છે.

# હેમલ જાજલ સર્જિત અને અભિનિત એક પારિવારિક મનોરંજન શોર્ટ ફિલ્મ “દાળઢોકળી” આજે યુટ્યૂબ પર પ્રિમીયર

રાજકોટઃતા ૧૦

તારીખ ૧૦મે ૨૦૨૪ ના રોજ અખાત્રીજ ના પર્વ ઉપર આ મૂવી નું પ્રિમયર યુટ્યૂબ ચેનલ ‘‘હેમલ જાજલ પ્રોડકશન‘‘ પર રાખવમાં આવેલ છે આ ફિલ્મ દ્વારા મનોરંજન સાથે જીવન માં એક બીજા સાથે હળી મળીને રેવાની ચાવી કઈ છે એ દર્શાવામાં આવેલ છે જેવી રીતે પાંચે આંગળીઓ સરખી નથી હોતી છતાં એક સાથે હોય છે એવી જ રીતે પરિવાર ના દરેક સભ્યો ના વિચારો અને રેહનીકરણી અલગ હોય છે તે છતાં સુખ અને એકતા સાથે હળી મળીને કેમ રેહવું એ આ ફિલ્મ નો ઉદેશ છે.




આ ફિલ્મ નું દિગદર્શન અને લેખન નિલેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વવારા થયેલ છે. કલાકરો હેમલ જાજલ, નિહારિકા દવે અને ડોલી પંચાલ સંગીત કમલેશભાઈ વૈદ્ય (આરોહી સ્ટુડિયો અમદાવાદ) છબીકાલા (નયન ડિજિટલ) અમદાવાદ એડિટિંગ અને ડી આઈ(ઓન ઈનફાઈનાઈટ ફિલ્મ્સ) આ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ સિલેકટ થયેલ છે.

# કાલે સી.જે.ગ્રુપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

રાજકોટ,તા.૧૦

રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજ સંચાલીત સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ તેમજ સી.જે.ગ્રુપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ આવતીકાલ તા.૧૧ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન નિઃશુલ્ક હોમિયોપેથીક દવાઓ તથા લોહીની તપાસ મોડેલ સ્કૂલ, હનુમાન મઢી, રૈયારોડ, ભગવતી હોલવાળી શેરી, પૂર્વમુખી હનુમાન ચોક, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં ડો.હિતાર્થ મહેતા, ડો. માધવી વાગડીયા, ડો.નિરવ ગણાત્રા,ડો.અલ્ફી કુરેશી, ડો.રોમલ પડસુંબીયા, તેમજ દંત ચિકિત્સક ડો.નિતાબેન ટાંક અને ફિઝીયોથેરાપીસ્ટ ડો.વૈશાલી મકવાણા, લેબોરેટરીની સુવિધામાં દયાબેન હિરપરા સેવા આપશે.

# રાજકોટના આંગણે ફરી એકવાર યોજાશે ભવ્ય વેડિંગ અને લાઈફ સ્ટાઈલ એક્ઝિબીશન

રાજકોટ,તા.૧૦

બાળકો માટે મુંબઈના પ્રખ્યાત વુડનના ટોયઝ, સેલા, પટોડા, જ્વેલરી સહિતની તમામ વસ્તુઓ એક જ સ્થળેથી ખરીદી શકાશે.




રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આજથી તા. ૧૦ થી ૧૨ સુધી સાંજના ૪ વાગ્યાથી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ભવ્ય એક્ઝિબીશન અને ફૂડ ફેસ્ટીવલનું આયોજન રાજકોટના ફેમસ ફેબ ફેશન અને મુંબઈનું પ્રખ્યાત શૃંગાર એક્ઝિબીશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. રંગીલા રાજકોટીયન્સ માટે સમર સ્પેશ્યલ એક્ઝિબીશન આવતીકાલથી યોજાશે. શોપિંગની સાથે વિવિધ ફૂડની મજા પણ રાજકોટીયન્સો માણી શકશે. આ એક્ઝિબીશનમાં સુરત, મુંબઈ, બરોડા, દિલ્હી, પૂના સહિત તમામ શહેરોના સ્ટોલ્સ ઉપલબ્ધ છે. જેમાં લગ્નની ખરીદીથી માંડીને વિવિધ આકર્ષક વસ્તુઓ એક જ જગ્યાએથી મળી રહેશે. સ્પેશ્યલ લખનવી કુર્તી, ચીકનના ડ્રેસ, ડિઝાઈનર કુર્તી અને હા, બાળકો માટે સ્પેશ્યલ ક્લોથસની વિવિધ આકર્ષક વેરાયટીઓ તો ખરી જ.

ફેબ ફેશન અને શૃંગાર દ્વારા આયોજિત આ એક્ઝિબીશન રાજકોટ સહિત અનેક મોટા શહેરોમાં યોજાય છે. અવનવી જ્વેલરી, ફૂટવેર, વિવિધ ક્લોથસ અને પટોડા, સેલા, લખનવી અને ખાસ બાળકો માટે વુડનના રમકડાં, મુંબઈની પ્રખ્યાત બેડશીટ, ઓક્સોડાઈઝ મુંબઈની જ્વેલરી સહિત લગ્નને લગતી તમામ આઈટમો અહીંથી મળશે.

આ એક્ઝિબીશનમાં ખાસ આકર્ષણ જમાવશે સુરતના પ્રખ્યાત ટેરો રીડર કે જેઓ તમારા જીવનને લગતા તમામ પ્રશ્નોનું નિરાકરણ સાથે ઉપાયો પણ જણાવશે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ એક્ઝિબીશનમાં શોપીંગ સાથે ફૂડની મજા માણવી ચૂકશો નહીં. વધુ માહિતી માટે મો.નં. ૬૩૫૧૧૧૯૪૧૦, ૯૮૭૦૬૬૫૫૭૭ પર સંપર્ક કરી શકાશે.

**રાજકોટ અને મુંબઈનાપ્રખ્યાત ફેબ ફેશન અને શૃંગાર દ્વારા આજથી તા. ૧૨ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડમાં ફડ વીથ લાઈફ સ્ટાઈલ એક્ઝિબીશનનું બેનમૂન આયોજન**

# પિતાની પુણ્યતિથિ નિમિત્તે રમેશભાઈ પરમારે વૃદ્ધોને ભોજન પીરસ્યુ



ગામ સતાપરના વતની તા.જામજોધપુર જીલ્લો જામનગરના રમેશભાઈ પરમારના પિતા ગોપાલભાઈ રત્નાભાઈ પરમારની ૨૦મી પુણ્યતિથિ નિમિત્તે પીપળીયા ભવન સ્વામીનારાયણ ગુરૂકુળ સામે ગોંડલ રોડ ખાતે વૃધ્ધાશ્રમ તમામ માવતરોને પરપેટ ભોજન સમારંભ યોજી આશીર્વાદ લીધા હતા. રમેશભાઈ પરમાર તેમના પત્ની લતાબેન પુત્ર અંકુરભાઈ, હિરલબેને હાજરી આપી હતી.

# શહેર ભાજપ દ્વારા સામ પિત્રોડાના પુતળા ઉપર રોષ ઠાલવી વિરોધ પ્રદર્શન કર્યું



કોંગ્રેસના ગાંધી પરિવારના સલાહકાર રહેલા અને વારંવાર વિવાદીત નિવેદનો માટે વગોવાયેલા સામ પિત્રોડાએ દેશવાસીઓના શરીરના વાન અંગે ટીપ્પણી કરતા સમગ્ર દેશવાસીઓમાં રોષની લાગણીને ઠેસ પહોંચાડી હતી. ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા કિશાનપરા ચોક ખાતે તેમના પૂતળા ઉપર રોષ ઠાલવી વિરોધ કરવામાં આવ્યો હતો. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.દર્શિતાબેન શાહ, મનીષભાઈ રાડીયા, નયનાબેન પેઢડીયા, વિક્રમભાઈ પુજારા, હરેશભાઈ જોષી સહિતના શહેર મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુસ્લિમ સમાજનું ગૌરવ

રાજકોટ,તા.૧૦



રાજકોટના મુસ્લિમ સમાજના અગ્રણી રજાકભાઈ જામનગરીના ભત્રીજી મહેંદી સલીમભાઈ સંઘીએ ધો.૧૨ની પરીક્ષામાં ૭૫૦ માંથી ૬૧૪ ગુણ સાથે ૮૯ પી.આર.મેળવી મુસ્લિમ સમાજને ગૌરવ અપાવેલ છે.

# ‘હર હર મહાદેવ-જય પરશુરામ’નાં જય ઘોષ સાથે પરશુરામ જયંતીની ભકિતસભર ઉજવણી

## પેડક રોડ, બહમાળી ભવન ચોક, ત્રિકોણ બાગ ખાતે ભગવાન પરશુરામનું પૂજન, અર્ચન-આરતી બાદ વાજતેગાજતે શોભાયાત્રા નીકળી: આ વર્ષે સવાર અને સૉંજે બંને ટાઈમ બ્રહ્મ સમાજ દ્વારા શોભાયાત્રાનું આયોજન: મંદિરોમાં સુશોભન-મહાઆરતી-મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા

રાજકોટ તા.૧૦

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અંશાવતાર પરશુરામ ભગવાનના પ્રાગટ્ય દિને આજે રાજકોટ મહાનગરમાં બ્રહ્મસમાજની વિવિધ સંસ્થાઓ, ગ્રુપ, મંડળો દ્વારા ભગવાન પરશુરામ જયંતી દિને પૂજન-અર્ચન-આરતી શોભાયાત્રા સાથે ભકિતસભર ઉજવણી કરવામાં આવી છે.

બ્રહ્મસમાજ દ્વારા પેડક રોડ, બહુમાળી ભવન ચોક અને ત્રિકોણ બાગ અને પરશુરામ મંદિર સ્થળે વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભગવાન પરશુરામની આરાધના કરવામાં આવી હતી.

બ્રહ્મ સેના દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણીમાં સવારે આરતી પૂજન બાદ ૮-૩૦ કલાકે વાજતે ગાજતે આર્કષક ફ્લોટ સાથે શોભાયાત્રા નીકળી હતી. હર.. હર.. મહાદેવ, જય જય પરશુરામના જય ઘોષ સાથે શોભાયાત્રામાં અબીલ ગુલાલની છોળો ઉઠી હતી. આ શોભાયાત્રા પાણીના ઘોડાથી શરૂ થઈ પેડક રોડ, પટેલવાડી, ભાવનગર રોડ, પાંજરાપોળ, ગરૂડની ગરબી, રામનાથપરા, હાથીખાના પેલેસ વિ. પસાર થઈ હતી.




તસવીર: દેવેન અમરેલીયા

જયારે પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા ત્રિકોણબાગ ખાતે સવારે મહાઆરતી બાદ સાંજે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. બહુમાળી ભવન ચોકમાં મિત્ર મંડળ દ્વારા ભગવાન પરશુરામ જન્મ જયંતી દિને પંડાલમાં પ્રતિમાની આરતીમાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા. જય જય પરશુરામનો જય ઘોષ ગુંજી ઉઠયો હતો. પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાંજે ૫૧થી વધુ ફ્લોટસ સાથેની શોભાયાત્રાનું આયોજન છે. આ વર્ષે પરશુરામ જન્મ જયંતીની ઉજવણીમાં સવારે અને સાંજે બે ટાઈમ શોભાયાત્રાનું આયોજન થયું છે. આરાધ્ય દેવ ભગવાન પરશુરામના જન્મોત્સવ ઉજવવા બ્રહ્મ સમાજના વડીલો, આગેવાનો, યુવા વર્ગ, ભાઈ બહેનોમાં આનંદ ઉત્સાહ જોવા મળ્યો હતો.

---

### રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબની નિશ્રામાં

# પારસધામમાં અક્ષય તૃતીયાનાં પાવન દિને વર્ષીતપ પારણા મહોત્સવ ઉજવાયો

## પારણુ કરવા આવેલા અનેક તપસ્વી આરાધકોની ઉપસ્થિતિમાં ઓલવેઝ કેર એનિમલ કલીનીકનું મંગલકારી ઉદ્‌ઘાટન કરાયું

રાજકોટ,તા.૧૦

હે પ્રભુ! મને પણ જો તક મળે તો એકવાર વર્ષીતપની આરાધના કરીને મારા ભવને સાર્થક કરી લેવો છે આવી પ્રેરક ભાવના પ્રસરાવીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે અક્ષય તૃતીયાના પાવન દિવસે યોજાયેલો વર્ષીતપ પારણા મહોત્સવ તપધર્મની જયકાર વર્તાવીને ભક્તિભાવે ઉજવાયો હતો.




શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ પાવનધામના ઉપક્રમે કાંદીવલી સ્થિત રઘુલીલા મોલ ખાતે આયોજિત વર્ષીતપ પારણા મહોત્સવના આ અવસરે પરમ ગુરુદેવના સાંનિધ્યે પારણું કરવા આવેલાં અનેક તપસ્વી આરાધકોની અનુમોદના કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોની સાથે લાઈવના માધ્યમે દેશ-વિદેશના હજારો ભાવિકો જોડાઈ ગયાં હતાં.

અક્ષય તૃતીયાના પાવનકારી દિવસે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની કરુણા ભાવના સાથે પાવનધામના આંગણે અબોલ એવા ઘાયલ અને અસ્વસ્થ પશુ પંખીઓની સારવાર હેતુ ‘‘ઓલવેઝ કેર‘‘ એનિમલ કિલનિકનું ઉદઘાટન કરવામાં આવતાં અક્ષય તૃતીયા પાવન પરમાર્થની તૃતિયા બની ગઈ હતી.

એ સાથે જ, મહારાષ્ટ્રના પડઘા સ્થિત પરમધામ સાધના સંકુલ ખાતે નૂતન ગૌશાળામાં પણ આજના અક્ષય તૃતીયાના પાવન દિવસે સેંકડો ગાયોને આશ્રય સ્થાન આપીને એમને શાતા સમાધિ આપવાનું પરમાર્થ કરવામાં આવતાં જાણે સોનામાં સુગંધ ભળી ગઈ હતી.

તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરી લેવાનો બોધ આપતાં આ અવસરે પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, શરીરને જીર્ણશીર્ણ કરી દેનારી પીડા પર પણ જે વિજય પ્રાપ્ત કરીને, પોતાના મનને મક્કમ કરીને જે તપ સાધના કરે છે તે જ વીર હોય છે, તે જ પરમાત્મા હોય છે.

પરમાત્મા આદિનાથ પ્રભુની પરંપરામાં કરોડો વર્ષોથી થઈ રહેલી વર્ષીતપની આરાધના જે પોતાના જીવનમાં એકવાર કરે છે તેનો ભવ સાર્થક થઈ જાય છે. તપશ્ચર્યા સમયે મુખ પર આનંદ અને પારણામાં હોય દુઃખ તેની તપશ્ચર્યા સાર્થક થઈ જાય. પદાર્થોની હાજરીમાં પણ એને ભોગવવા માટે જેનું મન ગેરહાજર રહે તે તપસ્વી હોય. ભૂખને સહન કરતાં કરતાં દુઃખને સહેવાની, પચાવવાની ક્ષમતા એવી પ્રગટ થઈ જતી હોય કે ગમે એવું દુઃખ પણ સહજતાથી સહન થઈ જતું હોય.

વિશેષમાં અખંડ ૪૫૪ દિવસ સુધી આયંબિલ તપની મૌન સાથે ઉગ્ર આરાધનાસાથે ચાર લાખ નમસ્કાર મંત્ર લેખન કરનારા પૂજ્યશ્રી પરમ કૃપાજી મહાસતીજીને આ અવસરે પારણા કરાવવામાં આવતા સર્વત્ર જયકાર વર્તાયો હતો.

સહુના હૃદયમાંથી ઉઠતાં અહોભાવના અને અનુમોદનાના ભાવો વચ્ચે પરમ ગુરુદેવના શ્રી મુખેથી તપશ્ચર્યાની ભાવ આલોચના સાથે તેમના પાવન હસ્તે વર્ષીતપની આરાધના કરનારા અનેક તપસ્વીઓને પારણા કરાવવામાં આવતાં અને શ્રી સંઘ દ્વારા તપસ્વીઓના થયેલા સન્માન સાથે સર્વત્ર પ્રસરતાં આનંદ આનંદ સાથે આ અવસર વિરામ પામ્યો હતો.

---

# કલકત્તામાં પૂ.ધીરગુરૂદેવના મંત્રોચ્ચારે નવનિર્મિત જૈન ભવનમાં કળશ-સ્વસ્તિક વિધિ સંપન્ન

રાજકોટ,તા.૧૦

કલકત્તાના ભવાનીપુરમાં નવનિર્મિત શ્રી કમાણી જૈન ભવન મધ્યે જશવંતીબેન ચમનલાલ દેસાઈ ધર્માલય આદિ વિવિધ સંકુલમાં મંગલ કળશ સ્વસ્તિક વિધિ પૂ.શ્રી ધીરગુરૂદેવના મંત્રોચ્ચાર બાદ દાતાઓના વરદ્‌ હસ્તે કરવામાં આવેલ.નૂતનીકરણ હોલમાં ડો.જિતેન્દ્ર પ્રાણલાલ શાહની સ્મૃતિમાં ડો.હંસા શાહે ૫૧ લાખમાં ઈન્દિરાબેન જયંતિલાલ બાવીસીએ લાભ લઈને સહુનો ઉત્સાહ વધાર્યો હતો.જીવરક્ષા બંને રજત કળશનો લાભ શ્રી ચંદ્રવદન ભાઈ દેસાઈ પરિવારે લાભ લીધેલ.આ પ્રસંગે મોદી પરિવાર, વોરા, પુનાતર, અવલાણી, સંઘવી દોશી, દેસાઈ, શાહ, મહેતા, પારેખ, કામદાર, કામદાર, બાવીસી, શેઠ, રૂપાણી, દોશી, પટેલ, હેમાણી, મહેતા અજમેરા, ભાયાણી, ગાંધી, લાખાણી, કોઠારી, ખારા જાગાણી, વગેરે પરિવારની હાજરી હતી.




---

# ગોંડલ ખાતે અઢિયા પરિવારના કુળદેવી ખોડિયાર માતાજીનો ૧૨મો પાટોત્સવ ઉજવાશે

## રવિવારે સવારથી જ ધાર્મિક કાર્યક્રમો શરૂ થશે

ગોંડલ,તા.૧૦

અઢિયા પરિવારના કુળદેવી ખોડિયાર માતાજીના સ્થાનકે ૧૨મો પાટોત્સવ ઉજવાશે સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ ધ્વજારોહણ, ગૃહશાંતિ યજ્ઞ તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.ગોંડલ ખાતે બિરાજમાન અઢિયા પરિવારના કુળદેવી શ્રી ખોડિયાર માતાજીના સ્થાનકે રવિવાર તારીખ ૧૨-૦૫-૨૦૨૪ ના દિને પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે.

રવિવાર સવારથી ધાર્મિક કાર્યક્રમો હેમાદ્રી શ્રવણ, ગણપતિ પુજન, માતાજીના શણગાર, ધ્વજારોહણ, ગૃહશાંતિ યજ્ઞ, તેમજ હવનમાં બીડું બપોરના ૧.૩૦ કલાકે સાથે પ્રસાદીની વ્યવસ્થા આવેલ છે. આ ધાર્મિક પ્રસંગે સહભાગી થવા અઢિયા પરિવારે જણાવ્યું છે.

---

# માખાવડના આંગણે ‘‘રામચરીત માનસ’’નો શુભારંભ કરાવતા પૂ. મોરારી બાપૂ.

## ચાર મ એટલે કે પ્રેરણા મોગલધામની, આયોજન માખાવડનુ, ઉપસ્થીતી મોરારીબાપુની, વક્તા મહાદેવપ્રસાદનુ સમન્વય

રાજકોટ:તા ૧૦

મોગલધામ ખરેડાના વ્યવસ્થાપક કિશોરભાઈ ગજેરા જણાવતા કહે છે કે, માખાવડ આંગણે ગૌધામ ગૌશાળાના લાભાર્થે આઈ શ્રી જાહલમાઁ મોગલધામ આશ્રમ ખરેડા આયોજીત, શ્રી રામચરીત માનસ જ્ઞાનયજ્ઞ નુ તા.૯ થી ૧૭ સુધી આયોજન કરવામા આવ્યુ છે જેનુ ગઈ કાલે તા.૯ ના પ્રથમ દિવસે પોથીયાત્રા યોજીને વિધ્વાન તેમજ આંતરરાષ્ટ્રીય કથાકાર એવા વક્તા ડો. મહાદેવપ્રસાદ મહેતાને ઢોલ-નગારા તેમજ બેંડની સુરાવલી સાથે પોથી અર્પણ કરી યજમાનો, દાતાઓ તેમજ ગ્રામજનોએ અભીવાદન ઝીલ્યુ હતુ.



આવા વિશેષ ભવ્યાતીત તેમજ દિવ્યાતીત સમાહના આયોજનમા વિશ્વવંદનીય સંત, રામ કથાના પ્રણેતા તેમજ જેઓ રામ મંદિર નિર્માણ કાર્ય માટે હરહંમેશ તત્પર રહ્યા એવા વિરલ વ્યકતીત્વ એટલે કે પૂ. મોરારી બાપુ. તેઓ તલગાજરડા થી છેક રાજકોટના માખાવડ ગામે હેલિકોપ્ટર મારફતે પહોંચ્યા હતા ત્યારે કથા સ્થળ એ ફૂલહાર પહેરાવી યજમાન પરીવારે તેમને આવકાર્યા હતા તેમજ તેમના વરદ્‌ હસ્તે દિપ પ્રાગટય યોજાયુ ત્યારે જાણે ચાર ચાર ‘‘મ એટલે કે પ્રેરણા મોગલધામની, આયોજન માખાવડનુ, ઉપસ્થીતી મોરારીબાપુની, વકતા મહાદેવપ્રસાદ નુ સમન્વય થયુ હોય એવુ લાગી રહ્યુ હતુ.

જેમને ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રામ ચરીત માનસની કથા કરી હોય એવા પૂ.બાપુ કે જેમની કથામા આધ્યાત્મિક સામર્થ્ય અને સાહિત્યિક કુશળતાનું સંમળાઈ હોય છે એવા બાપુના કંઠે રામચરીત માનસનુ મહત્વ સમજાવાતા બોલ્યા હતા કે, ‘‘રામચરિત માનસ‘‘ હનુમાનજીના શકિત અને આદર્શોનું માનવ પ્રકાર છે. તે સંસ્કૃત મહાકાવ્ય છે જે વાલ્મીકિ દ્વારા રચાયું હતું. તેનું મુખ્ય વિષય રામાયણ, ભગવાન રામની જીવન વાતે આવતું છે. આ ગ્રંથ હિંદુઓની ધાર્મિક સાહિત્ય માં એક મહત્વની સ્થાનિકતા ધરાવે છે અને ભારતીય સંસ્કૃતિનું ભવ્ય અંગ હોવાનું માનીતું છે. તે જ્ઞાન, ધર્મ, નીતિ, અને આદર્શોની માનવતાને સંમાનની સૂચી છે. તેની વાણીમાં રામની વીરતા, ધર્મનિષ્ઠતા, અને સહૃદયતાનું મહત્વપૂર્ણ સંદેશ છે જે માનવતાને આધ્યાત્મિક સંપત્તિ અને આદર્શોની દિશામાં મોક્ષ અને શાંતિ મળવાનું સિદ્ધ કરે છે. રામચરિત માનસ માનવ સમાજ માટે આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શનનો એક મૂળભૂત સ્ત્રોત છે.આ તકે કિશોરભાઈ પૂ. નિર્મળ સ્વામી, ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી, જીલ્લા આગેવાન નાગદાનભાઈ ચાવડા વિગેરે આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.

---

# અઢી વર્ષના માસુમ બાળકની શ્વાસનળીમાં દોઢ મહિનાથી ફસાયેલા પથ્થર દૂરબીન વડે કાઢી આપી બાળકને નવજીવન આપતા ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કર

રાજકોટ, તા. ૧૦

નાના બાળકો અવારનવાર રમતા રમતા કાંઈક ને કંઈક મોંમાં નાખી દેતા હોય છે અને ત્યારબાદ કેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે તેવો જે એક કિસ્સો તાજેતરમાં રાજકોટ વિદ્યાનગર રોડ સ્થિત ડો. હિમાંશુ ઠક્કરની હોસ્પિટલમાં નોંધાયો માધવ સરેસીયા નામનું બાળક જેની ઉમર અઢી વર્ષ હતી ગામ ખેરડી બાળકના પિતા કેતનભાઈના જણાવ્યા મુજબ તેને છેલ્લા દોઢ મહિનાથી ઉધરસ અને કફ મટતો ન હતો અનેક ડોકટરો પાસે તપાસ કરાવી અને રિપોર્ટ કરાવ્યાં પરંતુ કોઈ ફરક ન જણાતા ફેફસાંનો એકસ-રે કરવામાં આવ્યો તેમાં માલુમ પડયું કે બાળકની શ્વાસનળીમાં જમણી બાજુ છેક ઊંડે ફેફસાંની નજીક કાંઈક ફસાયેલ છે અને તેના જમણા ફેફસાંમા બિલ્કુલ હવા જતી ના હતી અને ફેફસાંમા ચેપ પણ લાગી ગયો હતો બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી અને spo2 માત્ર ૭૦% થઈ ગયું હતું અને ઓકિસજન નું પ્રમાણ ખુબજ ઓછું થઈ ગયું હતું આવી ગંભીર પરિસ્થિતિમાં બાળકના વાલીઓને પૂછતાં માલુમ પડયું કે તે શું ગળી ગયો છે અને ક્યારે કઈ મોઢામાં નાખ્યું છે તેનો પિતા કેતનભાઈના જણાવ્યા મુજબ તે આશરે દોઢ મહિના પહેલા પત્થર ગળી ગયો હતો આવી પરિસ્થિતિમાં બાળકના વાલીઓને શ્વાસનળીમાં દૂરબીનથી તપાસ કરવા માટે સમજાવી તુરંત ડો. હિમાંશુ ઠક્કરે બાળકને ઓપરેશન માટે લઇ શ્વાસનળીમાં દૂરબીન વડે તપાસ કરી છેક ઊંડે ફસાયેલા ફોરેન બોડી પત્થર જે દોઢ મહિનાથી ફસાયેલા હતો અને જે શ્વાસનળીની દિવાલ સાથે ચોંટી ગયો હતો અને આજુબાજુ કફ પણ હતો અને શ્વાસનળીની દિવાલ પર સોજો પણ આવી ગયો હતો તે દૂરબીન વડે કાઢી આપી બાળકનો જીવ બચાવ્યો હતો, આ ઓપરેશનને બ્રોનકોસ્કોપિ કહેવાય છે નાના બાળકોની શ્વાસનળી ખુબ જ નાજુક અને સાંકળી હોય છે તેમાં માત્ર 3MMનું દૂરબીન ઉતારી ફસાયેલા વસ્તુ ગણતરીની મિનિટોમાં કાઢી આપવી એ ખૂબજ કુનેહ અને નિપુણતા માગી લે છે, આ કેસની વિકટ પરિસ્થિતિ એ હતી કે બાળકની નાની ઉંમર માત્ર અઢી વર્ષ, અને પત્થર જેવી ધારદાર વસ્તુ જે શ્વાસનળીની દિવાલને નુકસાન કરે અને કાઢતી વખતે પણ ખૂબ જ ધ્યાન રાખવું પડે કેમ કે પત્થર શ્વાસનળીની દિવાલ ચીરી નાખે તો જીવનું જોખમ થાય બાળકના પિતા કેતનભાઈના જણાવ્યા મુજબ આવું ગંભીર પરિણામ આવશે તેવી તેમને કલ્પના પણ ન હતી ફસાયેલ વસ્તુ ખૂબ જ ઊંડે શ્વાસનળીમાં છેક ફેફસાંની નજીક અને બાળકની હાલત અત્યંત ગંભીર હતી બાળકના જીવનું જોખમ હતું અને આવી જૂની ફસાયેલ વસ્તુ શ્વાસનળીની દિવાલ સાથે ચોંટી જાય અને કાઢતી વખતે પણ ખૂબ જ ધ્યાન રાખવું પડે નહીં તો ફેફસાં અને શ્વાસનળી મોં ઇજા થઇ શકે તેમ હતી આવી વિકટ પરિસ્થિતિમાં પણ કોઈ પણ જાતના કોમ્પ્લીકેશન વગર આવા અનેક ઓપરેશન કુનેહપૂર્વક પાર પાડવામાં માહિર એવા ડો. હિમાંશુ ઠક્કરે તેમની ૨૨ વર્ષની કારકિર્દીમાં અનેક સફળ ઓપરેશન કરી નાના નાના માસુમ બાળકોના જીવ બચાવ્યો છે ફરી એકવાર સફળ ઓપરેશન કરી એક માસુમ બાળકેને નવજીવન આપ્યું હતું, ડો. હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ વાલીઓ માટે ખૂબ જ ચેતવણી રૂપ કિસ્સો નાના બાળકો આવી કોઈ વસ્તુ મોંમાં ન નાખી દે તેનું ધ્યાન રાખવું અને બાળકના પિતા કેતનભાઈએ હ્રદયપૂર્વક ડો. હિમાંશુ ઠક્કરનો આભાર માન્યો હતો, હોસ્પિટલનું સરનામું ડો. હિમાંશુ ઠક્કર, ડો. ઠક્કર ઈએનટી ડેન્ટલ હોસ્પિટલ, ૨૦૨-લાઈફ લાઇન બિલ્ડિંગ વિદ્યાનગર રોડ, રાજકોટ. મો. ૯૧૦૬૧૧૯૦૩૮.



---

## આઈપીએલ ચાલુ થયા બાદ ૨૦૦ કરોડના હવાલા પડ્યા હોવાની શંકા

આંગડિયા પેઢી દ્વારા બેનામી નાણાંથી દુબઈમાં હવાલા પાડવામાં આવતા હોવાની દ્રઢ શંકાએ સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલે દરોડાની કાર્યવાહી કરી હતી. જેમાં રોકડ સોનુ મળ્યું એટલે ઈન્કમટેક્સ વિભાગને જાણ કરાઈ હતી. જે પછી જુદા જુદા શહેરોમાં પણ આઈટી વિભાગને સાથે રાખી સર્ચ કરાયું હતું. જેમાં પ્રાથમિક તપાસમાં જ ૨૦૦ કરોડ રૂપિયાના હવાલા છેલ્લા ત્રણ મહિના દરમિયાન પડ્યા હોવાની વિગતો ઈન્કમટેક્સને મળી હતી. ત્યારે આ નાણાકીય વ્યવહાર ક્રિકેટ સટ્ટા માટે થતો હોવાની સાંભવના છે. સટ્ટોડિયા અને બુકીઓ દ્વારા આઈપીએલ ચાલુ થયા બાદ ૨૦૦ કરોડના હવાલા પડ્યા હોવાની શંકા છે.

# આંગડિયા

(છેલ્લા પાનાનું ચાલું)

આવ્યું હતું. સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલે ઈન્કમટેક્સ વિભાગને સાથે રાખી આ કાર્યવાહી કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગઈકાલે ગાંધીનગર સીઆઇડી ક્રાઈમની ટીમે રાજ્યભરમાંથી ૨૫ આંગડિયા પેઢી પર ઈન્કમટેક્સ વિભાગની ટીમોને સાથે રાખીને દરોડા પાડ્યા હતા. શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈ કામગીરી કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કે હવાલાના પૈસા હોવાની શંકાએ આ રેડ કરાઈ હતી. આ કામગીરીમાં સીઆઇડી ક્રાઈમના ૪૦ કર્મીઓ જોડાયા હતા. આ કામગીરી રાજકોટ, જામનગર સહિત રાજ્યના અમદાવાદ, સુરત અને વડોદરામાં કરવામાં આવી છે. આ સિવાય પણ અન્ય શહેરોમાં પણ કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળે છે. અમદાવાદ અને સુરતમાંથી અંદાજે રૂ.૧૫ કરોડથી વધુની રોકડ હાથ લાગી છે. આ નાણાકીય વ્યવહાર બેનામી હોવાની શંકા છે. ઉપરાંત સોનું પણ મળી આવ્યું છે. જેની ખરાઈ થઈ રહી છે.મળતી માહિતી મુજબ, સીઆઇડી ક્રાઈમના સીઆઈ સેલ વિભાગમાં અગાઉ આંગડિયા પેઢીનો ડુપ્લિકેટ એકાઉન્ટનો કેસ નોંધાયો હતો. જેની તપાસમાં બેનામી નાણાંકીય લેવડદેવડની ચેઈન ધ્યાને આવી હતી. જેથી સીઆઇડી ક્રાઈમના ઇન્ચાર્જ આઈજી ચૈતન્ય મંડલીકના માર્ગદર્શનમાં તપાસ આગળ વધતા રાજ્યની ૨૫ આંગડિયા પેઢીના નામ ખુલ્યા હતા. સુત્રોનું માનીએ તો, ચોક્કસ આંગડિયા પેઢી દ્વારા બેનામી નાણાંથી દુબઈમાં હવાલા પાડવામાં આવતા હતા. ઇન્કમટેક્સ વિભાગને સાથે એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ ગેરકાયદે વ્યવહાર હવાલા મારફતે દુબઈ જેવા દેશોમાં કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ભાજપ

(છેલ્લા પાનાનું ચાલું)

પાર્ટીના કામમાં દિવસ રાત એક કરનાર કાર્યકરોની ઉપેક્ષા થઈ રહ્યાનો આરોપ મુકયો હતો.

નારણભાઈ કાછડીયાએ વધુમાં સંબોધન કરતા જણાવેલ કે કોંગ્રેસમાંથી ભાજપ આવતા આગેવાનો-કાર્યકરોને પાર્ટીમાં આવકાર મળે તે બરોબર છે પરંતુ કોંગ્રેસમાંથી આવનારને તુરંત જ પદ મળે છે. આ બાબતે ભાજપ કાર્યકરોમાં નારાજગી છે. વધુમાં લોકસભાની ચૂંટણીમાં બોલી નહીં શકતા ઉમેદવારને ટિકીટ આપી છે તેમ જણાવી બળાપો વ્યકત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમરેલી જીલ્લામાં બીજો અવાજ વિદાય લેનાર સાંસદ નારણભાઈ કાછડીયાએ ઉઠાવ્યો છે જે બતાવે છે કે અમરેલી જીલ્લા ભાજપનો આંતરીક અસંતોષ આખરે બહાર આવ્યો છે.

# પરીક્ષા

(છેલ્લા પાનાનું ચાલું)

બાર કાઉન્સીલનો નિયમ છે. જેથી પૂર્વ કુલપતિ ગીરીશ ભીમાણીના સમયકાળમાં એલએલએમની આઠ જેટલી ખાનગી કોલેજોને બહાલી અપાયેલ તેના વિદ્યાર્થીઓની યુનિ.ના સત્તાધીશો દ્વારા પરીક્ષા લેવામાં આવી ન હતી.

આથી ચાર જેટલી કોલેજોના સંચાલકો આ મામલે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવી કાનૂની લડતના મંડાણ કર્યા હતા.

જેમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવિને લક્ષમાં રાખી આ ખાનગી એલએલએમ કોલેજોના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આદેશ કરેલ છે. યુનિ. દ્વારા પણ આગામી તા.૧૫ જુન સુધીમાં આ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાશે તેવી ખાત્રી આપવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના આ ચૂકાદાના પગલે એલએલએમની આ ખાનગી કોલેજોમાં વિદ્યાર્થીઓને મોટી રાહત થવા પામી છે.

# રવિવારે ફિઝિયોકેર રિહેબઈટેશન હોસ્પિટલનું ઉદઘાટન

## સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ૧૬૦૦ સ્કવેર ફૂટ જગ્યામાં ફિઝિયોથેરાપી અને રિહેબઇટેશન હોસ્પિટલ : ડો.શિવમ સુરાણી અને ડો.યશ વ્યાસ સેવા આપશે

રાજકોટ, તા.૧૦

રાજકોટમાં રવિવારે તા.૧૨ મે ના રોજ ફિઝિયોકેર રિહેબઈટેશન હોસ્પિટલનું ઉદઘાટન થશે. સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ૧૬૦૦ સ્કવેર ફૂટ જગ્યામાં ફિઝિયોથેરાપી અને રિહેબઈટેશન હોસ્પિટલ બની છે. ડો.શિવમ સુરાણી અને ડો.યશ વ્યાસ જેવા નિષ્ણાંત સેવા આપશે.

ઈન્દિરા સર્કલ નજીક, પંચાયત ચોક પાસે, રોયલ પાર્ક, શેરી નં.૬, રાજકોટ ખાતે શરૂ થનાર આ હોસ્પિટલમાં એડવાન્સ ફિઝીયોથેરાપી સારવાર, દર્દીઓને કસરત માટે દાખલ થવાની સુવિધા, દર્દી માટે ૨૪ કલાક કેર ટેકરની હાજરી તથા નર્સિંગ કેરની સુવિધા, ડોકટર વિઝિટની સુવિધા, દર્દીને જરૂરી હોય તેવા તમામ રીપોર્ટ, લેબોરેટરી તેમજ પ્રાયમરી હેલ્થ કેરની સુવિધા, દર્દીઓને જમવા તથા રહેવા માટે જનરલ, સેમી-ડિલકસ, તથા ડિલકસ રૂમની સુવિધા, દર્દીઓને ઘરેથી લઈ જવા તથા મુકી જવા સહિતની સુવિધા રહેશે.



### સહકારી ક્ષેત્રમાં ઈલુ ઈલુ મુદ્દે પાટીલના વિધાનો પર દિલીપ સંઘાણીનો આકરો જવાબ

# સવારે કોંગ્રેસમાં હોય, બપોરે ભાજપમાં આવે અને સાંજે ટિકીટ મળે, શું તેને ઈલુ ઈલુ ન કહેવાય ? સંઘાણી

## કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને મળતા હોદા સામે કાર્યકર્તાઓમાં અસંતોષ છેઃ અહીં તો ભાજપના જ મતદારોએ ભાજપના જ ઉમેદવારને ચુંટયા છેઃ સંઘાણી

## મેન્ડેટના નિર્ણયને મનઘડત ગણાવતા સંઘાણીઃ ઈફકોની ડિરેકટરની ચુંટણીમાં સૌરાષ્ટ્રના ૯૪ મતદારોએ જયેશ રાદડીયાને વિજય બનાવ્યાઃ સાંસદ કુંડારીયા સહિતના ક્ષેત્રના મતદારોનો ટેકો સૂચક

### સહકારી ક્ષેત્રમાં મેન્ડેટનો પ્રારંભ કરનાર પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સામે મેન્ડેટ મુદ્દે જ જબરો બળવો







**સહકારી ક્ષેત્રમાં ઈલુ ઈલુ મુદ્દે પાટીલ-સંઘાણી વચ્ચે ખુલ્લુ યુદ્ધ**

રાજકોટ તા.૧૦ દેશની પ્રતિષ્ઠિત ઈફકોની ચૂંટણીમાં ગઈકાલે પક્ષના મેન્ડેટને ફગાવીને સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રના અગ્રણી અને ધોરાજી-જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડીયાના ભવ્ય વિજય બાદ હવે આ વિજયના શિલ્પી ગણાતા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ વચ્ચે ખુલ્લુ યુદ્ધ શરુ થઈ ગયું છે. ભાજપે આ ચુંટણીમાં ઈફકોના ડિરેકટર તરીકે બીપીનભાઈ પટેલ કે જે બિપીન ગોતા તરીકે ઓળખાય છે તેમને ચુંટી કાઢવા માટે મેન્ડેટ આપ્યુ હતું અને વધુ એક ઉમેદવાર પંકજ પટેલે પણ બીપીનભાઈ પટેલને ટેકો આપીને પોતાની દાવેદારી પાછી ખેંચી હતી પરંતુ અગાઉથી જ ગોઠવેલી વ્યુહરચના મુજબ જયેશ રાદડીયા ૧૧૪ મતે વિજેતા બન્યા હતા. તેઓએ પક્ષના મેન્ડેટ વાળા ઉમેદવાર બીપીન પટેલને પરાજીત કરીને સહકારી ક્ષેત્રમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તેમનું વર્ચસ્વ સાબીત કર્યુ છે. ગઈકાલે પરિણામ પછી ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ અંગે એવુ વિધાન કર્યુ કે ભૂતકાળમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અન્ય પક્ષના લોકો સાથે ઈલુ ઈલુ કરીને ચુંટણી જીતતા હતા અને તેના કારણે ભાજપની ઈમેજને પણ અસર થતી હતી. આમ કહીને તેણે આ ચુંટણીમાં મેન્ડેટને જે રીતે ફગાવાયો તેના પર પ્રતિભાવ આપ્યો હતો પરંતુ ઈફકોના ચેરમેન અને આજે જેઓ ફરી વિજેતા બનવાના છે તે દિલીપભાઈ સંઘાણીએ ઈલુ ઈલુ અંગે વળતો પ્રશ્ન પૂછતા કહ્યું કે અમોએ ભાજપના સહકારી આગેવાનોના મતોના આધારે યોજાયેલી ચુંટણીમાં વિજેતા થયા છીએ. લોકશાહી ઢબે આ ચુંટણી યોજાઈ હતી અને પાટીલના વિધાનો પર તેમનું નામ લીધા વગર કહ્યું કે ચુંટણીને ઈલુ ઈલુ કહેનારા આગેવાનને મારે પૂછવુ છે કે સવારે કોંગ્રેસમાં હોય બપોરે પાર્ટી (ભાજપ)માં આવે અને પછી તેને ટિકીટ આપવામાં આવે એવા કેટલા લોકો ગુજરાતમાં છે જે નાથી કાર્યકર્તાઓ દુખી છે. દિલીપભાઈએ વધુમાં કહ્યું કે તેને ઈલુ ઈલુ કહેવાય કે જેઓ ભાજપને ભાજપ ચૂંટે તેને ઈલુ ઈલુ કહેવાય. આમ તેઓએ પાટીલના વિધાનો પર સીધો ફટકો માર્યો હતો. ભાજપમાં આવીને કોંગ્રેસ દ્વારા બીજે દિવસે પદ મેળવી લે તેને ઈલુ ઈલુ

### ઈફકોની ચુંટણીમાં મેન્ડેટ ફગાવાતા ગુસ્સે થયેલા પાટીલ સામે અમરેલી ક્ષેત્રના અગ્રણી અને સંસ્થાના ચેરમેને આકરા પ્રશ્નો પૂછયા

કહેવાય તે પ્રશ્ન પણ સંઘાણીએ પાટીલને પૂછયો હતો અને એ પણ પૂછયુ હતું કે ભાજપમાં મનઘડન નિર્ણયોની સામે મતદાન થાય તેને ઈલુ ઈલુ કહેવાય. આમ દિલીપ સંઘાણીએ હવે પ્રદેશ પ્રમુખ સામે મોરચો ખોલી નાંખ્યો છે. ખાસ કરીને હાલની લોકસભા ચૂંટણીમાં જે રીતે ભાજપે કોંગ્રેસ મૂળના ઉમેદવારને ટિકીટ આપી અને સ્થાનિક વિરોધ છતાં તેમાં બદલાવ ન કર્યો ઉપરાંત ધારાસભાઓમાં પણ પેટાચૂંટણીમાં કોંગ્રેસના જ તમામને ટિકીટ આપી તેના પર સીધો પ્રહાર હતો.

ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલના આગમન બાદ જે રીતે શિસ્તની તલવાર વિંઝાઈ છે અને પક્ષના નિર્ણયોને માન્ય રાખવા ફરજ પાડવામાં આવી છે તે પછી પ્રથમ વખત પક્ષના કોઈ ટોચના અગ્રણીઓએ આ રીતે પાટીલના નિર્ણય સામે પ્રશ્ન ઉઠાવ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ બીપીન પટેલે ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહના સંબંધી ગણાય છે તેમ છતાં પણ જે રીતે તેમના માટે મેન્ડેટની અવગણના કરાય તે પણ મહત્વનું છે તો બીજી તરફ જયેશ રાદડીયાની જીતમાં સૌરાષ્ટ્રના મતદારોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. એટલું જ નહી રાજકોટના સાંસદ મોહન કુંડારીયાના વર્ચસ્વ હેઠળના મોરબીના ૧૨ જેટલા મતો પણ રાદડીયાની સાથે જ રહ્યા છે. રાજકોટના ૪૦થી વધુ મતદારો રાદડીયાની સાથે રહ્યા છે. આમ રાદડીયાએ જે રીતે વિશ્વાસ સાથે વિજય મેળવ્યો તે ભાજપમાં આગામી દિવસોમાં વધુ મહત્વનું બની જશે. સરકારી ક્ષેત્રમાં મેન્ડેટનો પ્રારંભ સી.આર.પાટીલે જ કર્યો હતો અને હવે તેમની સામે જ મોટો વિરોધ થયો છે.

---

### નવનીત રાણા પર ઔવેસી સડક છાપ ભાષામાં વરસ્યા

# જે દિવસે હું નાનાને કહીશ કે હવે તું સંભાળ તે દિવસે તારે તેને સંભાળવો પડશે : ઔવેસી

### મેં નાનાને રોકી રાખ્યો છે, તને ખબર નથી નાનો શું છે ? તોપ છે તોપ અને તારા દિલ્હીવાળા પાપાને પૂછીને બતાવ, તારા ઘરે આવું કે ઓફિસે? ઔવેસી



હૈદરાબાદ, તા. ૧૦ ભાજપ સાંસદ નવનીત રાણાના ૧૫ સેકન્ડવાળા વિડીયોથી મોટા ઔવેસી અસદુદ્દીન ભડકી ઉઠયા છે અને સડક છાપ ભાષામાં પ્રતિક્રિયા આપવા લાગ્યા છે.

ઔવેસીએ નાના ભાઇનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે કોઇના બાપથી ડરતો નથી નાનો. મહારાષ્ટ્રથી આવીને સાંસદ નાનો- નાનો બોલે છે.

અરે, મેં નાનાને રોકી રાખ્યો છે, તને શું ખબર નાનો શું છે, તોપ છે તોપ. સાલારનો દિકરો છે, ખુબ જ મુશ્કેલીથી સમજાવીને તેને બેસાડવો પડયો છે. તેને સમજાવનારનું નામ અસદુદ્દીન ઔવેસી છે, કોઇના બાપનું સાંભળતો નથી નાનો.

આટલેથી જ ન અટકતા ઔવેસીએ નવનીત રાણાને સંભળાવ્યું કે મર્ગીનું બચ્ચુ છું કે ૧૫ સેકન્ડ જોઇએ ? તમારા દિલ્હીવાળા પાપાને પુછીને બતાવો, તમારા ઘરે આવુ, તમારી ઓફિસે આવુ જે દિવસે મેં નાનાને કહી દીધુ કે મિયા હું આરામ કરૂ છું તું સંભાળ, તે દિવસે તારે તેને સંભાળવો પડશે.

---

### સામ પિત્રોડા બાદ કોંગ્રેસના વધુ એક નેતાએ વિવાદી વિધાન કરીને પક્ષને મુશ્કેલીમાં મુકયો

# પાકિસ્તાનનું સન્માન કરો નહીંતર આપણા પર અણુબોમ્બ ફેંકશેઃ મણીશંકર ઐય્યર

નવી દિલ્હી તા.૧૦ લોકસભા સહિતની ચૂંટણીઓ સમયે વિવાદાસ્પદ વિધાનોથી જાણીતા કોંગ્રેસના પીઢ નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી મણીશંકર ઐય્યરે હવે પક્ષને જ મુશ્કેલીમાં મુકે તેવો નવો વિવાદ સર્જયો છે. અગાઉ સામ પિત્રોડાએ વારસદાર ટેકસ અને ભારતીયોના ચામડીના રંગના મુદ્દે કરેલા વિધાનોમાં કોંગ્રેસ ભરાઈ પડી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપને આક્રમણનું કારણ આપી દીધુ હતું તે સમયે



ઐય્યરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે ભારતે પાકિસ્તાનને સન્માન આપવું જોઈએ. કારણ કે પાડોશી દેશ પાસે અણુબોમ્બ છે જો આપણે તેને સન્માન નહી આપીએ તો તે ભારત પર અણુબોમ્બનો હુમલો કરવાનું વિચારી શકે છે. શ્રી ઐય્યર ભૂતકાળમાં પણ વિવાદી વિધાનો કરી ચૂકયા છે અને તેના કારણે કોંગ્રેસને પણ અનેક વખત ચૂંટણી સમયે જ મુશ્કેલી પડી છે. તેઓએ પાકિસ્તાન માટે કહ્યું કે આપણે જો પાકિસ્તાન સાથે વાતચીત નહી કરીએ

### દરેક ચુંટણી સમયે વિવાદી વિધાનોથી કોંગ્રેસને નુકશાન પહોંચાડી રહેલા પીઢ નેતાએ ફરી એક વખત પાકિસ્તાન પ્રેમ દેખાડયો

કારણ કે આતંકવાદ છે તો સમજવું જરૂરી છે કે આતંકવાદને ખત્મ કરવા વાટાઘાટ જરૂરી છે. પાકિસ્તાન જો વિચારશે કે ભારત અહંકાર સાથે દુનિયામાં તેમને (પાકિસ્તાનને) નાનુ અને નબળુ દર્શાવવા પ્રયત્ન કરી રહ્યું છે તો તેમાં પાકિસ્તાનમાં કોઈ પણ પાગલ આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. આપણી પાસે પણ અણુબોમ્બ છે પણ શું આપણે લાહોર પર તે ફેકવાની કદી વાત કરી શકીએ. તેનુ રેડીએશન તો અમૃતસર પહોંચતા આઠ સેકન્ડ પણ નહી લાગે જો આપણે જો પાકિસ્તાનની ઈજ્જત કરશુ તો તે શાંત બેસી રહેશે નહીતર ભારત પર અણુબોમ્બ ફેંકશે.

---

### ગુજરાત ઉપર એક સાથે ચાર સિસ્ટમ સક્રિય થઈ

# તા.૧૧ થી ૧૩ સુધી નર્મદા, તાપી, ડાંગ, સુરત સહિતનાં જિલ્લામાં વરસાદ પડશે

### હવે ગરમીમાંથી આંશિક રાહત મળવાનાં એંધાણ: ગઈકાલે પણ અમદાવાદ-સુરેન્દ્રનગર ૪૩ ડિગ્રી સાથે સૌથી હોટસિટી બન્યા

રાજકોટ,તા.૧૦

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી આકરી ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં બપોરે રસ્તાઓ સુમસામ જોવા મળે છે. લોકો ઘરની બહાર જવાનું પણ ટાળે છે. જોકે આ વચ્ચે હવામાન વિભાગે ગરમીથી રાહતની આગાહી કરી છે. ગુજરાત પર એકસાથે ચાર સક્રિય સિસ્ટમ વરસાદ લાવશે. જેના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગાહી કરી રાજ્યમાં બે દિવસ ગરમીથી કોઈ રાહત મળશે નહીં. જોકે ૩ દિવસ બાદ પ્રીમોન્સૂન એક્ટિવિટી શરૂ થશે. જે બાદ રાજ્યમાં વરસાદ આવશે. હાલ રાજસ્થાનની ઉપર બે, મધ્યપ્રદેશ ઉપર એક અને અરબસાગર ઉપર એક સિસ્ટમ સક્રિય થઈ છે, જે ગુજરાતમાં વરસાદ લાવશે. એવામાં ૧૧થી ૧૩ મે સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ આવી શકે છે.

હવામાન વિભાગ મુજબ, ૧૧ મેએ નર્મદા, તાપી, ડાંગ, વલસાડ, દમણ, દાદાર નગર હવેલીમાં પવન સાથે વરસાદ રહેશે. આ બાદ ૧૨ મેના રોજ અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ અને દમણમાં વરસાદની આગાહી છે. તો ૧૩મી મેના રોજ સુરત, નર્મદા, દાહોદ, વલસાડ, નવસારી, દમણ અન દાદારા નગર હવેલી, તથા સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે.

દરમ્યાન ગઈકાલે પણ રાજયનાં સૌથી ગરમ શહેર અમદાવાદ અને સુરેન્દ્રનગર રહ્યા હતાં. આ બંન્ને સ્થળોએ ૪૩-ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.જયારે, રાજકોટમાં ૪૨, અમરેલીમાં ૪૧.૨, વડોદરામાં ૪૦.૮, ભાવનગરમાં ૩૮.૪, ભુજમાં ૪૦.૭, છોટા ઉદેપુરમાં ૪૦.૯, દાહોદમાં ૩૯.૯ ડાંગમાં ૩૮, ડિસામાં ૪૦.૭, ગાંધીનગરમાં ૪૧.૬, દિવમાં ૩૨.૮, પોરબંદરમાં ૩૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જયારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ કીમી પ્રતિકલાક રહેતા સાંજના વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા રહ્યું હતું.

જામનગરમાં તેજીલા વાયરા ફૂંકાવાનો દૌર યથાવત રહ્યો હતો. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૨.૩ કિ.મી.ની રહેવા પામી હતી. તેજ ગતીએ ફૂંકાતા પવન વચ્ચે ચોવીસ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૫.૫ ડીગ્રી અને અડધો ડીગ્રી ઘટીને લઘુતમ તાપમાન ૨૭ ડીગ્રી નોંધાયું હતું.

તેજીલા વાયરાઓના પગલે સાંજથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરતા જનતાએ રાહત અનુભવી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા રહ્યું હતું.

---

# અમદાવાદ-વડોદરા એકસપ્રેસ વે થી પ્રભાવિત થયા કેન્દ્રીય પરિવહન મંત્રી ગડકરી

### આ એકસપ્રેસ વે દેશભરના ઔદ્યોગિક કેન્દ્રોને ગુજરાત સાથે જોડવામાં મોટી ભૂમિકા ભજવશેઃમંત્રી



નવીદિલ્હી તા.૧૦ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી અમદાવાદ, વડોદરા એકસપ્રેસ હાઈવે પર વારી ગયા હતા. તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું- અમદાવાદ-વડોદરા એકસપ્રેસ વે પર પ્રાકૃતિક સુંદરતા અને ઔદ્યોગિક કુશળતાની હાજરીની જુગલબંધી અનુભવી શકાય છે. આ એકસપ્રેસ વે દેશભરના વાણિજિયક કેન્દ્રોને ગુજરાત સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં લખ્યું હતું કે આ નેશનલ એકસપ્રેસ વે ગુજરાતના બદા ઈન્ડસ્ટ્રીયલ હબને જોડે છે અને માત્ર આવન જાવનમાં જ સરળ નથી બલકે પૂરી સફરમાં ભવ્ય પ્રાકૃતિક દર્શન પણ થાય છે.



ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ હાલમાં જ દિલ્હી મુંબઈ એકસપ્રેસ વેના વડોદરા-ભરૂચ સેકશનનું ઉદઘાટન કર્યુ હતું.

---

# એલન મસ્કની કંપની ન્યુરાલિંકને ઝટકોઃ માણસના મગજમાં ફિટ કરેલી ચિપમાં ખોટકો

### ચિપમાં ખરાબી ઉભી થતાં કેટલોક સમય મગજે કામ કરવાનું બંધ કરી દીધું હતું

વોશિંગ્ટન (અમેરિકા), તા.૧૦ એલન મસ્કની કંપની ન્યુરાલિંકના ચિપ પ્રયોગને ઝટકો લાગ્યો છે. કેટલાક મહિના પહેલા ન્યુરાલિંકે સર્જરીથી માણસના મગજમાં એક ચિપ ખરાબ થઇ ગઇ છે.

૧૦૦ દિવસ બાદ કંપનીએ સ્વીકાર્યું હતું કે આ ચિપના સાધનમાં ખરાબી આવી છે, જેથી મગજે કેટલાક સમય માટે કામ કરવું બંધ કરી દીધું હતું.

#### સર્જરી દરમિયાન ચિપ લગાવાઇ હતીઃ-

ખરેખર તો કંપનીએ આ વર્ષે જાન્યુઆરીમાં નોલેન્ડ નામના એક વ્યકિતના મગજમાં સર્જરી કરીને ચિપ લગાવી હતી જેનો ઉદ્દેશ શારિરીક રીતે કમજોર અને અવિકસિત લોકોના મગજને મજબૂત બનાવવાનો હતો.

#### ટિસ્યુથી દૂર થવા લાગ્યા હતા થ્રેડઃ-

કંપની અનુસાર ચિપ લાગ્યાના પાંચ સપ્તાહ બાદ ડિવાઇસમાં મિકેનિકલ સમસ્યાઓ પેદા થવા લાગી હતી. ચિપને ખરા સિગ્નલ ન મળવાથી ડિવાઇસે સંદેશ



આપવું બંધ કરી દીધું હતું.

સંશોધકોએ જણાવ્યું હતું કે સોફટવેરથી ડિવાઇસને સરખું કરાયું હતું ત્યારબાદ ચિપે બીજીવાર કામ કરવું શરૂ કરી દીધું હતું, જો કે હજુ પણ તેના પર નિયંત્રણ ચાલું છે. કંપનીએ જણાવ્યું હતું કે આ ચિપને રોબોટિક આર્મ અને વ્હીલચેરમાં ઉપયોગ કરવાનો છે જેથી મગજથી અવિકસિત લોકો સરળતાથી તેનો ઉપયોગ કરી શકે.

કંપનીએ જણાવ્યું હતું કે સિક્કાના આકારનું આ ડિવાઇસ માણસના મગજ અને કોમ્પ્યુટર વચ્ચે સીધું કોમ્યુનિકેશન ચેનલ બનાવવામાં સક્ષમ છે.

---

### મોદીના અદાણી-અંબાણી વિધાનો બાદ રાહુલ-પ્રિયંકા વધુ આક્રમક બન્યા

# લોકસભા ચૂંટણી મોદીના હાથમાંથી સરકી રહી છેઃ રાહુલ

**ફરી કોંગ્રેસના નેતાએ અદાણી-અંબાણીનું નામ લીધુઃ પ્રિયંકા પણ આક્રમકઃ રામમંદિરને 'તાળા'નો આક્ષેપ 'સદંતર જુઠા': જવાબ**

નવી દિલ્હી: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અદાણી-અંબાણી વિધાનો બાદ ફુલ ફોર્મમાં આવી ગયેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ હવે વડાપ્રધાન પર સીધા હુમલા શરૂ કરી દીધા છે અને અગાઉ કોંગ્રેસ પક્ષે આ ચુંટણી પ્રચારમાં ૧૦૦થી વધુ વખત રાહુલ ગાંધીએ અદાણી-અંબાણીનું નામ લીધુ હતું તે દર્શાવતા વિડીયો અપલોડ કર્યા બાદ હવે રાહુલ ગાંધીએ સીધો હુમલો કરતા કહ્યું કે ચુંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાંથી સરકી રહી છે તો બીજી તરફ મંગલસૂત્ર મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આકરો જવાબ આપી ૫૫ વર્ષના શાસનમાં કોંગ્રેસ પક્ષે કોઈનું મંગલસૂત્ર છીનવ્યુ નથી. ઉલ્ટાનું મારા માતાએ આ દેશ માટે તેના મંગલસૂત્રનું બલીદાન આપ્યુ છે તેવું જણાવીને ઈમોશનલ બની ગયા એટલું જ નહી તેઓએ કહ્યું કે છેલ્લા વર્ષથી આ દર્દ હું મારા હૃદયમાં રાખીને બેઠી હતી આજે તે જાહેર કરુ છું. કારણ કે કોંગ્રેસ મંગલસૂત્ર છીનવશે તેવો આરોપ લાગી રહ્યો છે. પ્રિયંકા ગાંધીએ રાયબરેલી અને અમેઠીમાં પ્રચાર સંભાળી લીધો છે અને તેથી પ્રથમ વખત સ્મૃતિ ઈરાની સાથે તેનો સીધો મુકાબલો છે. પ્રિયંકાએ કોંગ્રેસ જો સતા પર આવશે તો રામમંદિરને બાબરી, તાળુ લગાવી દેશે તેવી જે ટીપ્પણી કરી તેના પર પણ પ્રિયંકા ગાંધીએ જવાબ આપતા મોદીના વિધાનોને 'બિલકુલ જૂઠ' તરીકે ગણાવતા કહ્યું કે કોંગ્રેસ પક્ષે અનેક વખત કહ્યું છે કે તે કોર્ટના નિર્ણયનું સન્માન કરે છે. ભૂતકાળમાં પણ કર્યુ જ છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદીએ છેલ્લા ૧૦ વર્ષમાં પોર્ટ, એરપોર્ટ અને ડિફેન્સ કોન્ટ્રાકટ જેવા પાયાના પ્રોજેકટો 'અદાણી'ને આપી દીધા છે. વડાપ્રધાન મોદી પર નિશાન તાકીને રાહુલ ગાંધીએ આક્ષેપ મુકયો છે કે, વડાપ્રધાને આકા દેશમાં ફકત ૨૦-૨૨ લોકો માટે કામ કર્યુ છે અને તેમને અબજોપતિ બનાવ્યા છે.



આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ચૂંટણીની જાહેરાત થયા પછી રાહુલ ગાંધી પોતાના ભાષણમાં 'અદાણી-અંબાણી'નું નામ કેમ લઈ રહ્યા નથી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે દાવો કર્યો છે કે લોકસભા ચૂંટણી ધીમે ધીમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાંથી સરકી રહી છે અને હવે એ (મોદી) દેશના યુવાનોનું ધ્યાન ભટકાવવા માટે કેટલાક નાટક કરવાની કોશિષ કરશે. એક વીડિયો સંદેશમાં, કોંગ્રેસના પૂર્વ પ્રમુખે યુવાનોને વડાપ્રધાનના પ્રચારથી વિચલિત નહીં થવા વિનંતી કરી છે અને આશ્વાસન આપ્યું કે ૪થી જૂને એક વાર જયારે ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાવી લેશે, તો યુવાનોને ૩૦ નોકરી આપવાનું કામ શરૂ કરી દેશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, વર્તમાન લોકસભા ચૂંટણી મોદીના હાથમાંથી સરકી રહી છે અને એ હવે વડાપ્રધાન રહેશે નહીં. વડાપ્રધાને આગામી ચાર-પાંચ દિવસમાં તમારૂ ધ્યાન ભટકાવવા અને કોઈ પ્રકારના નાટક કરવાનો નિર્ણય કર્યો છે. પરંતુ તમારૂ ધ્યાન ભટકવું જોઈએ નહીં. આ સાથે રાહુલ ગાંધીએ કહ્યું કે, ૪થી જૂને ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાવશે અને અમે ગેરંટી આપી છે કે ૧૫ ઓગષ્ટ સુધીમાં અમે ૩૦ લાખ સરકારી નોકરીની જગ્યા ભરવા પ્રક્રિયા શરૂ કરી દઈશું. નરેન્દ્ર મોદીના જૂઠા પ્રચારથી ભ્રમિત થશો નહીં.

### ઉત્તરાખંડમાં આજથી ચારધામ યાત્રાનો પ્રારંભ

# હર હર મહાદેવના નાદ સાથે કેદારનાથ ધામના કપાટ ખુલ્યા

## રાત્રે તાપમાનનો પારો માઈનસે પહોંચ્યો છતાં ૧૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓ ગૌરીકુંડ પહોંચી ગયા: ૧૫ હજારથી વધુ યાત્રીઓ હરિદ્વાર-ઋષિકેશ પહોંચ્યા: સીએમ પુષ્કરસિંહ ધામી પત્ની સાથે કેદારનાથના દર્શને પહોંચ્યા






દહેરાદૂન (ઉત્તરાખંડ) તા.૧૦ ઉત્તરાખંડની ચાર ધામ યાત્રા આજથી શરૂ થઈ ગઈ છે. કેદારનાથના દરવાજા સવારે ૬:૫૫ વાગ્યે ખોલવામાં આવ્યા હતા. હજારો શ્રદ્ધાળુઓની સાથે સીએમ પુષ્કર સિંહ ધામી પણ તેમની પત્ની સાથે દર્શન માટે પહોંચ્યા હતા.કેદારનાથ ઉપરાંત ગંગોત્રી અને યમુનોત્રીના દરવાજા પણ આજે ખુલશે. જ્યારે બદ્રીનાથ મંદિરમાં ૧૨ મેથી દર્શન શરૂ થશે.

આ સ્થળોએ દિવસનું તાપમાન ૦ થી ૩ ડિગ્રી નોંધાઈ રહ્યું છે. આ સાથે જ રાત્રે તાપમાનનો પારો માઈનસ પર પહોંચી રહ્યો છે. તેમ છતાં લગભગ ૧૦ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ પહેલા ૧૬ કિમી દૂર ગૌરીકુંડ પહોંચી ગયા છે.

ગયા વર્ષે આ આંકડો ૭ થી ૮ હજારની વચ્ચે હતો. અહીં લગભગ ૧૫૦૦ રૂમ છે, જે ભરાઈ ગયા છે. રજિસ્ટર્ડ ૫,૫૪૫ ખચ્ચર બુક કરવામાં આવ્યા છે.

૧૫ હજારથી વધુ મુસાફરો હરિદ્વાર અને ઋષિકેશ પહોંચ્યા છે. ચાર ધામ યાત્રા માટે અત્યાર સુધીમાં ૨૨.૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગયા વર્ષે રેકોર્ડ ૫૫ લાખ લોકોએ મુલાકાત લીધી હતી.

કેદારનાથ-બદ્રીનાથ મંદિર સમિતિના અધ્યક્ષ અજયેન્દ્ર અજયના જણાવ્યા અનુસાર, ૯ મેના રોજ સાંજે ૪ વાગ્યે જ્યારે બાબાની પંચમુખી ડોલી કેદારધામ પહોંચી ત્યારે ૫ હજાર લોકો હાજર હતા.

બીજી તરફ ગઈકાલે બપોરે ૧૨ કલાકે માતા ગંગાની શોભાયાત્રા શિયાળાના રોકાણ દરમિયાન મુખવાથી ગંગોત્રી ધામ માટે નીકળી હતી. ડોલી ભૈરવઘાટી ખાતે રાત્રિ આરામ માટે રોકાઈ. આજે સવારે ૬:૩૦ કલાકે ફરી ડોલી ધામ જવા રવાના થઈ છે. આજે ૧૨:૨૫ વાગ્યે મા ગંગોત્રી ધામના દરવાજા ખોલવામાં આવશે.

ગયા વર્ષે રેકોર્ડ ૫૫ લાખ લોકોના આગમનને કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. આમાંથી બોધપાઠ લઈને ઉત્તરાખંડ પોલીસ અને પર્યટન વિભાગે પ્રથમ વખત ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની દૈનિક સંખ્યા મર્યાદિત કરી છે. ગત વર્ષે ચારે ધામોમાં દરરોજ ૬૦ હજારથી વધુ યાત્રિકો દર્શન માટે આવતા હતા.

પ્રવાસન સચિવ સચિન કુર્વેના જણાવ્યા અનુસાર, એક દિવસમાં ૧૫ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી શકશે, ૧૬ હજાર લોકો બદ્રીનાથ ધામના દર્શન કરી શકશે, ૯ હજાર શ્રદ્ધાળુઓ યમુનોત્રીના દર્શન કરી શકશે અને ૧૧ હજાર લોકો દર્શન કરી શકશે. ગંગોત્રીની મુલાકાત લો. એટલે કે દરરોજ ૫૧ હજાર લોકો ચાર ધામની મુલાકાત લેશે. ચારધામ યાત્રાના રૂટ પર પ્રથમ વખત ૪૦૦થી વધુ તબીબો તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં ૨૫૬ ઈમરજન્સી મેડિકલ ઓફિસર અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોનો સમાવેશ થાય છે. તેમ છતાં, ભક્તોએ મુસાફરી દરમિયાન ઓછામાં ઓછા ૭ દિવસનું આયોજન કરવું જોઈએ, જેથી શરીર વધતા અને ઘટતા તાપમાનને અનુરૂપ રહે.

કેદારનાથના સમગ્ર ટ્રેક પર ૪જી અને ૫જી નેટવર્ક ઉપલબ્ધ રહેશે. આ માટે ૪ ટાવર લગાવવામાં આવ્યા છે. ગયા વર્ષે, આ ટ્રેક પર માત્ર અમુક સ્થળોએ જ નેટવર્ક ઉપલબ્ધ હતું. જો તમે મંદિરમાં વાઈફાઈનો ઉપયોગ કરવા માંગતા હોવ તો તમારે સરકારી સ્લિપ લેવી પડતી હતી, પરંતુ હવે ત્યાં પણ સુપરફાસ્ટ નેટવર્ક હશે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી યોગેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, આ વખતે ઓનલાઈન પૂજા ૩૦ જૂન સુધી જ થશે. જેમાં શ્રીમદ ભાગવત વાંચવા માટે ૫૧ હજાર રૂપિયા આપવામાં આવે છે. તો મહાભિષેક માટે રૂ.૧૨ હજાર. નિર્ણય લેવાયો છે.

બીજી બાજુ બદ્રીનાથ ધામના દરવાજા ૧૨ મેના રોજ સવારે ૬ વાગ્યે ખુલશે.શીખોના પવિત્ર સ્થળ હેમકુંડ સાહિબના દરવાજા ૨૫મીએ ખુલશે.દ્વિતીય કેદાર શ્રી મદમહેશ્વરજીના દ્વાર ૨૦મી મેના રોજ ખુલશે.ત્રીજા કેદાર તુંગનાથ જીના દ્વાર ૧૦મી મેના રોજ ખુલશે.પંચ બદ્રીમાં પ્રખ્યાત ભવિષ્ય બદ્રીના દરવાજા ૧૨મી મેના રોજ ખુલી રહ્યા છે.



### ચારેય ધામોમાં આજે વરસાદ અને બરફ વર્ષાની આગાહી

દહેરાદુન (ઉત્તરાખંડ): ઉત્તરાખંડમાં આજે ફરી એકવાર હવામાન બદલવાની સંભાવના છે. હવામાન વૈજ્ઞાનિકોએ આજે ચારેય ધામોમાં વરસાદની આગાહી કરી છે. કેટલાક સ્થળે હળવી બરફ વર્ષા સંભવ છે. જયારે રાજયમાં જોરદાર હવાની સાથે કરા વર્ષા પણ થઈ શકે છે. હવામાન કેન્દ્ર તરફથી યેલો એલર્ટ જાહેરના કરાયું છે. ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ ધામ આવનારા તીર્થ યાત્રીઓને સાથે ગરમ કપડા અને રેઈન કોટ રાખવાની સલાહ અપાઈ છે.

---

### ‘બાહુબલી’ની સફળતા બાદ પૌરાણિક કથાઓને વીએફએકસથી પડદા પર રજૂ કરવા હોડ

# વીએફએકસનો મોંઘો જુગાર બોલિવુડને જીતાડશે?



### ‘આદિપુરુષ’ અને ‘રામસેતુ’ જેવી ફિલ્મો વીએફએકસના મામલે પટકાઈ છે તેમ છતાં આ કડીમાં ‘કલ્કી: ૨૮૯૮’, ‘રામાયણ’, ‘શક્તિમાન’ જેવી ફિલ્મોમાં જબરદસ્ત વીએફએકસ પર સૌની નજર





મુંબઈ: એક જમાનો હતો, જયારે ભારતીય ફિલ્મોમાં ટ્રીક સિનેમેટોગ્રાફીથી પરદા પર ચમત્કારો સર્જવામાં આવતા હતા. આજે આ કામ વીએફએકસ ટેકનોલોજીથી લેવાય છે.

આજકાલ ભારતીય પુરાણ કથાનકોને આધુનિક ટેકનીક અને વીએફએકસથી નવા રૂપે પરદા પર ઉતારવાની કવાયત હાલના દિવસોમાં ફિલ્મ ઉદ્યોગમાં ચાલી રહી છે. આ કહીમાં ‘કલ્કી ૨૮૯૮ એડી’, ‘રામાયણ’, ‘શકિતમાન’ જેવી ફિલ્મોમાં જોરદાર વિઝયુઅલ ઈફેકટસ હોવાની ચર્ચા છે. જો કે અત્યાર સુધી તો ‘આદિપુરુષ’ કે ‘રામસેતુ’ વીએફએકસના મામલે નબળી પુરવાર થઈ છે. આ પરીસ્થિતિમાં સવાલ ઉઠે છે કે શું બોલીવુડ આ મોંઘી ટેકનીક અને તેના માટે જરૂરી બજેટ મેળવવા માટે તૈયાર છે?

વર્ષ ૨૦૧૫માં એસ.એસ.રાજામૌલીની ‘બાહુબલી: ધી બિગનીંગ’ એ લગભગ ૬૦૦ કરોડ રૂપિયા (ગ્રોસ) કમાઈને ફિલ્મ મેકર્સની આંખો પહોળી કરી દીધી હતી, ત્યારબાદ તેની સિકવલ ‘બાહુબલી: ધી કન્કલુઝન’ માત્ર ભારતમાં જ ૧૦૦૦ કરોડની કમાણી કરી હતી. આ એવા મોટા આંકડા હતા જે ભારતીય બોકસ ઓફિસ પર અગાઉ કયારેય નહોતા દેખાયા. આ ફિલ્મોની સફળતાને પગલે અનેક વધુ ફિલ્મોએ ભારેખમ બજેટની અને વીએફએકસ વાળી ફિલ્મો બનાવવાની જાહેરાત કરી હતી. ‘બ્રહ્માસ્ત્ર’, ‘રામાયણ’, ‘આદિપુરુષ’, ‘ધી ઈમ્પોટેલ અશ્વત્થમા’ આવા જ સપનાની કડી હતી પરંતુ મોંઘા વીએફએકસની આ માયાવી દુનિયા રચવામાં મોટાભાગનાના પરસેવા છુટી ગયા હતા. તેમ છતાં કેટલાક આ પ્રકારના મિશનમાં લાગેલા છે અને આવનારા દિવસોમાં ‘કલ્કી ૨૮૯૮ એડી’, ‘રામાયણ’, ‘શક્તિમાન’ જેવી અનેક શાનદાર વીએફએકસ વાળી ફિલ્મો બનાવવાની કોશિશ ચાલુ છે.



જો કે સવાલ એ છે કે આ બધી ફિલ્મો ‘બાહુબલી’ની જેમ કમાલ કરશે કે પછી ‘આદિપુરુષ’ પુરુષની જેમ ઉંધે કાંધ પટકાશે? કારણ કે મેકર્સ માટે ઉપાડે અદભૂત વિઝરવાળી ફિલ્મો શરૂ તો કરી દે છે પણ મોંઘા વીએફએકસથી વધતા બજેટના કારણે વચ્ચે કવોલિટીમાં સમાધાન કરવા મજબૂર બને છે.

‘બ્રહ્માસ્ત્ર’ના મેકર અયાન મુખર્જીએ હોલીવુડની તર્જ પર પોતાની પૌરાણિક વીએફએકસ ટેકનીકથી ત્રણ ફિલ્મોવાળી અનોખી ફેન્ટેસી ફ્રેન્ચાઈઝી રચવાનું સપનું તો જોઈ લીધુ, પણ તેઓ ખુદ જણાવે છે જયારે મેં ફિલ્મ પર કામ કરવું શરૂ કર્યુ ત્યારે ખબર પડી કે આપણા દેશમાં ન તો એવું બજેટ છે કે ન તો એવી વીએફએકસ ટેકનીક. એટલે ફિલ્મના પહેલો ભાગ બનાવવામાં જ આટલા વર્ષો લાગ્યા.

‘રામાયણ’ ફિલ્મના પ્રોડયુસર નમિત મલ્હોત્રા જણાવે છે કે હોલીવુડમાં છેલ્લા ૪૦ વર્ષથી વીએફએકસમાં કામ થાય છે. આપણે ત્યાં છેલ્લા ૮-૧૦ વર્ષથી આ દિશા તરફ ધ્યાન ગયું છે. મારું માનવું છે કે આગામી ૧૦ વર્ષમાં અહી પણ વીએફએકસનું અલગ લેવલ હશે.

---

# મહિલાને ‘સ્વીટી’ કે ‘બેબી’ કહેવું જાતિય સતામણી નથી દર્શાવતું : હાઈકોર્ટ



કોલકતા,તા.૧૦ સમાજના કેટલાંકવર્ગોમાં મહિલાઓને સ્વીટી અથવા ‘બેબી’ કહીને સંબોધન કરવાનું ચલણ હોવાનું નોંધતા કોલકાતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, આવા શબ્દો હંમેશા સેકસ્યુઅલ ઈરાદાથી બોલાયા હોય તે જરૂરી નથી અને તે કોઈની જાતિય લાગણીઓને દર્શાવતા હોય તેવું માની ના લેવાય.

આ જ ચુકાદામાં કોર્ટે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો પ્રીવેન્શન ઓફ સેકસ્યુઅલ હેરાસમેન્ટ ઓફ વુમન એટ વર્કપ્લેસ(પ્રીવેન્શન, પ્રોહિબિશન એન્ડ રિડ્રેસલ) એકટ (POSH Act) એટલે કે કામકાજના સ્થળોએ મહિલાઓની જાતિય સતામણી રોકતાં કાયદાનો દુરૂપયોગ થશે તો તેનાથી મહિલાઓ માટે જ અવરોધો સર્જાશે.

**કેટલાંક વર્ગોમાં આવા સંબોધન પ્રચલિત છે: તેને જાતિય લાગણી સાથે સાંકળવાની જરૂર નથી**

એક મહિલા દ્વારા કરાયેલા જાતિય સતામણીના કેસમાં ન્યાયમૂર્તિ સબ્યસાચી ભટ્ટાચાર્યએ આ ટિપ્પણી કરી હતી. કેસની વિગતો અનુસાર,એક મહિલાએ તેના ઉપરી અધિકારી પર આરોપ મુકયો હતો કે, તેઓ તેને સ્વીટી અને બેબી કહીને જ બોલાવે છે. કોસ્ટગાર્ડ તરીકે કામ કરતી આ મહિલાના જણાવ્યાં અનુસાર, ઉપરી અધિકારીએ અનેક પ્રકારે તેની જાતિય સતામણી કરી છે. જોકે પોતાના બચાવમાં અધિકારીએ જણાવ્યું હતું કે, તેમણે ક્યારેય આવા શબ્દો જાતિય સંકેતો તરીકે નહોતા ઉચ્ચાર્યા. તેમણે જણાવ્યું‘‘ હતું કે, જ્યારે ફરિયાદી મહિલાએ તેની સામે વાંધો ઉઠાવ્યો ત્યારથી જ તેમણે આવા શબ્દો બોલવાનું બંધ કરી દીધું હતું. કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, ફરિયાદીની ઓફિસની આંતરિક ફરિયાદ સમિતિએ આવા શબ્દોના ઉપયોગને અયોગ્ય ગણાવ્યું હતું, પરંતુ સાથે એમ પણ જણાવ્યું હતું કે, આવા શબ્દોને સેકસ્યુઅલ સેન્ટિમેન્ટ સાથે એટલે કે જાતિય લાગણીઓ સાથે સાંકળીને જોવાની જરૂર નથી.

**કોસ્ટગાર્ડ તરીકે કામ કરતી મહિલાએ તેના ઉપરી અધિકારી સામે આરોપ લગાવ્યો હતો**

---

# જીમના પ્રોટીન સપ્લીમેન્ટસ નુકસાનકારક: ICMR ની ચેતવણી



**લાંબા સમય સુધી પાવડરનું સેવન હાડકાને અસર કરી શકે: મેવા, શાકભાજી, ફળો, દૂધમાંથી પણ કેલેરી લેવી જોઇએ**

અમદાવાદ, તા.૧૦ જીમમાં ફીટનેસ, ડયેટની ઘેલછા વચ્ચે ICMRએ સંશોધિત આહાર દિશાનિર્દેશ જાહેર કરતા ભારતીયોને સ્વાસ્થ્ય અને ડાયટ સાથે જોડાયેલી એક ચેતવણી આપી છે. ICMRએ પોતાના આ હેલ્થ એલર્ટમાં જીમ જતા લોકોને શારીરિક રીતે ફીટ રહેવા માટે ઉપયોગમાં લેવાતા પ્રોટીન સપ્લીમેન્ટના સેવન ન કરવાનો આગ્રહ કર્યો છે. એટલું જ નહીં સારા સ્વાસ્થ્ય માટે ભારતીયોને મીઠું અને ખાંડને પણ સીમિત પ્રમાણમાં જ સેવન કરવાની સાથે ખાદ્ય લેબલ પર લખેલી જાણકારી વાંચવાનો પણ આગ્રહ કર્યો છે.

**૧૭ પ્રકારના દિશાનિર્દેશ**

હૈદરાબાદ સ્થિત NINએ બુધવારે ભારતીય માટે જરુરી પોષક તત્વોની જરૂરિયાતોને પૂરાં કરવા અને એનસીડીને રોકવા સંબંધી સંશોધિત દિશાનિર્દેશ જાહેર કર્યા. આરોગ્ય સાથે જોડાયેલા આ દિશા-નિર્દેશોને ICMR-NINના ડિરેકટર ડો. હેમલતા આરના નેતૃત્વમાં વિશેષજ્ઞોની એક સમિતિ દ્વારા તૈયાર કરાયા છે. જેમાં ૧૭ પ્રકારના દિશાનિર્દેશ અંગે વાત કરવામાં આવી છે.

**પ્રોટીના પાવડરના સાઈડ ઈફેકટ**

આ દિશાનિર્દેશોમાં NINએ કહ્યુંકે, લાંબા સમય સુધી પ્રોટીન પાવડરનો વધારે પડતું સેવક કે હાઈ પ્રોટીનનું સેવન કરવાથી વ્યકિતના બોન હેલ્થ પ્રભાવિત થઈ શકે છે. આવું કરવાથી હાડકાંમાં ખનિજની ઉણપની સાથે કિડની પર સંભવિત ખતરો થઈ શકે છે.

**ખાંડનો ઉપયોગ**

આ દિશાનિર્દેશમાં એમ પણ જણાવાયું છે કે ખાંડનું સેવન કુલ ઊર્જા સેવનના પાંચ ટકાથી ઓછું કરવું જોઈએ તથા સંતુલિત આહારમાં અનાજ તથા મિલેટ અનાજથી ૪૫ ટકા તથા દાળ, ફળો તથા માંસના ૧૫ ટકાથી વધુ કેલેરી ન લેવી જોઈએ. દિશાનિર્દેશમાં કહેવામાં આવ્યું છે કે બાકીની કેલેરી મેવા, શાકભાજી, ફળો અને દૂધમાંથી લેવી જોઈએ. તેમાં કહેવાયું છે કે રોજ ૩૦ ટકા ઊર્જા કે તેથી ઓછું કે તેટલું જ સેવન કરવું જોઈએ.

**અનાજ પર અધિક નિર્ભર**

NINએ કહ્યું કે દાળ અને માંસની સીમિત ઉપલબ્ધતા તથા ઉચ્ચ ખર્ચાને કારણે ભારતીય વસતિનો એક મહત્વપૂર્ણ વિસ્તાર અનાજ પર વધુ નિર્ભર છે અને તેના પરિણામસ્રૂરુપ આવશ્યક મહત્વપૂર્ણ પોષક તત્વો જેમકે જરુરી એમીનો એડિ અને આવશ્યક ફેટી એસિડ તથા સૂક્ષ્મ પોષક તત્વોનું સેવન ઓછું થાય છે.


**પોષક તત્વોની ઉણપથી થતું નુકસાન**

ડાયટમાં જરૂરી પોષક તત્વોની ઉણપ પચવાની પ્રક્રિયાને નુકસાન પહોંચાડી શકે છે, જેના કારણે વ્યક્તિમાં ઓછી ઉંમરે ઈન્સ્યુલિન પ્રતિરોધ તથા સંબંધિત વિકારનો ખતરો વધી શકે છે. એક અભ્યાસથી સામે આવ્યું છે કે ભારતમાં કુલ બીમારીઓના ૫૬.૪ ટકા લોકો આવશ્યક આહારના કારણે છે. સ્વસ્થ આહાર અને શારીરિક પ્રવૃત્તિથી કોરોનરી હૃદય રોગ (સીએચડી) તથા હાઈ બ્લડપ્રેશર (એચટીએન)નો ખતરો ઘણી હદે ઘટી શકે છે અને ટાઈપ ૨ ડાયાબિટીશને ૮૦ ટકા સુધી રોકી શકાય છે. ગઈગએ કહ્યું, સ્વસ્થ જીવનશૈલી અપનાવીને સમય પહેલા થનારા મોતને ટાળી શકાય છે.

---

# ‘કેજીએફ’ ફેમ યશની ફિલ્મ ‘ટોક્સિક’માંથી કરીના કપુર આઉટ: નયનતારા ઈન?

### નયનતારા ફિલ્મમાં યશની બહેનનું પાવરફુલ મહિલાનું પાત્ર ભજવશે



મુંબઇ: હાલમાં જ ખબર આવી હતી કે કરીના કપૂરે ‘કેજીએફ’ ફેમ યશની બિગ બજેટ ફિલ્મ ‘ટોકિસક’ છોડી દીધી છે. હવે મેકર્સ નવી હીરોઇનની તલાશ કરી રહ્યા છે. કરીના ફિલ્મમાં યશની બહેનનો રોલ નિભાવનાર હતી. હવે ખબર છે કે મેકર્સે આ રોલ માટે નયનતારાને એપ્રોચ કરી છે. નયનતારાની ફિલ્મની ટીમ સાથે વાતચાલી રહી છે.

રિપોર્ટ અનુસાર ડાયરેકટર ગીતુ મોહનદાસ અને એક્ટર યશે ગત કેટલાક સમાહમાં નયનતારા સાથે અનેક મીટીંગ કરી હતી. નયનતારાએ ફિલ્મમાં રસ દેખાડયો છે અને પોઝીટીવ રિસ્પોન્સ મળ્યો છે. ખબરે મુજબ ‘ટોક્સિક’માં યશની બહેનનું પાત્ર સ્ટ્રોંગ મહિલાનું છે, જે નયનતારાની ઈમેજને પણ અનુકુળ છે. આ પાત્રને ઘણું સારી રીતે લખવામાં આવ્યું છે.

જો વાત બને તો એકાદ દિવસમાં જ નયનતારા ફિલ્મનો ભાગ બનશે. ‘ટોક્સિક’માં ક્યિારા અડવાણી ફીમેલ લીડ છે. તે ફિલ્મમાં યશની પ્રેમિકાના રૂપમાં જોવા મળશે.



---

# હીરો હંમેશા સદાબહાર! સલમાન ‘સિકંદર’માં ૩૦ વર્ષ નાની રશ્મિકા સાથે રોમાન્સ કરશે!

**‘સિકંદર’ના સેટ પર સલમાન ખાનની ઉંમર વર્તાઇ**



મુંબઇ, તા.૧૦ આપણે ત્યાં હીરો અને હીરોઇનની ઉંમર વચ્ચે મોટે ભાગે તફાવત જોવા મળે છે. હીરોઇનો કરતાં હીરોની ઉંમર મોટી હોય છે, તેમ છતાં પ્રેક્ષકો આ જોડીને સ્વીકારતા હોય છે. ‘કિસી કા ભાઇ કિસી કી ની’ ફિલ્મમાં ૫૨ વર્ષના સલમાને ૨૫ વર્ષ નાની પૂજા હેગડે સાથે જોડી જમાવી હતી. હવે તે તેની આગામી ફિલ્મ ‘સિકંદર’માં ૩૦ વર્ષ નાની રશ્મિકા મંદાના સાથે રોમાન્સ કરશે.

ઇદ દિવસે સલમાન ખાનની ફિલ્મ સિકંદર એનાઉન્સ થઇ હતી, પરંતુ લીડ એકટ્રેસ ફાઇનલ ન હતી. સિકંદરમાં સલમાન સાથે જોડી જમાવવા રશ્મિકા મંદાનાની પસંદગી થઇ હોવાનું જાણવા મળ્યું છે. રશ્મિકાએ પોસ્ટ શેર કરીને સલમાન સાથે ‘સિકંદર’માં સમાવેશ અંગે ખુલાસો કર્યો છે.

ફિલ્મના પ્રોડ્યુસર સાજિડ દડિયાદવાલાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, સિકંદરમાં સલમાન ખાન સાથે શાનદાર એકટ્રેસ રશ્મિકા મંદાના જોવા મળશે.

ઇદ ૨૦૨૫ પર તેમના ઓનસ્ક્રિન કમાલને જોવા માટે રાહ જોવાનું અઘરું છે. રશ્મિકાએ સિકંદરમાં તક આપવા બદલ સલમાન અને નડિયાદવાલાનો આભાર માન્યો હતો.

### સલમાન-રશ્મિકા વચ્ચે ૩૦ વર્ષનો એજ ડિફરન્સ

સલમાન ખાન હાલ ૫૮ વર્ષનાં છે જ્યારે રશ્મિકા મંદાનાની ઉંમર ૨૮ વર્ષ છે. ‘પુષ્પા’ની સફળતા બાદ રશ્મિકા પાન ઇન્ડિયા સ્ટાર બની ચૂકી છે. રણબીર કપુર સાથે બ્લોકબસ્ટર ‘એનિમલ’માં પણ રશ્મિકાના વખાણ થયા હતા. રશ્મિકાની સ્ટાર વેલ્યુ સતત વધી રહી છે ત્યારે ‘પુષ્પા’ની સીક્વલ પણ આ વર્ષે રિલીઝ થવાની છે. સલમાન અને રશ્મિકા વચ્ચે ૩૦ વર્ષનો એજ ડિફરન્સ હોવા છતાં ઓન સ્ક્રિન રોમાન્સ અસરકારક રહેવાની ફિલ્મની ટીમને આશા છે. સલમાને અગાઉ ‘કિસી કા ભાઇ કિસી કી જાન’માં ૨૫ વર્ષ નાની પૂજા હેગડે સાથે જોડી જમાવી હતી.

### ‘સિકંદર’ના સેટ પર સલમાનની ઉંમર દેખાઇ

સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર એક એકાઉન્ટમાંથી સલમાન ખાનનો ફોટોગ્રાફ શેર થયો છે. આ પોસ્ટમાં જણાવાયું છે કે, મેગા સ્ટાર સલમાન ખાન સિકંદરના સેટ પર છે અને શૂટિંગ શરૂ થઇ ગયું છે. સલમાન ખાનનો આ લેટેસ્ટ ફોટોગ્રાફ વાઇરલ બની રહ્યો છે. ફિલ્મોમાં ફિટ અને હેન્ડસમ દેખાતા સલમાનની ઉંમર આ ફોટોગ્રાફમાં દેખાઇ રહી છે. ચહેરા પર કચરલીઓની સાથે પેટની ચરબીના કારણે સલમાનનો નવો લૂક ચર્ચાનો વિષય બન્યો છે.

# રાજકોટ શહેરમાં મહાપાલિકાની ચૂંટણી કરતા વધુ, વિધાનસભાની ચૂંટણી કરતા લોકસભામાં ઓછું મતદાન

## તમામ ૧૮ વોર્ડમાં વોર્ડ નં.૧૧ સૌથી ઉપર-વોર્ડ નં.૧૮ છેલ્લા ક્રમે : પોશ એરીયાવાળા વોર્ડમાં ઘણુ સારૂ મતદાન થઈ ગયું : કુલ પડેલા ૧૨.૫૮ લાખ મતમાંથી ૬.૭૮ લાખ રાજકોટ શહેરના છે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ લોકસભાની ચૂંટણી ભારે ગરમી અને રાજકીય હીટવેવ વચ્ચે સંપન્ન થઇ છે. આ ચૂંટણીમાં ગત વખત કરતા સાડા ત્રણ ટકા ઓછું એટલે કે ૫૯.૬૦ ટકા જેટલું પ્રમાણમાં નીચુ પ્રમાણ થયું છે. છતાં ગત વખત કરતા કુલ મતદારોની સંખ્યા વધી હોય મત વધુ પડયા છે. રાજકોટ લોકસભામાં કુલ ૭ વિધાનસભા મતક્ષેત્ર આવે છે. આ પૈકી રાજકોટ વિધાનસભાની ચાર બેઠક હેઠળ આવતા રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડના મતદાનના આંકડા બહાર આવ્યા છે. રાજકોટ જિલ્લાના ૫૯.૬૦ ટકા મતદાન સામે રાજકોટ શહેરના ૧૮ વોર્ડનું ૫૭.૯૦ ટકા મતદાન થયું છે.

પૂરા રાજકોટ મહાનગરમાં સૌથી વધુ મતદાન પાટીદારોના પ્રભુત્વવાળા વોર્ડ નં. ૧૧માં ૬૨.૯૫ ટકા થયું છે. તો સૌથી ઓછું મતદાન હજુ વિકાસની રાહ જોતા વોર્ડ નં.૧૮માં ૫૪.૨૦ ટકા નોંધાયું છે. એકંદરે તમામ વોર્ડમાં ૫૫ ટકા ઉપરનું મતદાન છે. રાજકોટના કુલ ૧૧.૭૧ લાખ લોકોમાંથી ૬.૭૮ લાખ નાગરિકે મતાધિકારનો ઉપયોગ કર્યો છે. તો ટંકારામાં ૬૫.૮૮, વાંકાનેરમાં ૬૪.૬૭ અને જસદણમાં ૫૫.૬૯ ટકા વોટીંગ છે. રાજકોટ પૂર્વમાં ૫૭.૮૮, પશ્ચિમમાં ૫૭.૮૪, દક્ષિણમાં ૫૭.૮૦, ગ્રામ્યમાં ૫૮.૫૩ ટકા મતદાન નોંધાયું હતું.

રાજકોટ જિલ્લામાં કુલ ૧૨૫૮૯૦૫ લોકોએ મત આપ્યા છે. તેમાં ૬૭૮૨૧૩ મત રાજકોટ શહેરના છે.

સૌથી વધુ મતદાન મવડી, વાવડી સહિતના વોર્ડ નં.૧૧નું ૬૨.૯૫ ટકા છે. આ મત વિસ્તારમાં પાટીદારોની સંખ્યા નોંધપાત્ર છે. આ સિવાય ૬૦ ટકા ઉપરના મતદાન પણ વિકસીત અને પોશ એરીયામાં થયા છે. અમીન માર્ગ, કાલાવડ રોડ સહિતના વોર્ડ નં.૮માં ૬૦.૭૭, યુનિ. રોડ, ૧૫૦ ફુટ રોડ, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી પાર્ક સહિતના વોર્ડ નં.૯માં ૬૦.૬૮, યુનિ. રોડ, ૧૫૦ ફુટ રોડ, પાણીના ટાંકા પાછળના વિસ્તારોવાળા વોર્ડ નં.૧૦માં ૬૧.૨૬ ટકા મતદાન થયું છે.

પોશ એરીયામાં આવતા વોર્ડ નં.૨માં ૫૫.૦૧ ટકા વોટીંગ થયું છે. રેલનગર સહિતના વોર્ડ નં.૩માં ૫૫.૭૪ ટકા મત પડયા છે. સામાકાંઠાના વોર્ડ નં.૪ના મોરબી રોડ સહિતના વિસ્તારમાં ૫૯.૬૭ ટકા, સંત કબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ સહિતના વોર્ડ નં.૫માં ૫૯.૬૭ અને વોર્ડ નં.૬માં ૫૭.૦૯ ટકા મતદાન છે. જુના રાજકોટના રહેણાંક અને વેપારી વિસ્તારવાળા ભાજપના ગઢ વોર્ડ નં.૭માં ૫૫.૩૦ ટકા મતદાન છે. મવડીના જ વોર્ડ નં.૧૨માં ૫૭.૯૨ ટકા મત પડયા છે.

ગોંડલ રોડ, ઢેબર રોડ સહિતના વોર્ડ નં.૧૩માં ૫૭.૦૪, કેનાલ રોડ, ગુંદાવાડી, સોરઠીયાવાડી, બાપુનગર સહિતના વોર્ડ નં.૧૪માં ૫૮.૧૨, ચુનારાવાડ, ભાવનગર રોડ, આજી નદી કાંઠા સહિતના વોર્ડ નં.૧૫માં ૫૬.૯૪ ટકા મત પડયા છે. જંગલેશ્વર સહિતના વોર્ડ નં.૧૬માં ૫૫.૧૫ ટકા મતદાન થયું હતુ. કોઠારીયા રોડના વોર્ડ નં.૧૭માં ૫૭.૮૦ ટકા મત લોકોએ આપ્યા છે. તો છેવાડાના કોઠારીયા ગામના વોર્ડ નં.૧૮માં ૫૪.૨૦ ટકા મતદાન થયું છે.

મનપાની ૨૦૨૧ની ચૂંટણીમાં ૧૮ વોર્ડમાં ૫૧.૭૧ ટકા મતદાન હતું. તે ચૂંટણીની સરખામણીએ લગભગ તમામ વોર્ડમાં મતદાન વધ્યું છે. લોકસભાની આ ચૂંટણીનું ૧૮ વોર્ડનું મતદાન ૫૭.૯૦ ટકા છે. તો વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને તમામ વોર્ડમાં લીડ મળી હતી. એકંદરે વિધાનસભાના ૬૦ ટકા ઉપરના મતદાન સામે લોકસભામાં ૫૭.૯૦ ટકા અને કોર્પોરેશનની ૨૦૨૧ની ચૂંટણીમાં શહેરમાંથી ૫૧.૭૧ ટકા મત પડયા હતા. આમ કોર્પો.ની ચૂંટણી કરતા લોકસભાની ચૂંટણીમાં ૬ ટકા વધુ મત હોય, જીતના ગણિત ઉંડા ઉતરી રહ્યા છે.

### ૨૦૨૧ કોર્પોરેશનમાં વોર્ડવાઈઝ મતદાન

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૭૨૦૧૫ | ૩૨૫૨૪ | ૪૫.૧૬ |
| ૨ | ૫૫૧૦૯ | ૨૬૭૫૦ | ૪૮.૫૪ |
| ૩ | ૭૯૩૩૬ | ૪૦૧૧૭ | ૫૦.૫૭ |
| ૪ | ૫૭૨૯૨ | ૩૨૩૬૫ | ૫૬.૪૯ |
| ૫ | ૪૮૯૦૮ | ૨૬૪૯૫ | ૫૪.૧૭ |
| ૬ | ૫૦૧૮૦ | ૨૬૯૯૨ | ૫૩.૭૯ |
| ૭ | ૬૦૬૧૮ | ૨૯૫૫૧ | ૪૮.૭૫ |
| ૮ | ૬૪૩૨૩ | ૩૨૧૫૦ | ૪૯.૯૮ |
| ૯ | ૬૯૦૩૯ | ૩૩૪૫૮ | ૪૮.૪૬ |
| ૧૦ | ૫૪૫૮૩ | ૨૭૩૧૨ | ૫૦.૦૪ |
| ૧૧ | ૭૬૭૬૪ | ૩૭૯૭૧ | ૪૯.૪૬ |
| ૧૨ | ૫૯૦૩૧ | ૩૦૬૮૭ | ૫૧.૯૮ |
| ૧૩ | ૫૮૪૪૦ | ૨૯૭૯૦ | ૫૦.૯૮ |
| ૧૪ | ૬૦૫૮૧ | ૨૯૨૫૧ | ૪૮.૨૮ |
| ૧૫ | ૪૯૪૭૫ | ૨૮૭૮૩ | ૫૮.૧૮ |
| ૧૬ | ૫૩૦૪૨ | ૨૫૬૦૧ | ૪૮.૨૭ |
| ૧૭ | ૬૦૪૮૯ | ૩૧૨૮૬ | ૫૧.૭૨ |
| ૧૮ | ૬૪૭૬૬ | ૩૩૦૬૫ | ૫૧.૦૫ |
| કુલ | ૧૦૯૩૯૯૧ | ૫૫૪૧૪૮ | ૫૦.૬૫ |

### ૨૦૨૪-લોકસભામાં વોર્ડવાઈઝ મતદાન

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૮૧૬૧૦ | ૪૫૬૧૫ | ૫૫.૮૯ |
| ૨ | ૫૬૨૭૯ | ૩૦૯૬૧ | ૫૫.૦૧ |
| ૩ | ૮૮૦૭૫ | ૪૯૦૯૬ | ૫૫.૭૪ |
| ૪ | ૬૬૧૧૬ | ૩૯૨૪૭ | ૫૯.૩૬ |
| ૫ | ૫૪૩૮૮ | ૩૨૪૫૧ | ૫૯.૬૭ |
| ૬ | ૫૦૭૫૫ | ૨૮૯૭૭ | ૫૭.૦૯ |
| ૭ | ૬૩૫૮૩ | ૩૫૧૬૪ | ૫૫.૩૦ |
| ૮ | ૮૭૧૪૨ | ૪૦૮૦૧ | ૬૦.૭૭ |
| ૯ | ૭૫૩૯૬ | ૪૫૭૪૯ | ૬૦.૬૮ |
| ૧૦ | ૫૯૬૫૬ | ૩૬૫૪૪ | ૬૧.૨૬ |
| ૧૧ | ૮૪૪૬૦ | ૫૩૧૭૦ | ૬૨.૯૫ |
| ૧૨ | ૬૬૪૬૫ | ૩૮૪૯૫ | ૫૭.૯૨ |
| ૧૩ | ૬૪૯૮૩ | ૩૭૦૬૯ | ૫૭.૦૪ |
| ૧૪ | ૬૦૦૪૦ | ૩૪૮૯૬ | ૫૮.૧૨ |
| ૧૫ | ૪૫૬૯૭ | ૨૬૦૧૮ | ૫૬.૯૪ |
| ૧૬ | ૫૨૭૮૨ | ૨૯૧૦૭ | ૫૫.૧૫ |
| ૧૭ | ૬૨૬૨૫ | ૩૬૧૯૭ | ૫૭.૮૦ |
| ૧૮ | ૭૧૩૧૫ | ૩૮૬૫૬ | ૫૪.૨૦ |
| કુલ | ૧૧૭૧૩૬૭ | ૬૭૮૨૧૩ | ૫૭.૯૦ |

### ૨૦૨૨-વિધાનસભાનું વોર્ડવાઈઝ મતદાન

વિધાનસભા-૬૮

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૩ | ૨૯૯૦૨ | ૧૭૬૧૭ | ૫૮.૯૩ |
| ૪ | ૫૯૫૨૨ | ૩૮૮૯૭ | ૬૫.૩૪ |
| ૫ | ૫૫૩૯૨ | ૩૫૧૧૬ | ૬૩.૩૯ |
| ૬ | ૪૮૪૮૪ | ૨૯૮૦૪ | ૬૧.૪૭ |
| ૧૫ | ૪૯૧૬૫ | ૩૦૬૪૭ | ૬૨.૩૩ |
| ૧૬ | ૫૨૫૨૪ | ૩૧૫૩૮ | ૬૦.૦૪ |
| ૧૮ | ૨૫૯૪ | ૧૪૮૨ | ૫૭.૧૩ |
| કુલ | ૨૯૭૫૮૩ | ૧૮૫૧૦૧ | ૬૨.૨૦ |

વિધાનસભા-૬૯

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૬૮૧૦૩ | ૩૮૪૦૦ | ૫૬.૩૯ |
| ૨ | ૫૫૭૩૭ | ૩૦૬૭૦ | ૫૫.૦૩ |
| ૩ | ૩૬૩૮૫ | ૧૯૩૯૦ | ૫૩.૨૯ |
| ૭ | ૨૧૯૪૪ | ૧૨૦૫૩ | ૫૪.૯૩ |
| ૮ | ૪૪૯૨૮ | ૨૬૯૨૬ | ૫૯.૯૩ |
| ૯ | ૬૮૪૩૨ | ૪૦૨૩૦ | ૫૮.૭૯ |
| ૧૦ | ૫૮૭૮૩ | ૩૪૫૨૨ | ૫૮.૭૩ |
| કુલ | ૩૫૪૩૧૨ | ૨૦૨૧૯૧ | ૫૭.૦૭ |

વિધાનસભા-૭૦

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૭ | ૪૧૯૮૮ | ૨૩૭૮૫ | ૫૬.૬૪ |
| ૮ | ૨૧૯૪૦ | ૧૩૨૭૨ | ૬૦.૪૯ |
| ૧૩ | ૫૧૨૨૫ | ૩૦૩૭૦ | ૫૯.૨૮ |
| ૧૪ | ૫૯૯૦૧ | ૩૪૬૯૪ | ૫૭.૯૧ |
| ૧૬ | ૫૭૮ | ૨૯૯ | ૫૧.૭૩ |
| ૧૭ | ૬૨૭૧૧ | ૩૭૪૨૫ | ૫૯.૬૭ |
| ૧૮ | ૨૦૪૪૬ | ૧૨૮૨૨ | ૬૨.૬૫ |
| કુલ | ૨૫૮૮૮૧ | ૧૫૨૦૯૨ | ૫૮.૯૯ |

વિધાનસભા-૭૧

| વોર્ડ | મતદાર | મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧૧ | ૬૯૦૨૦ | ૪૨૬૮૦ | ૬૧.૮૩ |
| ૧૨ | ૫૯૯૪૬ | ૩૫૭૧૭ | ૫૯.૫૮ |
| ૧૩ | ૧૩૮૪૭ | ૮૨૫૩ | ૫૯.૬૦ |
| ૧૮ | ૪૯૬૫૧ | ૨૭૭૪૬ | ૫૫.૮૭ |
| કુલ | ૧૯૨૪૬૪ | ૧૧૪૩૯૬ | ૫૯.૪૩ |

ધર્મ અને સમાજમાં સડા રૂપ...

## અંધશ્રદ્ધા સામે લડત ચલાવનાર દાભોલકરની હત્યાનો માસ્ટર માઈન્ડ નિર્દોષ, બેને આજીવન કારાવાસ

### પુણે વિશેષ કોર્ટના ચુકાદાને દાભોલકરનો પરિવાર હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટમાં પડકારશેઃ મોર્નીંગ વોક દરમિયાન દાભોલકર પર ફાયરીંગ કરી હત્યા કરાયેલી

પુણે તા.૧૦

અંધશ્રદ્ધા ધર્મ અને સમાજમાં સડો હોય છે. આ સડા સામે ફાઈટ આપનાર નરેન્દ્ર દાભોલકરની ૨૦ ઓગષ્ટ ૨૦૧૩માં હત્યા કરાઈ હતી. આ કેસના માસ્ટર માઈન્ડને પુણેની એક વિશેષ અદાલતે છોડી મુકયા છે અને બે આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી છે. જો કે દાભોલકર પરિવારનું પ્રતિનિધિત્વ કરનાર વકીલે જણાવ્યું હતું કે તેઓ વિશેષ અદાલતના ચૂકાદાને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.

આ અંગેની વિગત એવી છે કે મહારાષ્ટ્રમાં અંધવિશ્વાસ સામે લડાઈ ચલાવનાર નરેન્દ્ર દાભોલકર તા.૨૦ ઓગષ્ટ ૨૦૧૩ના પુણેના ઓમકારેશ્વર બ્રીજ પર મોર્નીંગ વોક કરી રહ્યા હતા ત્યારે તેની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. હત્યાના કાવતરાના મામલામાં આરોપી વિરેન્દ્રસિંહ તાવડે, સંજીવ પુનાલેકર અને વિક્રમ ભાવેને વિશેષ કોર્ટે પુરાવાના અભાવે છોડી મુકયા છે, જયારે સચીન અંદુરે અને શરદ કાલસ્કરને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી અને દરેકને પાંચ-પાંચ લાખનો દંડ ફટકાર્યો હતો. દાભોલકર પરિવારના વકીલ આ મામલે હવે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં ધા નાખશે.

લોકસભાની ચૂંટણીના માહોલમાં

## પૂરી દુનિયામાં સંઘર્ષનો માહોલ છે ત્યારે ભારતમાં સ્થિર નેતૃત્વ જરૂરીઃ વિદેશમંત્રી

નવી દિલ્હી તા.૧૦



આજે દેશભરમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે ત્યારે દેશના વિદેશમંત્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે આજે પુરી દુનિયામાં સંઘર્ષ છે, યુક્રેનમાં સંઘર્ષ, ગાઝામાં લડાઈ, લાલ સાગરમાં હુમલા, દક્ષિણ ચીનમાં તનાવ અને વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રોમાં આતંકવાદનો પડકાર છે. આ સંજોગોમાં ભારતમાં સ્થિર અને મજબૂત નેતૃત્વ જરૂરીછે તેમ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આ દાયકામાં સંઘર્ષ, સતા પરિવર્તન અને પરિપકવ નેતૃત્વ હોવુ વધુ મહત્વનુ બની જાય છે.

જયશંકરે જણાવ્યું હતું કે ખાસ કરીને અમેરિકાનો ઘટતો પ્રભાવ, યુક્રેન સંઘર્ષ, ગાઝામાં લડાઈને જોતા લાગે છે કે હાલની લોકસભા ચુંટણીમાં મતદાર બુદ્ધિપૂર્વક મતદાન કરે જેથી ભારતમાં સ્થિર અને પરિપકવ નેતૃત્વ જળવાઈ રહે.

## શરદ પવારે કોંગ્રેસમાં જઈને મરવા કરતા અજીત દાદા સાથે જવું જોઈએઃ મોદી

### મરાઠા નેતા પર મોદીનો જબરો હુમલો

મુંબઈ: મહારાષ્ટ્રમાં મરાઠામેનનું બિરૂદ મેળવનાર એનસીપીના સ્થાપક વડા અજીત પવારે ચુંટણી બાદ તેમના પક્ષનું કોંગ્રેસમાં વિલીનીકરણનો સંકેત આપ્યો તેના પર ચુટકી લેતા અને સલાહ આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે મહારાષ્ટ્રના એક દિગ્ગજ નેતા જે ૪૦-૫૦ વર્ષથી રાજકારણમાં છે.

તેઓએ એટલા હતાશ અને નિરાશ થઈ ગયા છે કે તેમને લાગે છે કે તા.૪ જૂન બાદ રાજકીય જીવનમાં ટકવું હોય તો નાના નાના રાજકીય પક્ષોએ કોંગ્રેસમાં તેમનું વિલીનીકરણ કરી દેવું જોઈએ.

જેનો અર્થ એ છે કે નકલી એનસીપી તથા નકલી શિવસેનાએ કોંગ્રેસમાં ભળી જવાનું મન બનાવી લીધુ છે પણ મારી સલાહ એ છે કે કોંગ્રેસમાં જઈને મરવા કરતા અમારા અજીત દાદા અને શિંદે સાથે જવાથી ખૂબજ શાનથી તમારા સ્વપ્ન પુરા થશે.

નંદુરબારમાં મોદીએ મહાવિકાસ અઘાડી ગઠબંધનને નિશાન બનાવી

## જીવતો તો શું, મર્યા પછી પણ આ લોકો મને દાટી નહીં શકેઃ મોદીનો રાઉત પર પલટવાર

### ઔરંગઝેબને અમે દાટી દીધો છે, તો મોદી શું ચીજ છે તેવી શિવસેનાના રાઉતની ટિપ્પણી પર પીએમનો જવાબ

નંદુરબાર (મહારાષ્ટ્ર), તા.૧૦



પીએમ મોદીએ અત્રે વિપક્ષ મહા વિકાસ અઘાડી ગઠબંધન પર સંજય રાઉતના વિવાદિત નિવેદન પર પલટવાર કરી કહ્યું હતું કે જીવતો તો શું, મને મર્યા પછી પણ દાટી નહીં શકે.

વડાપ્રધાને શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉત એવું વિવાદી નિવેદન કર્યું હતું કે ઔરંગઝેબને દાટીને અમે તેની કબર બનાવી દીધી હતી તો મોદી શું ચીજ છે....રાઉતના આ વિવાદી નિવેદન મુદ્દે મોદીએ પલટવાર કરી કહ્યું હતું કે મહા વિકાસ અઘાડી તુષ્ટિકરણ માટે આ ભાષા બોલે છે. તેમને સપના દેખાઇ રહ્યા છે કે મોદીને જમીનમાં દાટી દઇશું. એમની જમીન ખસી રહી છે. એમને ખબર નથી કે દેશની માતાઓ-બહેનો મોદીની રક્ષા કરી રહી છે. આ નકલી શિવસેના જીવતા તો શું મર્યા પછી પણ મને જમીનમાં દાટી નહીં શકે.

## ઉત્તરપ્રદેશમાં રાયબરેલી બન્યું રણમેદાન : રાહુલને હરાવવા મોદી, અમિત શાહ, યોગી સહિતના નેતાઓ પહોંચશે

### કોંગ્રેસ પણ હવે આ બેઠકને બીજી અમેઠી ન બને તે જોવા તૈયાર : અમેઠીમાં પણ કોંગ્રેસના ઉમેદવાર કિશોરીલાલ એકશનમાં : રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને રાયબરેલીની જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી, તા. ૧૦

લોકસભા ચૂંટણીમાં અમેઠી બેઠક ઉપરથી રાહુલ ગાંધી હવે રાયબરેલી બેઠક પર શીફ્ટ થતા તમામનું ધ્યાન રાયબરેલી પર ગયું છે અને એક તરફ કોંગ્રેસે હવે અમેઠીની જેમ રાયબરેલી પણ ગુમાવી ન પડે તે માટે ફુલપ્રુફ પ્લાનીંગ કર્યુ છે આ બેઠક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક જબરો રોડ-શો યોજશે તો યોગી આદિત્યનાથ અને અમિત શાહ સહિતના નેતાઓ પ્રચારમાં આવશે. બીજી તરફ રાહુલ ગાંધી અને અખિલેશ યાદવની જોડી આ બેઠક બચાવવા માટે સક્રિય બની છે અને પ્રિયંકા ગાંધી રાયબરેલીના દરેક વિધાનસભા ક્ષેત્રમાં જઇને રાહુલ ગાંધી માટે મત માંગી રહ્યા છે. સોનિયા ગાંધીએ રાયબરેલી બેઠક છોડયા બાદ લાંબુ સસ્પેન્સ સર્જાયુ હતું અને ઉમેદવારીના અંતિમ દિવસે રાહુલ ગાંધી અહીં ચૂંટણી લડવાની તૈયારી બતાવીને નામાંકન કરતા જ જબરી રાજકીય ગરમી સર્જાય છે અહીં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત બસપાના ઉમેદવાર મેદાન પર છે તો તે વચ્ચે ભાજપના ઉમેદવાર દિનેશપ્રતાપસિંહના પ્રચાર માટે તા. ૧૨ મેના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અહીં જનસભા યોજશે. તા.૧૩ મેના રોજ યોગી આદિત્યનાથ લાલગંજમાં એક વિરાટ રેલીને સંબોધીત કરશે અને પ્રચારના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ પક્ષે પણ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને રાયબરેલીની જવાબદારી સોંપી છે અને પાંચથી છ ટોચના નેતાઓને છેલ્લુ અઠવાડિયુ રાયબરેલીમાં કેમ્પ કરવા જણાવાયું છે. કોંગ્રેસ આશા રાખે છે કે તે અમેઠી પણ છીનવી લેશે અને અમેઠીમાં કોંગ્રેસના ઉમેદવાર સ્થાનિક સ્તરે અત્યંત જાણીતા છે અને તેથી આ બેઠકો હોટ પ્રોપર્ટી બની ગઇ છે. રાહુલ ગાંધીએ મેદાન છોડતા હવે કોંગ્રેસના ઉમેદવાર કિશોરીલાલ પણ પૂરી રીતે એકશનમાં આવી ગયા છે. જો રાહુલ ગાંધી અહીં ચૂંટણી લડયા હોત તો ભાજપે તેની સામે કુમાર વિશ્વાસને મેદાનમાં ઉતારવાની યોજના કરી હતી. પરંતુ સ્મૃતિ ઇરાનીએ રાહુલ ગાંધી લડે કે ન લડે પોતાનો પડકાર ઉપાડવા તૈયારી બતાવી છે. તેઓ ૨૩ દિવસથી અમેઠીમાં છે. આ બેઠક ઉપર બસપાના ઉમેદવાર પણ મેદાનમાં છે.

## આજે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ સામસામે : બન્ને ટીમ વચ્ચે પ્લેઓફ માટે ટક્કર

ચેન્નાઈ સુપર કિંગ્સના મુખ્ય ખેલાડીઓ ઈજા અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને કારણે બહાર હોવા છતાં, ચેન્નાઈ સુપર કિંગ્સ આજે ગુજરાત ટાઇટન્સને હરાવીને પ્લેઓફ માટેનો તેમનો દાવો મજબૂત કરવા માટે પ્રયત્ન કરશે. ચેન્નાઈના ૧૧ મેચમાંથી ૧૨ પોઈન્ટ છે અને ગુજરાત સામેની જીત તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. કારણ કે પ્લેઓફમાં તેમનું સ્થાન હજુ પણ નિશ્ચિત નથી જેથી આ હાર તેમને ભારે પડી શકે તેમ છે.


સાંજ સમાચાર

વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ

આજે જ જોડાવ

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel



સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેક્ટ પર ફોરવર્ડ કરી શકશો




## સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનનો પ્રારંભ

### મ્યુ.કમિશ્નર આનંદ પટેલના હસ્તે ઉદ્ઘાટનઃ ૧૦૦ શાળા અને ૧૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવા અભિયાન

રાજકોટ,તા.૧૦

સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળ દ્વારા જળસંચય અભિયાનના શુભારંભ કરવામાં આવેલ છે.આજની સ્થિતિએ વોટર સ્કેરસિટી, કલાયમેટ ચેન્જની અસરો, વધતી વસ્તી તેમજ પાણીની જરૂરિયાતને ધ્યાને લઈને જળસંચય કરવું જરૂરી બને છે.

આ કાર્યક્રમના ઉદઘાટક તરીકે કમિશ્નર આનંદ પટેલ ઉપસ્થિત રહી મહાનગરપાલિકાના પાસાઓ વિશે પરિચય આપેલ તેમજ આ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભૂસ્તરનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને આીશરચળિફાશક્ષલ ઉડ્ડ઼ તૈયાર કરવામાં આવેલ તેની વિગતો તેમજ મહાનગરપાલિકા દ્વારા જળ સંચય વિભાગની રચના કરીને બોર રીચોજ, ચેક ડેમો બનાવવા,ડ્રેનેજ નું રીટ્રીટેડ પાણીનો વપરાશ કરવો તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ભવિષ્યના આયોજન અંગેની તમામ બાબતો વિશે જીણવટ ભરી વિગતો તેઓ દ્વારા આપવામાં આવેલી હતી.

આ કાર્યક્રમમાં સ્વર નિર્ભર શાળાના પ્રમુખ ડી.વી મહેતા સાહેબ, ન્યુ એરા સ્કૂલના સંચાલક અજયભાઈ પટેલ, અમદાવાદથી આવેલ આર્કિટેક તેમજ પર્યાવરણ વિજ્ઞય લોકેન્દ્ર બાલાસરીયા સાહેબ, ગીર ગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ઉપસ્થિત વક્તાઓ દ્વારા જળસંચય અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના જળસંચય વિભાગના એ.એમ.મિત્રા (સીટી એન્જીનીયર), કે.પી.દેથરીયા, એચ.એમ. છૈયા તથા એલ.આર. વિરમગામા ઉપસ્થિત રહેલ હતા. અહીં ઉલ્લેખનીય છે.સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ૧૦૦ શાળાઓ અને ૧૦૦૦૦ મકાનોના બોર રિચાર્જ કરવામાં આવનાર છે.

કોંગ્રેસ નેતા ઘોષણાપત્રમાં મહિલાઓને એક લાખ રૂપિયા આપવાની વાત કરી છે ત્યારે....

## એમપીમાં કોંગ્રેસના ઉમેદવારની ગજબ જાહેરાતઃ જેમને બે પત્ની છે તેમને બે લાખ રૂપિયા મળશે!

### કોંગ્રેસના ઉમેદવાર ભૂરિયાની જાહેરાત સામે ભાજપે ચૂંટણીપંચને ફરિયાદ કરી

રતલામ (મધ્યપ્રદેશ) તા.૧૦

અત્રેની લોકસભા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર કાંતિલાલ ભૂરિયાએ અજબ ગજબ નિવેદન આપતા રાજકીય ગરમી વધી ગઈ છે ત્યાં સુધી કે ભાજપે ચૂંટણીપંચને ફરિયાદ કરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વાત જાણે એમ છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે જાહેર કોંગ્રેસના ન્યાયપત્રનો ઉલ્લેખ કરતા મહાલક્ષ્મી યોજનાની વાત કરી હતી જે અંતર્ગત ગરીબ મહિલાઓના ખાતામાં એક લાખ રૂપિયા આપવાનો વાયદો કરાયો છે. એક રેલીને સંબોધતા ભૂરિયા એવું બોલી ગયા હતા કે જેમને બે પત્ની હશે તેમને બે લાખ રૂપિયા આપવામાં આવશે.ભૂરિયાએ કહ્યું હતું- ૧૩ મે એ કોંગ્રેસના નેતા, કાર્યકર્તા અને એક-એક માતા-બહેનોને આગળ લાવો અને આપણું જે ઘોષણાપત્ર છે કે દરેક મહિલાના ખાતામાં એક-એક લાખ રૂપિયા જમા થશે. બધા ઘરની મહિલાઓને એક-એક લાખ રૂપિયા મળશે, જો કે એ ખબર નથી કે જેમને બે પત્નીઓ છે તેમને બે લાખ મળશે! આમ કહીને ભૂરિયા હસવા લાગ્યા હતા. આ તકે કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વીજયસિંહ અને જીતુ પટવારી પણ હાજર હતા. પટવારીએ તો વળી ભૂરિયાની વાતને



સમર્થન કરતા કહ્યું હતું કે ભૂરિયાજીએ હમણા જે જાહેરાત કરી છે કે જેમને બે પત્ની છે તેમને બે લાખ મળશે.કોંગ્રેસ ઉમેદવાર ભૂરિયાની આ અજબ ગજબ જાહેરાત સામે ભાજપે કડકટિકા કરી છે. એમપીના ભાજપ પ્રવકતા નરેન્દ્ર સલુજાએ ચુંટણીપંચને કડક પગલા લેવાની માંગ કરી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૬૫-૨૬૧૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૧૫-૨૫૬૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૯૫-૧૭૨૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૪૫-૧૬૭૫ |
| પામોલીયન તેલ | ૧૪૮૦-૧૪૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૧૦-૧૫૩૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



### સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ) ૭૫૩૦૦(+૨૩૦૦)

ચાંદી ૮૭૦૦૦(+૨૨૫૦)